રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## સન્માનિત થતી 'લોકભારતી'

### 'રાષ્ટ્રમાતા કસ્તૂરબા ગાંધી સન્માન પારિતોષિક'



સ્થળ : ઉમરગામ

તારીખ : ૦૧-૦૪-૨૦૨૩, શનિવાર

વર્ષ: ૭૬ અંક : ૧૦ ૧૫ મે, ૨૦૨૩

# સન્માનિત થતી ‘લોકભારતી’

માતુશ્રી મીઠીબેન ટોકરશી શાહ પરિવાર વતી શ્રી મણિલાલ ગાલાના આયોજન-માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન અને સર્વોદયના ક્ષેત્રે કામ કરી રહેલા કર્મશીલોનાં ધર્મપત્નીઓને ’રાષ્ટ્રમાતા કસ્તૂરબા ગાંધી સન્માન પારિતોષિક’ એનાયત કરવાનો એક ઐતિહાસિક કાર્યક્રમ તા. ૦૧-૦૪-૨૦૨૩ના રોજ ઉમરગામ ખાતે સુપેરે સંપન્ન થયો.



શ્રી મણિલાલ ગાલા



ઉદ્‌ઘાટક-પ્રમુખ શ્રી ગફુરભાઈ બિલખિયા



ઉદ્‌ઘોષક: શ્રી વિશાલ ભાદાણી







શ્રીમતી સોનલબહેન ચૈતન્યભાઈ ભટ્ટનું અભિવાદન

# કોડિયું

વર્ષ : ૭૯ | મે : ૨૦૨૩ | અંક : ૧૦


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **નાસાની માનવ-કૉમ્પ્યુટર કેથેરિન જ્હોનસન**<br>મુનિ દવે | ...૪૨૩ |
| ૦૨ | **ભારતભૂમિની ઊર્જાવાન નારી : એમ. એસ. સુબ્બુલક્ષ્મી**<br>ટીના દોશી | ...૪૨૬ |
| ૦૩ | **શ્રીકૃષ્ણની શિક્ષણલીલા**<br>પારસકુમાર | ...૪૨૯ |
| ૦૪ | **માણસાઈથી સભર માણસ : ડૉ. શરદ ઠાકર**<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૪૩૧ |
| ૦૫ | **યુવાનોની માનસિકતા**<br>પ્રવીણચંદ્ર ઠક્કર | ...૪૩૪ |
| ૦૬ | **સમય : આપણને પકડી પોતે છટકી જતું તત્ત્વ**<br>સોનલ પરીખ | ...૪૩૭ |
| ૦૭ | **ભૂરી છત્રી**<br>રસ્કિન બૉન્ડ અનુ.: ડંકેશ ઓઝા | ...૪૪૦ |
| ૦૮ | **ગુજરાતી લેખનશૈલી**<br>ડૉ. બળવંતભાઈ તેજાણી | ...૪૪૩ |
| ૦૯ | **હું ગુજરાત છું...**<br>ડૉ. સંજય તલસાણીયા | ...૪૪૭ |
| ૧૦ | **પીએચ.ડી. અભ્યાસક્રમનો પ્રારંભ**<br>અંકુર મહિડા | ...૪૫૦ |
| ૧૧ | **એક ઐતિહાસિક કાર્યક્રમ**<br>વિશાલ ભાદાણી | ...૪૫૨ |
| ૧૨ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૪૫૫ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

**ના + આલમ + દા**

પ્રત્યક્ષ અને વૈધિક શિક્ષણની મર્યાદાઓ અને મુંજવણમાંથી પરોક્ષ અને અવૈધિક કેળવણીનો જન્મ થાય છે. દુનિયાભરના કેળવણીકારો જે આદર્શો સૂચવી રહ્યાં છે તેને વ્યવહારુ બનાવવા માટે દુનિયામાં ડેક્રોલી સ્કૂલ (બેલ્ઝીયમ), ડાલ્ટન (અમેરિકા), સમરહિલ (જર્મની), સ્ટુડિયો સ્કૂલ (ઇંગ્લેન્ડ)કાર્યરત છે તો ભારતમાં ઋષિ-વેલી (આંધ્રપ્રદેશ), શીક્ષાંતર (રાજસ્થાન), કનવું (કેરળ), શિષ્ય (મુંબઈ),આરંભ વોલ્ડ્રોફ (દિલ્લી), દીક્ષા (હૈદરાબાદ), ફ્યુચર સ્કૂલ (ઓરોવીલે), ધરુંવાડિયું (અમદાવાદ) લોકમીત્રા (ઢેઢુકી), વગેરે જેવા ૨૪૩ જેટલા કેળવણી-પ્રયોગો ભારતમાં છેલ્લાં ત્રણ-ચાર દાયકાથી સફળતાપૂર્વક મથે છે.

આવો જ એક વિશિષ્ટ પ્રયોગ એટલે નાલંદા (સુરત). ગુજરાતના સરકારી વહિવટી ક્ષેત્રે અને શિક્ષણના ક્ષેત્રે ગૌરવથી લઈ શકાય તેવું નામ એટલે પરમ પ્રિય ડૉ. નલિન પંડિત. મારા વહાલા પંડિતસાહેબના આગ્રહભર્યા નિમંત્રણથી અને આપણી લાડકીબહેન મંજુના હઠાગ્રહથી હું નાલંદા ગુરુકુળ વિદ્યાલયના સિલ્વર જ્યુબેલી કાર્યક્રમમાં પંડિતસાહેબના સથવારે ગયો. આખું વર્ષ આ ઉજવણી ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા જ વિવિધ કાર્યક્રમોથી ઉજવાશે.

૧૯૯૭-૯૮માં સુરત જેવા શહેરમાં સ્થપાયેલ આ શાળા પાસે ભૌતિક સુવિધાઓ કાંઈ નથી- પણ અહીં ચૈતન્યનો પાર નહીં. બે વીઘાના ભંગારીના પ્લોટ જેવું બધું આડું અવળું અને ભાંગ્યું-તૂટ્યું નજરે પડે! મેં કહ્યું ''શાળા ક્યાં છે?'' તો કહે ''આ જ છે!'' અહીં સુવિધા તો આટલા વર્ષે પણ કાંઈ નથી એમ કેમ? અદ્‌ભુત પ્રત્યુત્તર ''સુવિધા એટલે શિક્ષણ એવું અમે માનતા નથી!'' અહીં દર વર્ષે માત્ર ૧૫ વિદ્યાર્થીઓને જ પ્રવેશ અપાય છે. કુલ ૨૦૦થી વધારે સંખ્યા નહીં. ધો. ૧થી ૧૨ની શાળા પણ મારા બેટા બધા ભેગા થઈને ભણે. દરેક ધોરણના વર્ગખંડો અલગ નથી. વિષય પ્રમાણે થોડાક વર્ગખંડો કહેવા પૂરતા ખરા. ગણિત-વિજ્ઞાનના સાધનો જોડે ખંજરી અને ઢોલક પણ ખરા. એક ભાઈબંધ ત્રણેક માસ સુધી નિશાળે આવીને માટીના રમકડાંથી રમ્યો. સંચાલકે કહ્યું ભલે રમે. તેને ઈચ્છા થાય ત્યારે વર્ગખંડમાં જશે અને જે ભણવું હશે તે ભણશે. જે મૂલ્યો પર સમાજ જીવન ચાલે છે. ધીરજ અને ભરોસો અહીંનો પ્રાણવાયુ છે! સ્વતંત્રતા અને સર્જનાત્મક વલણોની કેળવણી એવી અપાય છે કે વિદ્યાર્થી ધો. ૭-૮માં આવે ત્યાં તેને શું બનવું છે કે તેને શેમાં રસ-રુચિ છે તેની સભાનતા કેળવાય જાય છે. આથી અહીં કોઈ ૭૦-૭૫ ટકાથી વધુ ૧૨માં ધોરણમાં મેળવતું નથી પણ જે બનવાની ઈચ્છા છે તે અવશ્ય બને છે. વિદ્યાર્થીઓ માર્કસમાં આગળ નથી પણ જીવનની પ્રસન્નતા મેળવવામાં ઘણા આગળ છે. Performance overtakes percentage! ભારતમાં જેનું આંખના યુવા ડૉકટરોમાં નામ છે તેવા ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. ભાવિને જણાવ્યું કે અહીં વિદ્યાર્થી સમૃદ્ધ નથી થતો પણ સમાજમાં અને પરિવારમાં સમરસ થાય છે. અહીં દરેક વિદ્યાર્થી પોતાની પેન્સિલ ખુદની કેડીએ પોતાની લીટી મોટી કરવા દોડી રહ્યો છે, કોઈની પણ લીટીને ખલેલ પહોંચાડ્યા વગર!

અમારો ઉતારો જે ઘરે હતો તે અત્યંત વિનયી ભૂતપૂર્વ વિદ્યાર્થી જયમીન પરીખએ માત્ર સુરતના જ નહીં પણ ગુજરાતના પ્રથમ કક્ષાના નાણા રોકાણકાર શ્રી મિલનભાઈ પરીખનો દીકરો. પોતે પણ અર્થશાસ્ત્રનો ભારે અભ્યાસુ અને ત્રણ માળની ઓફીસ ચલાવે છે. તેણે રાત્રે હાર્મોનિયમ પર ભજનો સંભળાવીને અમને ભાવવિભોર કર્યા. તેનો મોટોભાઈ તો વળી એક વર્ષ રહેમાન પાસે તાલીમ લઈ આવેલો!

કેમ્પસ પર એક વૃદ્ધ પીલુડી વટથી ક્લીઓપેટ્રાની જેમ આડી પડીને કોળાઈ રહી છે. મૂળમાં એ પીલુડીનું ઘટાદાર વૃક્ષ નાલંદાનું આસ્થા સ્થાન છે. બધાં તેની આસપાસ પોતાની ગમતી પ્રવૃત્તિ કરે. વાવાઝોડામાં પીલુડી પડી ગઈ, કોઈ સંજોગે ઊભી થાય તેમ ન જણાતાં તેને આડી જ પડી રહેવા દઈને બાળકોએ બહાર નીકળી ગયેલા મૂળને ઢાંક્યા અને પાણી પાયા કર્યું. પીલુડીના મૂળિયાં અને પાન બહાર સાગમટે દર્શન દે. આજે પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આવતાં-જતાં આ પીલુડીને પગે લાગતા જાય છે! પ્રકૃતિનું વળગણ માણસને શ્રદ્ધાવાન બનાવે છે એટલે જ પૂ. મોરારિ બાપુએ કહ્યું આપણે, 'વૃદ્ધો અને વૃક્ષોને સાચવવા જોઈએ.'

આવતા વર્ષોમાં આવડત વગરના વિદ્યાર્થીઓ સમાજમાં બેકાર ફરતાં હશે તે ભવિષ્ય સાચું પડે તેવી આજની શિક્ષણ પ્રણાલી છે. ઈઝરાયેલે ડંખ વગરની મધમાખી પેદા કરી છે તો આ નાલંદા જેવા શૈક્ષણિક પ્રયોગો ડંખ-વગરનાં માણસો પેદા કરશે એમાં કોઈ શંકા નથી.

ધો. ૧૦ અને ધો. ૧૨ની બોર્ડની પરીક્ષાઓ આપતા આ વિદ્યાર્થીઓ પોતાની મેળે તૈયાર થાય છે. ભાગીદારીથી એક બીજાને શીખવે છે. અભ્યાસક્રમ પ્રમાણે વર્ગો ચાલતા નથી. વચ્ચે કોઈ પરીક્ષાઓ લેવાતી નથી. માર્કસ કે કક્ષાથી મૂલ્યાંકન થતું નથી. માત્ર પ્રકૃત્તિ પ્રત્યેના આદરભાવથી નિજાનંદી કેળવણી લઈ રહ્યા છે. સવારથી સાંજ સુધીની ડે સ્કુલમાં સવારનો નાસ્તો અને બપોરનું ભોજન પણ વિદ્યાર્થીઓની સહિયારી ભાગીદારીથી તૈયાર થાય. અમે ભર બપોરે અઢી વાગે જોયું તો કોઈ તડકામાં રમતું હતું તો કોઈ રમકડાંથી રમતું હતું તો કોઈ ખંજરી વગાડી ગાતું હતું. અજાણ્યાને આંખે પાટો બાંધી દઈને લાવીએ તો તેને તો ગાંડાની જમાત જ લાગે! આ સ્કૂલના સ્થાપક-સંચાલક ૭૫ વર્ષિય સ્ફૂર્તિના ફુવારા સમાન આ. બંકિમભાઈ મહાગાંડા માણસ છે. અહીં વિષયો નહીં ઘટનાઓ અને ઈચ્છાઓ કેળવણીનું માધ્યમ છે. સ્પર્ધા, પરીક્ષા, શિક્ષા, દફતર, ટ્યુશન, લેશન વગેરેમાંના એક પણ અનિષ્ઠ નથી. સંગીત, કલા, સાહસ, રમત, નૃત્ય, નાટકો, પ્રયોગો ભરપૂર. બાવીસ શિક્ષકોનો સ્ટાફ છે. બધા યુવાન. મેં કહ્યું કે આને તાલીમ ક્યાં આપો છો? ફરી ઝટકો લાગે તેવો જવાબ- 'અમારા વિદ્યાર્થીઓ શિક્ષકોને તાલીમ આપીને તૈયાર કરે છે.'

'સંપૂર્ણ જીવનલક્ષી પ્રવૃત્તિ દ્વારા અપાતા આ શિક્ષણને પામેલા વિદ્યાર્થીઓના વાલીઓની રાત્રી બેઠક યોજાઈ. ખૂબ જ સ્થિતિ સંપન્ન વાલીઓને મળીને વળી વધારે જિજ્ઞાસા જન્મી. સુરતમાં આવા વાલીઓ પણ છે તેનું સુખદ આશ્ચર્ય થયું. વાર્તાલાપમાં મેં જણાવ્યું કે આવી શાળા ચલાવવા માટે ૫૬ ઈંચની છાતી જોઈએ પણ આવી શાળામાં છોકરાઓને મૂકનાર વાલીઓની તો ૫૮ ઈંચની છાતી જોઈએ! વાર્તાલાપે તો જમાવટ કરી. શ્રોતા અને અમે ઓળઘોળ! સાંજે સાત વાગે શરૂ થયેલ કાર્યક્રમ પ્રશ્નોત્તરી સાથે રાત્રે ૧૧ વાગે આયોજકે વટહુકમથી અટકાવ્યો. મેં અને પંડિત સાહેબે અણનમ રહીને સદીઓ ફટકારી; ભારે મોજ પડી ગઈ. યાદગાર ઘટના અમારા જીવનની બની.

શિક્ષણ સિવાયના તમામ ક્ષેત્રમાં આપણને અનેક વિકલ્પો મળે છે ત્યારે નાલંદા ગુરુકુળ વિદ્યાર્થીઓને વિશિષ્ઠ વિકલ્પો આપીને એ બાળકો સુંદર રીતે ખીલી શકે, ખૂલી શકે તેવું ભાવાવરણ રચ્યું છે. દેશની ૧૪.૮ લાખ શાળાઓમાંથી જો પાંચ-દસ પણ આવી થાય તો શિક્ષણજગતને મેળવણ મળી જાય. ઘણું જીવો નાલંદા! ના + આલમ + દા = અવિરત જ્ઞાન આપનાર!

## ૦૧ નાસાની માનવ-કોમ્પ્યુટર કેથેરિન જહોનસન

**મુનિ દવે**

---

(ગતાંકથી ચાલુ)

૨૬ ફેબ્રુઆરી ૨૦૨૦ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં એક આંતરરાષ્ટ્રીય સમાચાર હતા : 'નાસાની માનવ-કૉમ્પ્યૂટર કેથેરિન જહોનસનનું ૧૦૧ વર્ષની ઉંમરે અવસાન થયું.' ત્યારે પ્રશ્ન થયેલો કે કોણ હતી આ આફ્રિકન-અમેરિકન સ્ત્રી, જેના અવસાનની નોંધ નાસા અને આંતરરાષ્ટ્રીય સમાચારમાધ્યમોએ લીધી?

ઇન્ટરનેટ કહે છે કે તેનું IQ ૧૬૨ હતું, તે ઉત્તમ ગણિતજ્ઞ હતી. તેણે પહેલા સ-માનવ અવકાશયાનનો અને પહેલીવાર ચન્દ્ર પર ગયેલા એપોલો-૧૧નો જવાનો અને પાછા આવવાનો ચોક્કસ પથ નક્કી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવેલો. અવકાશયાત્રી ઉડ્યન કરતાં પહેલાં કૉમ્પ્યૂટરે આપેલા જવાબ કરતા કેથેરિને કરેલી ગણતરી બાદ આવેલા જવાબ પર વધુ વિશ્વાસ કરતા હતા. તેને અમેરિકાનો 'પ્રેસિડેન્શિયલ એવોર્ડ ઓફ ફ્રિડમ' મળેલો. અગત્યની વાત એ છે કે તેની ઉત્તમ પ્રતિભા યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ હતી. ચાલો તેને વિગતે ઓળખીએ.

ક્રેઓલા કેથેરિન કોલમેનનો જન્મ અમેરિકામાં ૨૬ ઓગસ્ટ ૧૯૧૮ના દિવસે થયો. તેના પિતા હોટેલમાં બેલ-મેન તરીકે નોકરી કરતા, સાથે કઠિયારા અને ખેડૂત પણ હતા. ૧૪ વર્ષે દરેક વિષયમાં સર્વોચ્ચ અંક મેળવી તેણે હાઈસ્કૂલ પૂરી કરી અને નિગ્રો માટેની કૉલેજમાં દાખલ થઈ. પહેલા વર્ષે તે ગણિતના તમામ અભ્યાસક્રમોમાં ઊંચા ગુણ સાથે પાસ થઈ. દરમ્યાન રસાયણશાસ્ત્રના અધ્યાપક જેમ્સ ગોબલે સાથે પરિચય થયો અને ૧૯૩૯માં તેઓ પરણી ગયાં. હવે તે કેથેરિન ગોબલે બની. સ્નાતક થયા બાદ તેણે વર્જિનિયાના મારિયાનમાં સરકારી શાળામાં શિક્ષક તરીકેની નોકરી મેળવી.

ગણિતમાં અનુસ્નાતક થવા કૉલેજમાં પ્રવેશ મેળવનારી તે પહેલી આફ્રિકન-અમેરિકન સ્ત્રી હતી. દરમિયાન તે એક દીકરીની માતા બની. ગણિતના રિસર્ચમાં કારકિર્દી બનાવવાની તેની ઈચ્છા કૌટુંબિક જવાબદારીને પ્રાધાન્ય આપવામાં અધૂરી રહી. જૂન ૧૯૫૩માં તે હેમ્પટન, વર્જિનિયામાં લાંગલી મેમોરિયલ એરોનોટિકલ લેબોરેટરીના Guidance and Navigation Departmentમાં જોડાઈ. ત્યાં વિવિધ પ્રકારનાં વિમાનોની ડિઝાઈન થતી હતી. કેથેરિનનું મુખ્ય કામ હતું અકસ્માત થયેલાં વિમાનના બ્લેકબોક્સની માહિતી વાંચવી, સમજવી, તેનું પૃથક્કરણ કરવું - જેના આધારે એન્જિનિયરો વિમાનની ડિઝાઈનમાં જરૂરી સુધારા કરી શકે - અને અન્ય ચોક્સાઈપૂર્ણ ગણિતીય ગણતરીઓ કરવાની.

બે અઠવાડિયામાં તેની બદલી એન્જિનિયરિંગ વિભાગમાં રિસર્ચ ટીમની મદદ માટે કરવામાં આવી. ટીમમાં મોટાભાગના પુરુષ એન્જિનિયરો અને વિજ્ઞાનીઓ એવા હતા કે જેમને સ્ત્રીઓ સાથે કામ કરવું ફાવતું નહીં-હીણતપતભર્યું લાગતું. મોટાભાગના વારેઘડીએ ફરી જનારા, તોછડા, ક્રોધી, અભિમાની અને આપખુદ હતા. રિસર્ચની સફળતા સંપીને, સાથે મળીને કામ કરવામાં હતી. કેથેરિન પાસે એવી અજબની વ્યવહારિક આવડત હતી કે જેને કારણે બધા સ્વભાવના લોકો સાથે તે સહજપણે ભળી જતી.

ઓફિસના દરવાજા બહાર કાળા ગોરાના ભેદ બહુ સ્પષ્ટ હતા. રહેવાનું, જમવાનું અલગ ભણવાનું, સામાજિક મિલનો જુદાં, પ્રાર્થના કરવાનાં સ્થળો, કામો જુદાં.

લાંગલીમાં આ સરહદો ઝાંખી હતી. છતાં કાળાઓનાં બાથરૂમો, ભોજનખંડો, પાણી અલગ હતાં. પણ તે સાથે હકીકત એ પણ હતી કે નિગ્રો લોકોને અહીં અભૂતપૂર્વ પ્રવેશ આપવામાં આવેલો.

કેથેરિન સમજતી કે રંગભેદમાં માનનારાઓની વર્તણૂંકો સુધારવાનો પ્રયાસ વ્યર્થ છે. પણ કેથેરિન અને તેના જેવા અન્ય નિગ્રો એક ઉપાય અજમાવતા - વ્યવસ્થિત કપડાં, વિવેકી ભાષા, દેશપ્રેમ અને હંમેશા ચુસ્ત રહેવું. કેથેરિન ગોબલેનો ઉછેર એવી રીતે થયેલો કે તેને સમાન સન્માન મળે, એટલું જ નહીં, પોતે પણ અન્યને સમાન સન્માન આપે.

આ વિભાગ અત્યંત મહત્ત્વનો અને શક્તિશાળી હતો. તે સંસ્થાનું મગજ કહેવાતો. પણ ત્યાંના પુરુષો હજુ જૂની માનસિકતા ધરાવતા તેથી તેઓ કેથેરિનને સરળ-સહેલી ગણતરી જ આપતા અને જે ડોક્યુમેન્ટ્સ આપે તેમાં અગત્યની માહિતીને કાળા રંગથી ઢાંકી દેતા. કેથેરિન પ્રકાશના સ્રોત સામે કાગળ રાખીને ઢાંકેલી માહિતી વાંચી લેતી. તેને કારણે તેણે બહુ ઝડપથી એવી ગણતરીઓ કરી એવો ઉકેલ શોધી આપ્યો કે જે માટે અગાઉનાં અવકાશ અભિયાન નિષ્ફળ થયેલાં. જ્યારે એન્જિનિયરોને આની જાણ થઈ ત્યારે તે કેથેરિનની આવડતને સમજી શક્યા. અમુકને તે રશિયાની જાસૂસ હોવાની શંકા ગઈ, પણ કેથેરિનના સાલસ વ્યક્તિત્વ અને વિશ્લેષણાત્મક ભૌમિતિક જ્ઞાનને કારણે તે તેના પુરુષ ઉપરીઓ અને પુરુષ સહકર્મચારીઓ સાથે સરસ ગોઠવાઈ ગઈ. ફ્લાઈટ રિસર્ચ વિભાગ જબરજસ્ત ઊર્જા, મુક્ત ચર્ચાવિચારણા, અને બહુ હોંશિયાર એન્જિનિયરોથી છલકાતો હતો. કેથેરિનનો પોતાના ગણિતજ્ઞાન બાબતનો આત્મવિશ્વાસ અને નવું જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા તેને એન્જિનિયરો સામે પ્રશ્નોનો મારો કરવા ઉશ્કેરતી રહેતી.

મહિનાઓ વીતતા ગયા. કેથેરિન ઓફિસમાં પોતાનું કામ નિરાંતે, સમયની દરકાર કર્યા વગર પૂરી ધગશથી કરતી. તેણે અન્ય એન્જિનિયરોની માફક શરૂઆતની કેટલીક મિનિટો છાપાં અને એરોનોટિક્સને લગતાં સામાયિકો વાંચવાની ટેવ પાડી હતી. 'એવિએશન વિક' એનું પ્રિય સામયિક હતું. એ તેનો નિયમિત અભ્યાસ કરતી અને તે ક્ષેત્રની નવી શોધો અને નવા વિચારોનો તેની પાસે ગણતરી માટે આવતા આંકડાઓના ધોધમાર પ્રવાહ સાથે મેળ બેસાડવા પ્રયાસ કરતી રહેતી.

કેથેરિનનો આત્મવિશ્વાસ અને તેના મનમાં ચાલતા વિચારોની જ્વલંત જ્યોતને અવગણવી તેની સાથેના ફ્લાઈટ રિસર્ચ વિભાગના સહકર્મીઓ માટે શક્ય નહોતી. તે બધાને બુદ્ધિશાળી મગજ સિવાય શેમાંયે રસ નહોતો અને કેથેરિન ગોબલેના માથામાં એ ભરપૂર માત્રામાં હતું. તેના સહકર્મીઓ તેનો પોતાનાં કામોમાં ભરપૂર ઉપયોગ કરતા. તેઓ બરાબર સમજતા કે કેથેરિનના પ્રશ્નો, ગણતરીઓ અને નવું જાણવા-સમજવાની ઉત્સુકતા તેમનું પોતાનું જ્ઞાન પણ વધારે છે અથવા વિશુદ્ધ કરે છે.

૧૯૫૬માં કેથેરિનના પતિ જેમ્સ ફ્રાન્સિસ ગોબલેનું બ્રેઈન ટ્યુમરને કારણે અવસાન થયું. નિગ્રો સમાજે યુવાન વિધવા અને તેની તરુણાવસ્થામાં આવેલી ત્રણ દીકરીઓને આશ્વાસન અને શક્ય આધાર આપ્યો. ગોબલે કન્યાઓ — જોયલેટ, કેથિ અને કોન્ની — તેમનાં માતા અને પિતા જેટલી જ સમર્પિત હતી. માતા અને પિતાની ભાગીદારી આમ અકાળે અને અચાનક તૂટી પડતા તેમનાં જીવન વેરવિખેર થઈ ગયાં.

પણ કેથેરિન એ નુકસાન અને તકલીફો સામે ઝૂકી જાય તેવી નહોતી. તે જોઈ શકતી હતી કે તે એવા રસ્તા પર હતી કે જ્યાંથી તે જીવનના ઉજ્જ્વળ વળાંક તરફ જઈ શકે તેમ છે. જિમીનું અવસાન એ તેના જીવનનો, સપનાંઓનો અંત નહોતો. જીવનના શરૂઆતના તબક્કામાં જે આવ્યું છે તે હવે ભવિષ્યમાં જે આવવાનું છે તેની સાથે જોડાઈ જશે.

આમ દીકરીઓ નિશાળે ગઈ અને કેથેરિન પોતાના કામે વળગી. તેના જીવનનો બીજો અધ્યાય શરૂ થયો.

રંગભેદ સામે લડવાની કેથેરિનની આગવી રીત હતી. તેણે રંગભેદ પર ક્યારેય ધ્યાન ન આપ્યું. તે પોતાના વિભાગના ગોરા પુરુષો સાથે કોઈ મહોરું પહેર્યા વગર જ, પોતે જેવી હતી તેવી રહી વર્તતી હતી. તે બહુ સહજપણે ગોરી સ્ત્રીઓના વોશરૂમનો ઉપયોગ કરતી. કોઈનું ખાસ ધ્યાન ન જતું. એટલી અપેક્ષા કેથેરિન રાખતી હતી કે તે જેની સાથે તે કામ કરતી હતી તે સાથી ગોરા એન્જિનિયરો, તેને - નિગ્રો સ્ત્રીને તેમના સમાન ગણે; તે સાથે જ તેની એ તૈયારી પણ હતી જ, કે તે પણ તેમને સમાન ગણે - તેમની બુદ્ધિમતાને માન્ય કરે, પોતાની જિજ્ઞાસા તેમના બરની રાખે, તેઓ પોતાની સાથે વ્યવસાયિક સંબંધ પણ એટલા જ ઔચિત્ય, આદર અને સદભાવની સમાન દૃષ્ટિથી રાખે, જેટલા તે રાખે છે. આ બાબત તેને આખરી સફળતા તરફ દોરી ગઈ.

ઓક્ટોબર ૧૯૫૭માં સમાચાર આવ્યા કે રશિયાએ સ્પુટનિક નામનો ઉપગ્રહ છોડ્યો છે, જે પૃથ્વીની આસપાસ દર ૯૮ મિનિટે એક પ્રદક્ષિણા કરશે. આ સમાચારે લાંગલી લેબમાં અને આખા અમેરિકામાં ખળભળાટ મચાવી દીધો. હવે લાંગલીમાં વિમાનને બદલે અવકાશયાનની પ્રાથમિકતા આવી ગઈ. લાંગલીની ટેકનિકલ લાઈબ્રેરીમાં વિમાન વિષે કદાચ વિશ્વમાં સૌથી વધુ સમૃદ્ધ એવી માહિતી હતી. પણ એન્જિનિયરોને માટે અવકાશયાન સમજવા માટેનાં ભાગ્યે જ કોઈ પુસ્તકો હતાં.

લાંગલીના એન્જિનિયરોએ કલ્પના કરવાની હતી, સચોટ માહિતી મેળવવાની હતી અને પ્રયોગો કરવાના હતા કે જ્યારે અવકાશયાન જમીન પરથી અવકાશમાં જાય ત્યારે તેણે વાયુના કેવા આવરણમાંથી પસાર થવું પડે, તેને પૃથ્વીના ગ્રહમાંથી બહાર નીકળતી વખતે ગુરુત્વાકર્ષણનું બળ કેવી અસર કરે, રોકેટ અવાજ કરતા વધુ ઝડપે જાય ત્યારે શું થાય અને એવું શા માટે થાય, તેવી જ રીતે પૃથ્વી પર પાછા ફરતી વખતે કયાં બળોનો સામનો કરવો પડે?

કેથેરિનનું મગજ પણ દોડવા માંડ્યું. તે તેની પાસેનાં વિમાનોની વિગતો વિષેના આંકડા, વિમાનના માનવયાત્રીઓ પર ઝડપ,અવાજ, આંચકાઓ વગેરેને કારણે થતી અસર વિષેના આંકડાઓને સમજવામાં અને તેનું પૃથક્કરણ કરવાના કામમાં મગ્ન થઈ ગઈ. તેની ઓફિસના એન્જિનિયરોમાં આ વિષેની સઘન ચર્ચાઓ, સંવાદો, પ્રવચનો, નિદર્શનો થવા લાગ્યાં. હવે કેથેરિન આ વિષયો, કે જેનો કયારેય પ્રયોગ નથી થયો, ક્યારેય ઉઘાડ નથી થયો, તેમાં સમગ્રપણે સામેલ થવા ઉત્સુક બની.

કેથેરિન જ્યારથી લાંગલી લેબના આ વિભાગમાં દાખલ થઈ ત્યારથી તેના કામ સાથે તેને પ્રેમ થઈ ગયેલો. હવે એન્જિનિયરો તેને વિવિધ નકશા, આલેખો અને સ્પેસ ટૅકનૉલૉજીને લગતાં સૂત્રો બનવવાનાં કામો સોંપવા માંડ્યા. આ બધાં કામો તેને પાછા તેના પ્રિય વિષય વિશ્લેષણાત્મક ભૂમિતિ તરફ લઈ ગયા. એન્જિનિયરો જે કહે તે કેથેરિન બહુ ધ્યાનપૂર્વક સાંભળતી, તે બધી વાતચીત કાગળમાં લખી રાખતી અને તે બાબતોને ધ્યાનમાં રાખી 'એવિએશન વિક' સામાયિક વાંચતી. તેને ખબર પડવા માંડી કે ખરું કામ તો પ્રવચનોમાં અને એડિટોરિયલ મિટિંગોમાં થતું હતું. પણ એ બધું તો બંધબારણે થતું હતું. ત્યાં એન્જિનિયરો તેમના શોધ-નિબંધો તૈયાર કરતા અને તેના પર ચર્ચાઓ કરતા. જેમ જેમ કેથેરિનનો સંપર્ક એન્જિનિયરો સાથે વધતો ગયો તેમ તેમ એડિટોરિયલ મિટિંગમાં જે થઈ રહ્યું હતું તેમાં તેની દિલચસ્પી વધતી ગઈ. આખા દેશની સરખામણીએ તો તે વિભાગની અંદરની યે અંદરની વ્યક્તિ હતી. તે પહેલી હારમાં બેઠેલી પ્રેક્ષક હતી, પણ તે એ મિટિંગના ઓરડાની નજીક હોવા છતાં તે અંદર પ્રવેશવા માટે બહારની વ્યક્તિ હતી.

ક્રમશ...

(મો. ૯૮૨૪૦૧૦૩૧૮)

## ૦૨ ભારતભૂમિની ઊર્જાવાન નારી : એમ. એસ. સુબ્બુલક્ષ્મી

**ટીના દોશી**

'સંગીતની રાણી', 'તપસ્વિની', 'સુસ્વરલક્ષ્મી', 'આઠમો સૂર' અને 'ભારતનું બુલબુલ'... આ પાંચેય વિશેષણો કોનાં નામ સાથે જોડાયેલાં એ જાણો છો ?

એમનું નામ મદુરાઈ ષણ્મુખાવડિવુ સુબ્બુલક્ષ્મી. એમ. એસ. સુબ્બુલક્ષ્મી તરીકે જાણીતાં શાસ્ત્રીય સંગીતનાં પ્રખ્યાત ગાયિકા. ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ સુબ્બુલક્ષ્મીને 'સંગીતની રાણી' કહીને બિરદાવેલાં. સ્વરસમ્રાજ્ઞી લતા મંગેશકરે સુબ્બુલક્ષ્મીને 'તપસ્વિની' કહીને સંબોધ્યાં, ઉસ્તાદ બડે ગુલામ અલી ખાંએ એમને 'સુસ્વરલક્ષ્મી' કહ્યાં અને કિશોરી આમોનકરે એમને 'આઠમો સૂર' કહીને નવાજેલાં. હિન્દુસ્તાનના બુલબુલ તરીકે ઓળખાતાં સરોજિની નાયડુએ સ્વયં સુબ્બુલક્ષ્મીને 'ભારતના બુલબુલ'નું બિરુદ આપેલું. તમિળવાસીઓ એમને 'કોકિલ ગાનમ' કહીને આદર આપે છે. મહાત્મા ગાંધીજીએ પણ સુબ્બુલક્ષ્મીના કોકિલ કંઠની પ્રશંસા કરતા કહેલું કે, 'બીજા કોઈનું પણ ગીત સાંભળવાને બદલે હું સુબ્બુલક્ષ્મીને સાંભળવાનું વધુ પસંદ કરીશ!'

આ સુબ્બુલક્ષ્મી શાસ્ત્રીય સંગીતની સાધના કરતાં કરતાં કર્ણાટક સંગીતનો પર્યાય બની ગયાં. સાત સૂરની આરાધના કરતાં કરતાં સુબ્બુલક્ષ્મી સ્વયં સંગીતનો આઠમો સૂર બની ગયાં. સંગીતસાધનાનાં સોપાન સુબ્બુલક્ષ્મીને શિખરે લઈ ગયાં. એમના મુકુટમાં મોરપીંછ ઉમેરાયું. ભારત સરકારે વર્ષ ૧૯૫૪માં પદ્મ પુરસ્કારોનો આરંભ કર્યો અને એમને કળાક્ષેત્રે પદ્મભૂષણથી સન્માનિત કર્યાં. પદ્મભૂષણ એ દેશનો તૃતીય સર્વોચ્ચ પુરસ્કાર ગણાય છે. કોઈપણ ક્ષેત્રમાં જેમણે પદ્મ પુરસ્કાર પ્રાપ્ત કર્યો હોય એવાં પ્રથમ મહિલા સુબ્બુલક્ષ્મી જ છે! વર્ષ ૧૯૫૪માં પદ્મ પારિતોષિક, અને તેય તૃતીય સર્વોચ્ચ પુરસ્કાર પદ્મભૂષણથી નવાજવામાં આવ્યાં હોય એવાં એક જ મહિલા હતાં. એ મહિલા એટલે સુબ્બુલક્ષ્મી!

આ સુબ્બુલક્ષ્મીનો જન્મ મંદિરોના નગર મદુરાઈમાં ૧૬ સપ્ટેમ્બર ૧૯૧૬માં થયો. તમિળનાડુના એક મંદિરમાં સુબ્બુલક્ષ્મીનો જન્મ થયો હોવાથી તે દેવનો પ્રસાદ ગણાઈ. દેવકન્યાના રૂપમાં એમને બાળપણમાં 'કુંજામ્મા'નું લાડકું સંબોધન કરાતું. પ્રખ્યાત મીનાક્ષી મંદિર નજીક જ એમનું ઘર આવેલું. કુંજામ્મામાં ભક્તિસંગીતનાં સંસ્કારનું આ જ વાતાવરણમાં સિંચન થયું. ગાયનવાદન વચ્ચે એમનો ઉછેર થયો. માતા ષણ્મુખાવડિવુ દેવદાસી પરંપરામાંથી આવેલાં. વિખ્યાત વીણાવાદક હતાં. રંગમંચ પર નિયમિતપણે કાર્યક્રમો કરતાં. નાનીમા અક્કામ્મલ વાયોલિન વાદક હતાં. આમ સંગીતનો વારસો બાળ કુંજામ્માને ગળથૂથીમાં જ મળેલો.

કુંજામ્મા સુબ્બુલક્ષ્મીએ આ વારસો સાંગોપાંગ આત્મસાત કર્યો. સંગીતમય વાતાવરણમાં એમનો ઉછેર થયો. માતા અને નાનીમા પાસેથી પ્રાપ્ત થયેલી સંગીતની વિરાસતને એમણે આગળ વધારી. બાળપણથી જ એ કર્ણાટક સંગીતની સાધનામાં પરોવાઈ ગયાં. કરાઈકુડી સાંબશિવ અય્યર, મહાવરયાનેન્દલ સુબ્રમા ભગવતાર અને અરિયાકુડી રામાનુજ આયંગર જેવા મહારથીઓ સાથેના સંવાદને પગલે સુબ્બુલક્ષ્મીનો સંગીતપ્રેમ રાતે ન વધે એટલો દિવસે ને દિવસે ન વધે એટલો રાતે વધવા લાગ્યો. એમણે સેમ્મનગુડી શ્રીનિવાસ અય્યર પાસેથી કર્ણાટક સંગીતની દીક્ષા ગ્રહણ કરી. ભારતીય સંગીતમાં પંડિત નારાયણરાવ વ્યાસને ગુરુ બનાવ્યા. પ્રસિદ્ધ ગાયિકા સિદ્ધેશ્વરીદેવી પાસેથી ઠુમરી શીખ્યાં. સંગીતની શિક્ષાદીક્ષા લીધા પછી સુબ્બુલક્ષ્મીએ માત્ર આઠ વર્ષની ઉંમરે કુંભકોણમના મહામહમ ઉત્સવમાં પહેલો સાર્વજનિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. એ સાથે જ તેમના જાહેર કાર્યક્રમોનો દોર શરૂ થયો. ત્યાર

બાદ સુબ્બુલક્ષ્મીના ભક્તિસંગીતનું પહેલું આલ્બમ બહાર પડ્યું. એ સમયે સુબ્બુલક્ષ્મીની ઉંમર હતી ફક્ત દસ વર્ષ!

અગિયાર વર્ષની ઉંમરે, ૧૯૨૭માં સુબ્બુલક્ષ્મીએ તમિળનાડુ ખાતે તિરુચિરાપલ્લીના રોકફોર્ટ મંદિરમાં ભક્તિ સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. ૨૭૩ ફૂટની ઊંચાઈએ આવેલા આ મંદિરના જે ખંડમાં કાર્યક્રમનું આયોજન કરાયેલું, તેમાં સો સ્તંભનું નિર્માણ થયેલું. ૧૯૨૯માં, તેર વર્ષની ઉંમરે સુબ્બુલક્ષ્મીએ મદ્રાસ સંગીત અકાદમીમાં ભક્તિ સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કર્યો. અકાદમીમાં પસંદગીની પ્રક્રિયામાં સ્ત્રીઓ પ્રત્યેનું પક્ષપાતી વલણ જાણીતું હતું, પણ સુબ્બુલક્ષ્મીના કિસ્સામાં અકાદમીએ પરંપરાનો ભંગ કર્યો. મુખ્ય કલાકાર તરીકે તેમણે સુબ્બુલક્ષ્મીને નિમંત્રણ આપ્યું. આમ જેમાં પુરુષોનો દબદબો હતો તેવા સમયમાં સુબ્બુલક્ષ્મીએ આ ક્ષેત્રમાં સૂરીલો પ્રવેશ કર્યો. સુબ્બુલક્ષ્મીની સંગીતસફરમાં આ એક યશકલગી હતી!

સુબ્બુલક્ષ્મીની સંગીતસફર સડસડાટ આગળ વધી. એમણે મદ્રાસ સંગીત અકાદમીમાં પ્રવેશ મેળવ્યો. એમની માતૃભાષા કન્નડ હતી, પણ એમણે કન્નડ ઉપરાંત તમિળ, મલયાલમ, તેલુગુ, સંસ્કૃત, હિન્દી, બંગાળી અને ગુજરાતી ભાષામાં પણ ગીતો ગાયાં. ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' ગાતાં ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ જતા. સુબ્બુલક્ષ્મીનાં પ્રખ્યાત ભજનોમાં મીનાક્ષી પંચરત્નમ, હનુમાનચાલીસા, ભજગોવિંદ, વિષ્ણુ સહસ્રનામ, વેંકટેશ્વર સુપ્રભાતમ અને મીરાંબાઈનાં ભજનોનો સમાવેશ થાય છે. ગાંધીજી કહેતા કે, સુબ્બુલક્ષ્મી મીરાંબાઈનું ભજન 'હરિ, તુમ હરો જન કી પીર' ગાવાને બદલે, માત્ર એના બોલ બોલે તો પણ એ અત્યંત સૂરીલું લાગશે.

સુબ્બુલક્ષ્મીએ સંગીતની સાથે જ અભિનય ક્ષેત્રે પણ મંડાણ કરેલું. એમણે ૨ મે ૧૯૩૮ના પ્રદર્શિત થયેલી 'સેવાસદન' ફિલ્મથી અભિનયમાં પગરણ કર્યાં. કે. સુબ્રમણ્યમના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મમાં સુબ્બુલક્ષ્મી અને એફ. જી. નાતેસા અય્યર મુખ્ય ભૂમિકામાં હતાં. ફિલ્મ મહાન સાહિત્યકાર પ્રેમચંદ લિખિત 'બઝારે હુસ્ન' પર આધારિત હતી. સમાજની સંમતિથી નાનકડી બાળાઓનાં મોટી ઉંમરના પુરુષો સાથે કરાતાં લગ્નમાં કન્યાએ વેઠવા પડતાં કષ્ટો અને પુરુષની મનોવેદનાનું અસરકારક ચિત્રણ ફિલ્મમાં કરાયું છે. સુબ્બુલક્ષ્મીએ આવા કજોડામાં પીડાતી અને પીસાતી કન્યાની વેદનાને કચકડે જીવંત કરેલી. સામાજિક સુધારા કરવાની જરૂરિયાત પર ભાર મૂકતી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ થયેલી અને સમીક્ષકોએ પણ વખાણેલી. 'સેવાસદમ્' તમિળ ફિલ્મ ઉદ્યોગ માટેનો મહત્ત્વપૂર્ણ વળાંક બની ગયેલી.

એ પછી પણ સુબ્બુલક્ષ્મીએ કેટલીક ફિલ્મોમાં કલાનાં કામણ પાથર્યાં. ૧૯૪૦માં 'શાકુંતલ'માં શકુંતલાનું પાત્ર ફિલ્મી પરદે ઉપસાવ્યું. ૧૯૪૧માં 'સાવિત્રી' ફિલ્મ આવી. 'સાવિત્રી'માં સુબ્બુલક્ષ્મીએ 'નારાયણ નારાયણ' કહીને ત્રણેય લોકનું ભ્રમણ કરતા નારદમુનિની ભૂમિકામાં જીવ રેડી દીધેલો. એ પછી ૧૯૪૫માં એમની યાદગાર ફિલ્મ 'ભક્ત મીરાં' આવી. આ ફિલ્મમાં સુબ્બુલક્ષ્મી નાયિકા પણ હતાં અને ગાયિકા પણ. સાક્ષાત મીરાંબાઈએ સુબ્બુલક્ષ્મીમાં પરકાયાપ્રવેશ કર્યો હોય એ હદે એમણે પાત્રને રૂપેરી પરદે સજીવન કર્યું. સુબ્બુલક્ષ્મીએ મીરાંબાઈની ભૂમિકા પણ ભજવેલી અને મીરાંબાઈનાં ભજનો પણ ગાયેલાં. સુબ્બુલક્ષ્મીએ ગાયેલું 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ' ખૂબ લોકપ્રિય થયેલું. એ પછી ૧૯૪૭માં 'મીરાંબાઈ' નામની હિન્દી ફિલ્મમાં અને ૧૯૪૭માં 'તલાઈ વાંગી અપૂર્વ ચિંતામણિ' ફિલ્મમાં અભિનયનાં ઓજસ પાથર્યાં. પરંતુ આ ફિલ્મો કર્યા પછી સુબ્બુલક્ષ્મીને સમજાયું કે પોતાનો ઝુકાવ સંગીત પ્રત્યે જ છે. એથી એમણે ફિલ્મોને તિલાંજલિ આપી અને સંગીતને ગળે લગાડ્યું.

સંગીતની આ સફર દરમિયાન સુબ્બુલક્ષ્મીને જીવનસફરનો સાથી પણ મળી ગયો. ૧૯૩૬માં સુબ્બુલક્ષ્મી સ્વતંત્રતા સેનાની સદાશિવમને મળ્યાં. ચાર વર્ષ બાદ

૧૯૪૦માં બન્નેએ પ્રભુતામાં પગલાં પાડ્યાં. લોઢાને પારસમણિ સ્પર્શે તો સુવર્ણ બની જાય, પણ પારસને પારસ સ્પર્શે ત્યારે થાય એવી અસર સુબ્બુલક્ષ્મીના સંગીત પર સદાશિવમ્‌ની થઈ. સામાન્યપણે પુરુષને પ્રતિભાશાળી પત્ની ખટકતી હોય છે, પણ સદાશિવમે સુબ્બુલક્ષ્મીની પ્રગતિમાં ઊંડો રસ લીધો. સુબ્બુલક્ષ્મીના સંગીતને ઘરની ચાર દીવાલોમાં કુંઠિત કરવાને બદલે એને દુનિયા સમક્ષ મૂક્યું. કર્ણાટક સંગીતને દેશદુનિયામાં ગૂંજતું કર્યું. સુબ્બુલક્ષ્મીની ખ્યાતિ ફૂલની સુગંધ પેઠે દૂરસુદૂર પ્રસરે એ માટે સદાશિવમે તમામ પ્રયત્નો કર્યા. સુબ્બુલક્ષ્મી ઉત્તમ ગાયિકા હતાં જ, સદાશિવમની છત્રછાયામાં સર્વોત્તમ ગાયિકા બન્યાં. સુબ્બુલક્ષ્મીએ પોતે સ્વીકાર્યું છે કે, પતિના માર્ગદર્શન અને સાથસહકાર વિના હું જે સ્થાને છું ત્યાં ન જ પહોંચી હોત..!

એ સ્થાન કાંઈ જેવુંતેવું નહોતું. સફળતાની સીડી ચડીને એ સ્થાને પહોંચવું એ તો કેટલાંયનું સ્વપ્ન હોય છે. એ સ્થાને પહોંચેલાં સુબ્બુલક્ષ્મી સાથે કેટલાક 'પ્રથમ' પણ જોડાયાં. પહેલું પ્રથમ એ કે પદ્મભૂષણ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય મહિલા બન્યાં. એ પછી સુબ્બુલક્ષ્મીને ૧૯૬૩માં એડનબરોમાં આયોજિત વિશ્વ સંગીત સમારોહમાં પહેલી વાર ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળી. ૧૯૬૬માં સંયુક્ત રાષ્ટ્રસંઘની સભામાં સંગીત કાર્યક્રમ પ્રસ્તુત કરનાર એ પ્રથમ ભારતીય બન્યાં. ૧૯૬૯માં રામેશ્વર સ્થિત રામાસ્વામી મંદિરની પ્રત્યેક મૂર્તિ સમક્ષ ભજન ગાયાં. ૧૯૭૪માં રેમન મેગ્સેસે પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય સંગીતજ્ઞ બન્યાં. ૧૯૮૨માં લંડનમાં રોયલ આલ્બર્ટ હોલમાં કાર્યક્રમ કર્યો. ૧૯૯૮માં એમને દેશના પ્રથમ સર્વોચ્ચ પુરસ્કાર ભારતરત્નથી નવાજવામાં આવ્યાં. સંગીત ક્ષેત્રમાં ભારતરત્ન પ્રાપ્ત કરનાર એ પ્રથમ મહિલા બન્યાં.

આટઆટલા સન્માનથી વિભૂષિત સુબ્બુલક્ષ્મી નામનો સંગીતનો સિતારો ૮૮ વર્ષની ઉંમરે ૧૧ ડિસેમ્બર ૨૦૦૪ના ખરી પડ્યો. ભારત સરકાર દ્વારા ૨૦૦૫માં સુબ્બુલક્ષ્મીના નામે પાંચ રૂપિયાની ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી. તિરુપતિ નગર વિકાસ મંડળ દ્વારા પૂર્ણકુંભમ સર્કલ પર નિર્મિત સુબ્બુલક્ષ્મીની કાંસ્યપ્રતિમાનું અનાવરણ આંધપ્રદેશનાં મુખ્યમંત્રી વાય.એસ. રાજશેખર રેડ્ડીએ ૨૮ મે ૨૦૦૬ના રોજ કર્યું. સુબ્બુલક્ષ્મી કેટલાક કાર્યક્રમોમાં ખાસ પ્રકારના વાદળી રંગની સાડી પહેરતાં તેને અનુલક્ષીને કાંચીપુરમની એ જ રંગની સિલ્કની સાડીનું એમ.એસ. બ્લુ એવું નામકરણ કરાયુ.

સુબ્બુલક્ષ્મીએ ફાની દુનિયાને અલવિદા કરી,પણ સંગીતપ્રેમીઓનાં હૃદયમાં એમનાં સૂર કાયમ ગુંજતા રહેશે! એટલું જ નહીં, પ્રથમ સર્વોચ્ચ સન્માન, દ્વિતીય સર્વોચ્ચ સન્માન અને તૃતીય સર્વોચ્ચ સન્માનથી પુરસ્કૃત એકમાત્ર મહિલા તરીકે પણ એમનું નામ સદાય આદરથી લેવાશે!

(મો. ૯૮૯૮૦૭૦૨૦૫)

**ખાલી થવું**

એક યુનિવર્સિટીનો અધ્યાપક ઝેન ગુરુ નાન-ઈન પાસે જઇ કહ્યું:

'મને ઝેન એટલે શું એ કહોને ?'

ત્યારે ગુરુએ ચુપચાપ ચા બનાવી કપમાં રેડવા માંડી.

કપ ચાથી ઊભરાઇ ગયો તો ય ગુરુ નાન-ઈન ચા રેડતા જ રહ્યા.

અધ્યાપકથી ન રહેવાયું. એણે કહ્યું:

'કપ ભરાઇ ગયો છે. હવે એમાં વધારે ચા સમાય તેમ નથી'

ગુરુ નાન-ઇનઃ 'દોસ્ત, આ કપની માફક તારું મન અભિપ્રાયો, અટકળો અને ધારણાઓથી ભરેલું છે.

તું કપને ખાલી ન કરે ત્યાં સુધી હું તને ઝેન એટલે શું કે બીજી વાતો કેમ સમજાવી શકું?'

## ૦૩ શ્રીકૃષ્ણની શિક્ષણલીલા

**પારસકુમાર**

ભગવાન શ્રીકૃષ્ણને શ્રાપ આપ્યા પછી એક મોડી રાત્રે માતા ગાંધારીએ કૃષ્ણને કુરુક્ષેત્રના રણમેદાનમાં બોલાવીને કહ્યું, 'હે માધવ! આ પૂર્વે મેં ક્યારેય ક્યાંય જોયું જ ના હોય એવું એક દ્રશ્ય તું મને અત્યારે અને અહીં જ દેખાડ!' કૃષ્ણએ એકપણ ક્ષણનો વિચાર કર્યા વિના માતા ગાંધારીની આંખ પરથી પટ્ટી હટાવીને પોતાની બંને આંખ પર ગાંધારીની પટ્ટી બાંધતા કહ્યું, 'આ પૂર્વે કૃષ્ણની આંખ પર ગાંધારીની પટ્ટીની બાંધવાની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય!' માતા ગાંધારીએ કૃષ્ણને આંખ પર પટ્ટી બાંધવાનું કારણ પૂછ્યું ત્યારે ભગવાન કૃષ્ણએ મધુર ગુંજારવ કરતાં જવાબ આપ્યો, 'હે મા ભારતી, કુરુક્ષેત્રમાં ધર્મનો જયઘોષ કરવા મેં પ્રત્યેક પળે આંખ પર પટ્ટી બાંધીને જ કર્મ કર્યું છે,મેં પાંડવ કે કૌરવનો પક્ષ લેવાને બદલે ધર્મનો પક્ષ લઈને જ કર્મ કર્યું છે.' કૃષ્ણની આંખ પરથી પોતાની પટ્ટી છોડતાં માતા ગાંધારી ધડકન ચૂકી ગયાં.

કોઈ કુમળી ક્ષણે આવેલો આ વિચાર ભલે પૂર્ણપણે મનોકલ્પિત હોય પણ કૃષ્ણને કેન્દ્રમાં રાખીને રચેલા કલ્પિત વિચારમાં શ્રીકૃષ્ણની શિક્ષણલીલાનું રહસ્ય સમાયેલું હોય છે. શ્રીકૃષ્ણની શિક્ષણલીલા એટલે ગીતા. ભગવાન શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રના શિક્ષક છે, ગુજરાતના શિક્ષકોએ આ ઉનાળું વેકેશન કુરુક્ષેત્રના શિક્ષક પાછળ ફાળવવાનું છે, વેકેશન ખૂલશે ત્યારે બાળકોને શાળામાં 'ગીતા' ભણાવવામાં આવશે, જે શિક્ષકે જીવનમાં એકપણ વાર 'ગીતા' વાંચી ન હોય તે શિક્ષકને 'ગીતા' ભણાવવાનો અધિકાર મળવો જ ન જોઈએ, શિક્ષકોએ કૃષ્ણ બનીને બાળકોને 'ગીતા' નથી શીખવવાની પણ અર્જુન બનીને બાળકોને 'ગીતા' કેમ શીખવી એ વિષે વેકેશનમાં તૈયારી કરવાની છે, શિક્ષક કૃષ્ણ બનીને કૃષ્ણને ન પામી શકે, કૃષ્ણને પામવા શિક્ષકે પણ અર્જુન જ બનવું પડે.

કોઈ શિક્ષક 'ગીતા' વાંચ્યા પછી પોતાનાં અધૂરા જ્ઞાનની ધાર કાઢવા અધીરો બનશે ત્યારે ક્લાસમાં પળે પળે કુંજવિહારી કૃષ્ણની હાજરી વર્તાશે. વેકેશનમાં બાળકના હાથમાં 'ગીતા'નું ભાષ્ય મૂકવાની ભૂલ કરવી જોઈએ જ નહીં. એકવીસમી સદીમાં શ્રીકૃષ્ણના હાથમાં કેટલાક દિગ્ગજ વિદ્વાનોનું ભારેખમ ભાષ્ય મૂકવામાં આવે તો સ્વયં શ્રીકૃષ્ણ ભાષ્ય વાંચતાવેંત અર્જુનની જેમ વિષાદયોગમાં સરી પડે. 'ગીતા' માત્ર વિદ્વાનોનો ગ્રંથ નથી, યુવાનોનો ગ્રંથ છે, બાળકોનો ગ્રંથ છે, આ વેકેશન 'ગીતા'ને નવી નજરે સમજવાનું વેકેશન છે, શિક્ષકોએ આ ઉનાળું વેકેશન 'ગીતા'ને પામવા માટે ફાળવવું જોઈએ, કેમ કે શિક્ષકના હાથમાં 'ગીતા' ગોઠવાશે ત્યારે જ વર્ગખંડની દરેક પાટલી પરથી ગાંડીવનો ટંકાર સંભળાશે. શિક્ષકની નસેનસમાં 'ગીતા' વહેવા લાગશે ત્યારે નિશાળના મેદાનમાં કોઈ વિદ્યાર્થીએ અર્જુનની જેમ નિરાશ થઈને નહીં બેસવું પડે. શ્રીકૃષ્ણની 'ગીતા' એટલે જ શિક્ષણની 'ગીતા'. યુગે યુગે દેવકીનંદન જ એજ્યુકેશન ગોડ બની શકે. શ્રીકૃષ્ણની શિક્ષણલીલા પણ મધુર મધુર!

ભગવાન શ્રીકૃષ્ણને શાસન નહીં પણ શિક્ષણ જ પસંદ છે. કંસનો વધ કરીને કૃષ્ણ મથુરાના રાજવી બનવાને બદલે ઉજ્જૈનમાં ઋષિ સાંદીપનિના વિદ્યાર્થી બનવાનું પસંદ કરે છે. ખરેખર કૃષ્ણમ વંદે જગદગુરુમ. દેશના દરેક શિવ મંદિરમાં નંદી બેઠેલો જોવા મળે પણ ઉજ્જૈન પ્રવાસ વખતે સાંદીપનિ ઋષિના આશ્રમમાં નંદી ઊભો જોવા મળેલો. ભગવાન શ્રીકૃષ્ણ સાંદીપનિ ઋષિના આશ્રમમાં ભણવા આવ્યા ત્યારે દેવતા શ્રીકૃષ્ણનું શિષ્ય સ્વરૂપ જોવા સ્વર્ગમાંથી દેવો દોડી આવ્યાં. આશ્રમના મંદિરમાં બેઠેલો નંદી પણ ઉત્સાહમાં ઊભો થઈ ગયો. કૃષ્ણ સિંહાસન ત્યાગી શકે તો પછી નંદી આસન  તો ત્યાગી જ શકે. દેવતાઓને મન

કૃષ્ણના વિરાટ સ્વરૂપ કરતાં શિષ્ય સ્વરૂપનું વિસ્મય વધારે હતું. એકવીસમી સદીમાં શ્રીકૃષ્ણ જ એજ્યુકેશન લીલા કરી શકે. દરેક શિક્ષકના ટેરવે 'ગીતા' ગોઠવાશે ત્યારે બાળકોને વર્ગખંડમાં બ્રહ્માંડ દેખાશે.

શિક્ષક વર્ગખંડમાં મહાકવિ ભારવિ, વિજ્ઞાની કેપ્લર કે કાલેલકરનો દૂત બનીને દાખલ થતો હોય છે. દૂતના ચહેરા પર સાદ શોભે વિષાદ નહીં, આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદ અને શ્રીકૃષ્ણના સંભવામિ યુગે યુગેની ગલીમાં લટાર તો મારી જુઓ, ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ અને કૃષ્ણના યદા યદા હી ધર્મસ્યના ધોરીમાર્ગ પર પગ તો મૂકી જુઓ, ન્યૂટનના ગુરુત્વાકર્ષણના નિયમ અને કૃષ્ણના કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન શ્લોક વચ્ચે ચપટીક સામ્યતા તો કાઢી જુઓ! મોજ પડશે મોજ!

હિન્દુસ્તાનમાં દરેક વર્ગખંડમાંથી ભલે કૃષ્ણ જેવા શિક્ષક અને અર્જુન જેવા વિદ્યાર્થી ન મળે પણ કોઈ નિશાળિયો શામળિયો બનીને સુદામાને ભેટવા દોડી પડે તોય ઘણું! અર્જુનના મનમાં જન્મેલા અવઢવનું આરોહણ કૃષ્ણ જ કરી શકે, કૃષ્ણ જ ડગ્યા વિના કહી શકે કેઃ 'તું બધું ભૂલીને, ભયરહિત થઈને મારા શરણે આવ.' અર્જુન શરણે આવવા તૈયાર છે પણ બધું જ ભૂલીને ઝટ દઈને શસ્ત્ર ઉપાડવા તૈયાર નથી, કુરુસભામાં નિઃસહાય બનેલી દ્રૌપદી એક હાથે સાડી પકડીને માધવને બોલાવે છે પણ માધવ આવતા નથી, પરંતુ દ્રૌપદી બધું ભૂલીને ભયરહિત બનીને બે હાથ જોડીને ગોવિંદનું સ્મરણ કરે છે ત્યારે શ્રીકૃષ્ણ ક્ષણનોય વિલંબ કર્યા વિના દ્રોપદીના ચીર પૂરે છે, કૃષ્ણ દ્રવ્યયજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞને શ્રેષ્ઠ ગણે છે, કૃષ્ણ જ્ઞાનને અંતિમ સત્ય માને છે, પણ કુરુસભામાં જુગારી યુધિષ્ઠિર જ્ઞાન ભૂલીને ધનને અંતિમ સત્ય માને ત્યારે દ્રૌપદીના વસ્ત્રહરણ પછી જુગારી ધર્મરાજ ફરી પાછા જુગાર રમે અને જુગારમાં ફરી પાછા બધું હારે!

કુરુક્ષેત્રમાં શસ્ત્ર ન ઉપાડવું એ કૃષ્ણની પ્રતિજ્ઞા હતી, પણ કુરુક્ષેત્રમાં 'કૃષ્ણત્વ' ક્યારેય ન છોડવું એ સ્વયં શ્રીકૃષ્ણએ પોતાને આપેલી આજ્ઞા હતી. કૃષ્ણ પોતાની જાતને આજ્ઞા જ આપી શકે, પ્રતિજ્ઞા નહીં. પ્રતિજ્ઞા કરતા પ્રાર્થના કૃષ્ણના હૃદય સુધી જલદી પહોંચે છે. કૃષ્ણએ ક્યારેય અર્જુનને પ્રતિજ્ઞા તોડવા આજ્ઞા કરી નથી, અર્જુનની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ખુદને આજ્ઞા આપે તેનું નામ કૃષ્ણ! શિક્ષકો આ વેકેશન 'ગીતા'નું રસપાન કરવા ફાળવે તેવી પ્રાર્થના!

(મો. ૯૮૨૫૯૯૬૫૩૯)

**ભૂતકાળનો ભાર**

ઓશોને એક સાધુએ કહ્યું :-

'મેં સાધુ બનવા માટે લાખો રૂપિયાને લાત મારી દીધી છે.'

ઓશોઃ ' આ લાત કયારે મારી ?'

સાધુએ કહ્યું : 'આશરે વીસ, ત્રીસ વર્ષ થઈ ગયાં હશે.'

સાંભળી ઓશો બોલ્યાઃ

' લાત બરાબર વાગી નથી. નહીંતર ત્રીસ વર્ષો સુધી તેનું સ્મરણ રાખવાની જરૂર નહોતી. જો ખરેખર લાત વાગી ગઈ હોત તો કહેવા અને જણાવવાનું પણ કાઈ કારણ નહોતું, પરંતુ લાત વાગી નથી. રૂપિયા ભલે જતા રહ્યા પરંતુ લાત વાગી શકી નથી. બધું ત્યાંનું ત્યાં ઊભું છે.'

**આવકાર**

ગુણવંત શાહ પોતાને એક સવાલ કરે છેઃ 'આપણી પૃથિવી ખરેખર રહેવાલાયક કયારે બનશે ?'

ગુણવંત શાહ : ' જયારે પ્રત્યેક મનુષ્યને વી.આઇ.પી.નું સ્ટેટસ મળશે ત્યારે. પ્રત્યેક ભૂમિપુત્ર વી.આઇ.પી. છે.'

## ૦૪ માણસાઈથી સભર માણસ : ડો. શરદ ઠાકર

**ડો. દિનુ ચુડાસમા**

---

માનવીય દષ્ટિકોણને જીવતા માણસ તરીકે તેમની ખ્યાતિ છે. પોતાનો તબીબી વ્યવસાયિક અભિગમ અખિલાઈપૂર્વક જીવે છે. એમના લેખોમાં જીવાતા, યથાર્થલક્ષી જીવનની જીવંત અને કલાત્મક અભિવ્યકિત હોવાથી ગુજરાતના વાચકોમાં સૌથી લોકપ્રિય છે. કહો કે, ગુજરાતીમાં લેખન કરતા લેખકોમાં અમિતાભ બચ્ચન છે. ઉત્તમ વકતા, સર્વોત્તમ સંચાલક, મેધાવી ડૉકટર, માયાળુ ઇન્સાન, જૂની ફિલ્મી ગીતોના રસિયા છે. અમદાવાદમાં રહે અને છતાં ગામડું હૈયાવગું રાખે છે. નજીવી તબીબી સારવાર-ફી લેતા અને જરૂરિયાતમંદ દર્દીઓને સ્વખર્ચે સારવાર આપી તંદુરસ્ત સ્વાસ્થ્ય આપવાની જીદ રાખનારા માડુ એટલે ડૉ. શરદ ઠાકર. સફળતા મળી છતાં નિરાભિમાની એવા સંવેદના, સેવા અને સંવાદના માણસ છે.

આવો મળીએ આજકાલ જાત ભણીની જાત્રામાં નિમગ્ન, આધ્યાત્મિક ઈન્સાન ડૉ.શરદ ઠાકરને.

સાંપ્રતમાં દિવ્ય ભાસ્કરની રવિવારની પૂર્તિમાં 'રણમાં ખીલ્યું ગુલાબ', અને બુધવારની 'કળશ' પૂર્તિમાં આવતી કટાર 'ડૉકટરની ડાયરી' ખૂબ લોકપ્રિયતાને વરી છે. ગુજરાત સમાચારમાં વર્ષો સુધી આ કોલમ આવેલી વાચકોએ લેખોનું ભાવન કરી અઢળક વહાલ આપેલ. એ પછી દિવ્ય ભાસ્કર દૈનિકમાં ઉપરોકત બંને કોલમે સ્થાન લીધું છે. એમની કટારમાં ઉજાગર થતા વહાલ, વેદના, દુનિયાદારી, ભવાટવિના રંગોને આત્મસાત કરતા રહી ગુજરાતી વાચકોએ આ મેઘધનુષી સર્જકને માથે મૂકયા છે. એમનાં ૭૦ પુસ્તકો પ્રકાશિત થયાં છે જેમાં 'ડૉકટરની ડાયરી ભાગ ૧ થી ૪', 'રણમાં ખીલ્યું ગુલાબ' ભાગ ૧ થી ૪' બેસ્ટ સેલર થયા છે. અને 'મને વરસાદ ભીંજવે', 'સાત દરિયા સ્નેહના', 'શ્વાસ વિશ્વાસ', 'સજનવા', 'આંસુનું સરનામું', 'માણસ નામે ટહુકો', 'સિંહપુરુષ' વીર સાવરકરના જીવન ઉપરની કૃતિ આપે છે. તેઓશ્રી ગુજરાતના વાચકોના હૈયાવગા, લોકાભિમુખ અને સમાજાભિમુખ લેખક છે.

ડૉકટર શરદભાઈ ૪૫ વર્ષથી ગળામાં સ્ટેસ્થોસ્કોપ પહેરી સ્ત્રીરોગના નિષ્ણાત તરીકે સફળ રહ્યા છે. લાખો બહેનોના શારિરીક અને માનસિક દર્દને દૂર કરવામાં તેમણે પોતાની હોસ્પિટલમાં ખૂબ કાર્ય કર્યું છે અને હજુ પણ ખડેપગે સારવાર આપે છે.ડૉકટર શરદ ઠાકરે આ વ્યવસાયને ગરિમા બક્ષી છે.

૩૦ વર્ષથી હાથમાં કલમ ગ્રહી અનન્ય કેડી કંડારી આપનારા સર્જકના હાથમાં જાદુ છે. એ પછી માણસના રોગની સારવાર હોય તો પણ સારું થઈ જાય છે. અને કાગળ પર લખે તો માણસ ઓગળી જાય એવી કળાત્મકતા દાખવે છે. એમની સર્જનાત્મક કૃતિઓમાંથી પસાર થઈએ તો અધિક ગમવા લાગે છે. પ્રત્યક્ષ મળતાં, સમજણ અને સંવાદનો સેતુ રચતા ડૉ.શરદ ઠાકરનું વ્યકિતત્વ માણસાઈથી સભર અનુભવાય છે.

શરદભાઈ ઈ.સ.૧૯૭૭માં જામનગરની મેડીકલ કૉલેજમાંથી એમ.બી.બી.એસ. થયા અને 'ડૉકટર'ની ઉપાધિ મેળવ્યા પછી ત્રણ વર્ષે એમ.ડી. ગાયનેકોલોજિસ્ટની ઉપાધિ મેળવી હતી. સ્ત્રીરોગ નિષ્ણાત તરીકે કાર્યદક્ષતા સાબિત કરી. એમની તબીબી સારવાર માત્ર હોસ્પિટલ પૂરતી મર્યાદિત રહી નહીં પરંતુ એક લેખક તરીકે પણ કલમ ચલાવી લોકપ્રિય બન્યા પછી અનેક સંસ્થાઓને પણ તેમણે આર્થિક રીતે તંદુરસ્ત કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પોતાની લોકપ્રિયતાને

માનવસેવામાં રૂપાંતરિત કરી કેટલીયે માનવતાવાદી, સામાજિક પ્રતિબદ્ધતાને વરેલી સંસ્થાઓ વિશે લેખમાળા ચલાવી લંગડાતી સંસ્થાઓને દોડતી કરી આપી છે. ગરીબ દર્દીઓના ખર્ચાળ રોગોના ઇલાજ માટે, અનાથાલયો કે આદિવાસી વિસ્તારોમાં આવેલી સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓની સદ્ધરતા માટે પોતાની ઉપરોક્ત કટારમાં માત્ર સંકેત આપે ત્યાં તો એમના વાચકો હૂંડીને છલકાવી આપે છે. કયારેય એમને આ બાબતે નિરાશા મળી નથી કારણકે શરદભાઈ બીજા લોકોના ભલા માટે પ્રાર્થના કરનારા સાધક જીવ છે. શરદભાઈએ લખ્યું હોય તે સંસ્થાની નાણાની ઝોળી છલકાઈ જાય એવું બને છે.

હાજીપુરની અપંગ દીકરીઓની સંસ્થા 'મંથન', ડૉ.ભરત ભગતની સંસ્થા 'પોલિયો ફાઉન્ડેશન', અનુબહેન ઠક્કરની ગોરજ મુકામે શ્વસતી સંસ્થા 'શ્રી મુનિ સેવાશ્રમ' અમદાવાદમાં પૂ.મોરારિબાપુએ જેમના માટે કથામૃત પીરસ્યુ હતું તે ડૉ.એચ.એલ ત્રિવેદી દ્વારા સ્થાપિત 'કિડની ઇન્સ્ટિટયૂટ અમદાવાદ' વિશે પ્રથમ વખત શરદભાઈએ પોતાની કટારમાં ૩૦ લેખો લખી, મૂળ ઉદ્દેશ ભાવકોને, વાચકોને પીરસી અત્યાર સુધીમાં ૬ કરોડ રૂપિયા મેળવી આપ્યા છે. ઉપરાંત કોઈ પણ સમયે 'કિડની ઇન્સ્ટિટયૂટ'ના કામ સંદર્ભે ત્રિવેદી સાહેબનો સાદ પડે કે શીઘ્ર શરદભાઈ મારતી ગાડીએ હાજર થઈ જતા. હવે તો ત્રિવેદીસાહેબ નથી પણ શરદભાઈ શ્રદ્ધાપૂર્વક કાર્યરત છે. શરદભાઈએ 'અભિયાન' સાપ્તાહિકમાં 'એકલો જાને રે' નવલકથા 'કિડની ઇન્સ્ટિટયૂટ'ના સ્થાપક ડૉ.એચ.એલ ત્રિવેદી ઉપર લખી છે. શ્વેતવસ્ત્ર સંન્યાસી ડૉકટરના જીવનકાર્યની વાત સાહિત્યિક રીતે ભાવકસુધી લઈ ગયા છે. ઉપરાંત સુરેશ સોનીની કૃષ્ઠરોગીઓને સારવાર આપતી સંસ્થા. વાલ્મિકી આશ્રમ- રાજપીપળામાં આદિવાસી માનવોના ઉદ્ધાર માટે કાર્યરત માનવતાવાદી સંસ્થાઓ વિશે શરદભાઈ પ્રતિબદ્ધતાથી કર્મશીલ બની આર્થિક સહયોગ અપાવ્યો છે.

મેડીકલ ક્ષેત્રના માણસ સાહિત્યસર્જક હોય એવી ઘટનાઓ વિશ્વસાહિત્યમાં છે. ડૉ.એન્ટન ચેખવ રશિયાના લોકોના શારિરીક રોગના નિદાનકર્તા તબીબ હતા. સમય જતા સમાજનું નિદાન કરતી વાર્તાઓનું સર્જન કરી સર્ગશકિત ઉજાગર કરી હતી. ગુજરાતી સાહિત્યમાં ડૉ.જયંત ખત્રીએ સંઘેડાઉતાર નવલિકાઓ આપી હતી. ડૉ.શરદ ઠાકર ખુદના વ્યવસાયનું ગૌરવ સાચવી રાખ્યું છે. તબીબીશાખાના વૈશ્વિક સંશોધનનો અભ્યાસ કરતા રહી. ડૉકટર તરીકે સફળ થયા છે. એમની વ્યવસાયિક સફળતાને માનવતાનો સંસ્પર્શ થયો હોવાથી એમનું જીવન સાર્થક હોવાની અનુભૂતિ થયા કરે છે.

લેખક તરીકે શરદભાઈની લેખનશૈલી વાચકને પોતાના કરી લેનારી છે. કથાની માંડણી એટલી જીવંત હોય કે પાત્રો જાણે કે વાચક સાથે વાત માંડે છે. પરિવેશ રચાય તેમાં વાચકને આવકાર આપે, સંવાદમાં પાત્ર ઉપરાંત આપણું ભીતર ઉજાગર થાય, લેખની ભાષા તરફ મમત જાગે, કૃતિનો આરંભ અને અંત આવતા સમય વિસરાઈ જાય.દર્શન સાથે નિજાનંદની અનુભૂતિ થાય. ભાવક એને જાણે, માણે, મૌજમાં મહાલે છે.સર્જક તરીકે આ પ્રકારનાં કૃતિગત પરિમાણો હોવાથી શરદ ઠાકર સાંપ્રતમાં લોકપ્રિય લેખક છે.

શરદભાઈને મળી મેં પૂછયું:

'આપ,ડૉકટર બની દર્દીઓ, રોગ, દવા, સારવાર કરતા કરતા લેખનક્ષેત્રે કેમ આવી ચડયા?'

શરદભાઈ: '૧૯૭૩ના જુલાઈ માસની એક વરસાદી સાંજે 'ગુજરાત સમાચાર'ના યુવાન સૂત્રધાર શ્રી નિર્મમભાઈ શાહને મળવાનું થયું એ ક્ષણ મારી જિંદગી માટે યુ-ટર્નની હતી. માંડ પંદર મિનિટ ચાલેલી એ મુલાકાત બહુ નજીકના ભવિષ્યમાં મને અને મારા લખાણને કરોડો વાચકો સુધી લઈ જવાની હતી. મિત્ર ભીખેશ ભટ્ટ આમાં નિમિત્ત બન્યા. મૂળ તો અમારી મુલાકાત આરોગ્ય વિષયક કટાર સંબંધી હતી, પણ વાતચીતની ગાયના આંચળમાંથી દૂધને બદલે

બીજી કોલમ જ નીકળી. 'ડૉક્ટરની ડાયરી' એ પછી 'રણમાં ખીલ્યું ગુલાબ' અને પછી તો લખાતું ગયું અને વાચકોના હ્રદયમાં ઝીલાતું ગયું.'

શરદભાઈનો અવાજ મુલામય અને સંવેદનાને ઉજાગર કરતો છે. એમના અવાજમાં રહેલા સત્ત્વને અનુભવતા મારાથી પૂછાયું:

'શરદભાઈ, વાચકો તરફથી તમને અઢળક વહાલ મળ્યું અને મળે છે. આપ, એ વિશે કંઈક કહોને?'

'દિનુભાઈ, વાચકો તરફથી મળેલા પ્રતિસાદના આ ધોધમાર વરસાદને હું નતમસ્તકે અને ભીની આંખે ઝીલું છું 'ડૉક્ટરની ડાયરી' ને મેં ક્યારેય 'ડૉ.શરદ ઠાકરની ડાયરી' બનવા નથી દીધી. શબ્દોએ જો દીર્ઘાયુષી બનવું હોય તો એમણે સ્વાર્થી બનવું પોસાય નહીં, એમણે સાર્વજનિક જ બનવું પડે. અને માટે જ મેં ગુજરાતના અન્ય તબીબોના અંગત અનુભવને પણ મારી કટારમાં લખ્યાં છે. આજના સ્પર્ધાત્મક યુગમાં તબીબોના ધંધાદારી માનસ પરત્વે સામાન્ય પ્રજાનાં હ્રદયમાં જે આક્રોશ પ્રવર્તી રહ્યો છે, એને મેં કાગળ ઉપર એક શાલીન વાચા આપી છે. સામે પક્ષે ડૉક્ટરોએ પણ અણસમજુ દરદીઓ માટે કંઈક કહેવાનું હતું. મેં એમને પણ એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું.'

દિનુભાઈ: શરદભાઈ, અત્યાર સુધીમાં આપની કોલમ દ્વારા કોઈ યાદગાર ક્ષણ કઈ ગણો છો ?

શરદભાઈ: દિનુભાઈ, અદિતિ નામની થેલેસેમિયાથી પીડાતી અઢી વરસની બાળકીનું વેલોર ખાતે બોન-મેરો ટ્રાન્સપ્લાન્ટનું સફળ ઓપરેશન થઈ શક્યું.'

'શરદભાઈ,હવે કોઈ ગમતું કામ કરવાનું બાકી છે?'

'હા, છે! દિનુભાઈ, મારે દેશીકુળની ગાયોના સંવર્ધન માટે, ગૌરક્ષા માટે પણ કાર્યરત થવું છે.'

શરદભાઈની કટારમાં શીર્ષક તરીકે કથાનકને ઉઘાડ આપે એવી કલાત્મક કાવ્યપંક્તિઓનો વિનિયોગ તેમની વિશેષતા છે. તેને તેઓ પોતાના લેખનો મુગટમણિ કહી નવાજે છે. તો મને પણ શરદભાઈના સંવેદનશીલ માણસની અનુભૂતિ થઈ તેથી કવિ ગૌરાંગ ઠાકરની પંક્તિઓ તેમના માટે પ્રયોજવાનું મન થયું છે. તમે પણ મોજથી માણો, હ્રદયથી જીવો.

'ચાલને માણસમાં થોડું વહાલ વાવી જોઈએ;
ને પછીથી વાડ થઈ વેલા ટકાવી જોઈએ.'

માણસમાં વહાલ વાવી એના મીઠાં ફળો માનવસમાજને મળે એ માટે શ્રદ્ધાપૂર્વક યજ્ઞકર્મ કરનારા માણસ ડૉ.શરદ ઠાકરને સલામ.

(ગાંધીભારતી કેન્દ્ર, લોકભારતી સણોસરા, મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**પ્રામાણિકતા**

હજરત અલી ખલીફા રોજ રાતે રાજયનો હિસાબ જોઈ લેતા એક રાતે હિસાબ જોતા હતા ત્યારે કેટલાક સરદારો માર્ગદર્શન માટે આવ્યા એટલે હજરત અલી ખલીફાએ જે અજવાળું આપતો હતો તે દીવો હોલવી અને બીજો દીવો સળગાવ્યો.

આ જોઈ વિસ્મય પામી સરદારોએ પૂછ્યું:

'હજરત સાહેબ, પહેલો દીવો હોલવી આપે બીજો દીવો શા માટે પેટાવ્યો ?'

હજરત સાહેબ બોલ્યા 'મારા ભાઈઓ, પહેલાં હું રાજયનો હિસાબ તપાસી રહ્યો હતો,માટે રાજયનો દીવો અને તેલનો ઉપયોગ કર્યો જયારે તમે મારે ત્યાં અંગત કામ માટે પધાર્યા તેથી મારા ઘરનાં દીવો અને તેલનો ઉપયોગ કરું છું.'

## ૦૫ યુવાનોની માનસિકતા

**પ્રવીણચંદ્ર ઠક્કર**

**ભૂમિકા :**

ભારતની ૧.૪ અબજની વસતીમાં ૬૫% સંખ્યા, ૯૧ કરોડ ૩૫ વર્ષથી નાની વયના યુવાન છે. વાસ્તવમાં 'યુવાન' શબ્દનો આધારસ્તંભ માત્ર બાયોલોજિકલ જન્મ પછીનાં વર્ષો જ નથી પણ તેના વાણી, વર્તન, વ્યવહારનાં લક્ષણો પરથી તેની માનસિક વય નક્કી થાય છે.

આ સૃષ્ટિ ઉપર ૮૪ લાખથી વધુ વિવિધ જીવો વસવાટ કરે છે પણ આ સજીવ જીવો પૈકી માત્ર મનુષ્યને સ્થૂળ શરીર ઉપરાંત સૂક્ષ્મ અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની ભેટ મળેલી છે. વિચાર કરે તે મન. સંકલ્પ-વિકલ્પ કરે તે બુદ્ધિ. સ્મૃતિનો જેનામાં સંગ્રહ થાય છે તે ચિત્ત અને અહંભાવ ધરાવે તે અહંકાર. અંતઃકરણ ઉપર નિયંત્રણ રાખનાર છે સર્વોચ્ચ ઊર્જાસભર આનંદમય આત્મા. અન્ય જીવો માત્ર વૃત્તિ ધરાવે છે જયારે મનુષ્યના સ્વભાવ, પ્રકૃતિ, માનસિકતા માટે નિર્ણાયક છે તેનું મન. યુવાનોનું વર્તમાન, ભવિષ્ય, સફળતા-નિષ્ફળતા, વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક, રાષ્ટ્રીય, વૈશ્વિક જીવનનું ઘડતર – ચણતર કરે છે જાદુઈ મન. આ મનનો સંબંધ છે આપના D.N.A. (ડીઓકસીરિબોઝ ન્યુક્લિઈક એસિડ)માં રહેલા જીન્સ સાથે. જીન્સ એટલે બ્લ્યુપ્રિન્ટ ઑફ લાઈફ. શરીરના દરેક કોષમાં ૨૧૦૦૦ સર્પાકાર સીડી જેવા જીન્સ હોય છે. વ્યક્તિના જન્મપૂર્વે અને પછીના આંતરિક અને બાહ્ય પરિબળોના આધારે જીન્સની ગુણવત્તા નક્કી થાય છે એટલે વિશ્વમાં દરેક મનુષ્યનું બંધારણ, પ્રકૃતિ, અને વર્તણૂક ભિન્ન ભિન્ન હોય છે તેથી આ લેખમાં ચિરંતન યુવાન રહેવાની અભીપ્સા ધરાવનારા સૌ કોઈ માટે આપણે તપાસીશું મન અને જીવનના ભાગ્યવિધાતા વિચારોનું વિજ્ઞાન.

**વર્તન-પરિવર્તન માટે નિર્ણાયક પરિબળ મન :**

આપના હાર્ડવેર મગજમાં સોફ્ટવેર છે, બાયોકૉમ્પ્યૂટર સમાન મન. તે વર્તન-પરિવર્તન માટેનું નિર્ણાયક, જૈવિક ઉપકરણ છે. દિવસના ૨૪ કલાક દરમિયાન મનમાં ૬૦,૦૦૦ થી વધુ જરૂરી-બિનજરૂરી, હકારાત્મક-નકારાત્મક, પરસ્પર વિરોધી વિચારો, તરંગોની આવન-જાવન થાય છે. શ્રીમદ ભગવદગીતાના ૧૬મા અધ્યાયમાં વિચારોને સંપત્તિ ગણવામાં આવી છે. સંપત્તિના બે પ્રકાર છે : દૈવી અને આસુરી. દૈવી એટલે અભય, નિર્મળતા, સંયમ, ઋજુતા, અહિંસા, સત્ય, અક્રોધ, દયા, મૃદુતા, ક્ષમા, ધીરજ વગેરે.

જયારે આસુરી સંપત્તિ એટલે અજ્ઞાન, વિષયભોગ, મોહ, ક્રૂરતા, દંભ, ઘમંડ, ક્રોધ, લોભ, ભ્રમ, અનાચાર ઈત્યાદિ. હવે બુદ્ધિયોગ ધરાવતા યુવાને નક્કી કરવાનું છે કે આપણા મનમાં કોને આવકારવા છે, દૈવી કે આસુરી વિચારોને/કોનો સંગ્રહ કરવો અને કોને પ્રવેશ આપવાની સદંતર મનાઈ ફરમાવવાની.

મનની બે અવસ્થા છે : જાગ્રત અને અર્ધજાગ્રત. જાગ્રત- બાહ્ય, જ્ઞાત, ડાબા મન પાસે માર્યાદિત ૧૦% શક્તિ છે. તે નિદ્રા કે બેભાન અવસ્થામાં કાર્ય નથી કરતું. તેની પાસે, ઈચ્છા, વિચાર અને તર્કશક્તિ છે. વિચારોનું તે વિશ્લેષણ, અનુમાન, અર્થઘટન કરી તેની પસંદગી કરે છે. વિચારોની પસંદગી કર્યા પછી તેના અમલીકરણની જવાબદારી તે અર્ધજાગ્રત મનને સોંપી દે છે. અજ્ઞાત, અચેતન, સર્જનાત્મક જમણા મન પાસે ૯૦% શક્તિ છે. તે ચોવીસે કલાક સક્રિય છે. એટલે નિદ્રાવસ્થામાં પણ પાચનતંત્ર, રુધિરાભિસરણતંત્ર, શ્વસનતંત્ર બરાબર કામ કરે છે. જાગ્રત મન નક્કી કાર્ય પ્રમાણે તે વિચારોનો અમલ કરે છે. તે ઘટના, પ્રસંગો, માહિતી, જ્ઞાન, યાદશક્તિનો ખજાનો છે. તે ચિત્ર, આકૃતિ, કલ્પના, રંગ કે સ્વપ્નની

ભાષા સમજે છે. તેની પાસે જિજ્ઞાસા, એકાગ્રતા, દૃઢતા, સાહસિકતા છે.

**વિચારોની પસંદગી :**

હવે યુવાનો સંકલ્પબદ્ધ જાગ્રત મન દૈવી-વિધાયક સારા વિચારો કરશે અને તેના આયોજનનું કામ અર્ધજાગ્રત મનને સોંપી દેશે તો આપોઆપ સચ્ચિદાનંદનો સાર્થક અનુભવ થયા કરશે. જે રીતે ખેડૂત જમીનની ઉત્પાદકતા વધારવા, એકર-દીઠ મહત્તમ ઉત્પાદન મેળવવા શ્રેષ્ઠ બિયારણની પસંદગી કરે છે તેથી ફળદ્રુપ જમીનમાં પોષક-તત્ત્વો ઉમેરતાં ઈચ્છિત પરિણામો પ્રાપ્ત થાય છે તે રીતે જાગ્રત મન પાસે ક્ષણેક્ષણ આવતા વિચારોનું તે જ સમયે કોઈ રાહ જોયા વિના ફિલ્ટરેશન, ચયન કરી તારવેલા ફળદ્રુપ, શ્રેષ્ઠ વિચારોનું અર્ધજાગ્રત મનને હસ્તાંતરણ કરી આપશે તો જીવનમાં ધન્યતાનો અનુભવ થશે. આપણે શારીરિક, માનસિક તંદુરસ્તી ધ્યાનમાં રાખી કાળજીપૂર્વક દરરોજ સાત્ત્વિક આહારની પસંદગી કરીએ છીએ. તામસી ખોરાકથી દૂર રહીએ છીએ તેમ આપણા વશમાં રહેલા વિચારોનું સમજણથી, ખુલ્લા મનથી અવલોકન કરીએ. ચાલક વિચારો દ્વન્દ્વ ઊભું કરે છે. માનવજાતને સુખી રાખવા તેણે કેટલી બધી શોધ કરી છે. સાથે વિશ્વને વિનાશ તરફ લઈ જવા યુદ્ધો પણ કર્યા છે. જર્મન તત્ત્વજ્ઞાની ફ્રેડરિક નિત્સે કહે છે 'વિચાર એ હકીકત નથી, વિચાર ઉપર વિચાર કરીએ. એનાં બધાં પાસાંઓ તપાસીએ. નિરાંતે તેનું અર્થઘટન કરીએ.' બીજાના વિચારો, માન્યતાઓ, પૂર્વગ્રહોથી દોરવાયા વિના સારાસારનો વિવેક કરીએ.

આપણે ભણીએ છીએ, ગણીએ છીએ, સ્નાતક-અનુસ્નાતક, પીએચ.ડી.ની પદવીના અધિકારી બનીએ છીએ. વ્યવસાય, સેવામાં સામેલ થઈએ છીએ. તેની સાથે જો મનના વિચારોનો અભ્યાસ કરતાં રહીશું તો બાહ્ય સુખ, સંપત્તિ, સમૃદ્ધિ, સત્તાની સાથે આંતરિક પ્રસન્નતા મેળવવા માટેની માસ્ટર કી પણ મેળવી શકીશું. આપણા શક્તિ, આવડત, કૌશલ્ય પ્રમાણે અસરકારક રીતે વિચારીએ, નિર્ણય લઈએ. દેરીયસનું અદ્‌ભૂત પુસ્તક છે 'થિંક સ્ટ્રેઈટ'. મોટાભાગના વિચારો પુનરાવર્તિત હોય છે. તેનો ઘોંઘાટ શાંતિને અવરોધે છે એટલે સતત વિચારવું એ પણ રોગ છે. ભૂતકાળની પ્રતિમાઓને યાદ ન કરીએ. ભવિષ્યનું આયોજન હોય, ચિંતા નહી. અતીત કે ભવિષ્ય વાસ્તવિકતા નથી. ૧૦ દિવસના પ્રવાસે જતી વખતે કેટલી તૈયારી કરીએ છીએ તેમ જીવનની મુસાફરી વિશે જાતને ચકાસતા રહીએ.

વિશ્વના પ્રખ્યાત મનોવિજ્ઞાની વિલિયમ જેમ્સનું વિધાન છે 'મેન ઈઝ, વ્હોટ હી થિંક્સ ઓલ ડે લોંગ'. તેઓ કિશોર હતા ત્યારે ભયંકર બીમારીમાં સપડાયેલા. તેમને આત્મહત્યા કરવાનો વિચાર આવેલો પણ તે જ સમયે ફ્રેંચ તત્ત્વજ્ઞાની ચાર્લ્સ સ્નોવિયરનો નિબંધ વાંચ્યો 'વિચારોની સતત પસંદગી કરો. પસંદગીમાં ગજબનાક નિર્ણયશક્તિ છે, એ જ જીવન છે.' વિલિયમે આ જ્ઞાન આજીવન આત્મસાત્ કરી લીધું. ભારતમાં ૨૦૧૯માં આત્મહત્યા કરનાર ૯૩૦૬૧ યુવાનોને કોઈ ચાર્લ્સ સ્નોવિયરનો સંસર્ગ થયો હોત તો?

**વિચારો અને સ્વાસ્થ્ય :**

વિચારોનું સંગ્રહસ્થાન છે મગજની હાર્ડડિસ્કમાં આવેલા ૧૦૦ અબજથી વધુ ન્યુરોન્સ નામના ચેતાકોષ. ન્યુરોન્સ એટલે ચેતાકોષની જેમ મગજના કોષોમાં વહી રહેલો વિદ્યુતપ્રવાહ. આ ન્યુરોન્સ શરીરના તમામ અવયવો, પાંચ જ્ઞાનેન્દ્રિઓ, પાંચ કર્મેન્દ્રિયો સાથે ગાઢ સંબંધ-જોડાણ ધરાવે છે. એક ન્યુરોન બીજા ન્યુરોન સાથે ૧૦૦૦૦ કનેક્શન ધરાવે છે. આપણા વિચાર, આપણી કલ્પના, માન્યતા, વ્યવહારનું મન એક સેકન્ડના ૧૬મા ભાગમાં અર્થઘટન કરે છે. ન્યુરોન્સ વચ્ચે તેની રસાયણિક પ્રક્રિયા થાય છે અને મન શરીરના જે તે ભાગને શારીરિક, માનસિક પ્રતિક્રિયા કરવાનો આદેશ આપે છે. મન એટલે શરીરની વિશાલ કેમિકલ ફેક્ટરી. જ્યારે વિચાર આવે છે ત્યારે તેની સાથે લાગણી ઉદ્‌ભવે છે. લાગણીના પ્રકાર મુજબ ૩૦૦૦ જેટલા અંતઃસ્ત્રાવ શરીરની વિવિધ ગ્રંથિઓમાં રિલીઝ થાય છે. જો કોઈને વહાલ કરીશું, સહાનુભૂતિ દાખવીશું, નિઃસ્વાર્થભાવે ઉપયોગી થઈશું તો એસ્ટ્રોજન, એન્ડ્રોફીન્સ,

ડોપામાઈન નામક સકારાત્મક હોર્મોન્સ પ્રવાહમાં વધી જશે. સ્ફૂર્તિ, તાજગીનો અનુભવ થશે. રોગપ્રતિકારશક્તિને બળ મળશે.

રાગ-દ્વેષથી પ્રેરાયેલા વિચારો પ્રવૃત્ત હશે તો આર્સેનિક, અડ્રેનાલીન જેવા હોર્મોન્સનો પ્રવાહ વધશે. લોહીનું દબાણ, બ્લડ પ્રેશર અનિયંત્રિત રહેશે. પાચનશક્તિ મંદ પડશે. ચેતાતંત્ર ઉપરનો કાબૂ ગુમાવીશું. હકારાત્મક વિચારોનું એક ઉદાહરણ તપાસીએ. વડોદરાના એકેડેમી ઓફ હ્યુમન એક્સલન્સનાં સ્થાપક પરિમલ ગાંધીને ચાર વખત કેન્સર થયું, ચાર વખત આંખના કોર્નિયાનું ટ્રાન્સપ્લાન્ટેશન થયું. બીજી અનેક આધિ, વ્યાધિ, ઉપાધિ. તેમણે બીમારી આવે કે તુરંત નામાંકિત ડોક્ટર પાસે પહોંચી જવાનું નક્કી કર્યું પણ ક્યારેય નિરાશા, હતાશાને નજીક આવવા દીધાં નહીં. તેથી તેઓ ૭૦ વર્ષ આનંદી જીવન જીવ્યા. જિજ્ઞાસુઓ તેમની જીવનકથા 'મારે જાવું સામે પાર'. આ લેખક પાસેથી મેળવી વાંચી શકે છે.

**સમાપન :**

મિત્રો, આપણે નિત્ય પ્રસન્ન રહેવું છે ? તો વિચારોનું માળખું બરાબર સમજી લઈએ. મનના વિચારોની રોજનીશી દરરોજ તપાસીએ. આપણે જે બોલીએ, જોઈએ, સંભાળીએ, વાંચીએ, લખીએ છીએ તે મૈત્રીપૂર્ણ છે ? જાત પાસેથી જવાબ મેળવીએ.

આપણું અર્ધજાગ્રત મન માહિતી, જ્ઞાન, સ્મરણ, ઈચ્છાઓ, તૃષ્ણા, સ્વાર્થ, ભયનો ભંડાર છે પણ મન જો નાના બાળક જેવું નિર્મળ, અકૃત્રિમ, નિર્દંભ, નિખાલસ, શાંત, ખુલ્લાં સ્વચ્છ આકાશ જેવું, ભૂતકાળ કે ભાવિના લીસોટા પડ્યા વિનાનું, નદીના નિરંતર વહેતા પાણી જેવું હશે તો મન દીવાદાંડીની જેમ યોગ્ય દિશા બતાવશે. કરોળિયો સતત જાળું બાંધ્યા જ કરે છે તેમ સ્વની શોધ કરીને વિચારોનું શ્રદ્ધાપૂર્વક ચિંતન-મનન, અમલ કરતાં રહીએ. જેમ વજન ઉતારવા લાંબો સમય ડાયેટિંગ કરવું પડે છે તેમ જીવનમાં સકારાત્મકતાને અંગભૂત સ્થાન આપવા પ્રમાણભૂત ગ્રંથો , જીવનચરિત્રોનો અભ્યાસ કરતાં રહીએ. ધ્યાન, યોગ, પ્રાણાયામ, પ્રાર્થનાને સ્થાન આપીએ. શુદ્ધ, સહજ, સમર્પિત કર્મ કરીએ અને સમય, શક્તિ, આવડત પ્રમાણે સામાજિક ઉત્થાન માટે પ્રવૃત્ત થઈએ.

(૨૦૨, 'ઓર્કિડ', તસ્કીન સોસાયટી, શુકલનગર ચાર રસ્તા, સમા, વડોદરા-૨, મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

**રહસ્ય**

એક ઝેન સાધુએ નાનકડું કોડિયું લઈ જતા છ-સાત વર્ષના બાળકને ઊભો રાખી પૂછયુંઃ 'બેટા, તને ખબર છે આ દીવામાં જયોતિ કયાંથી આવે છે.'

બાળકે ક્ષણેક ઝેન સાધુ સામે જોયું અને પછી ફૂંક મારીને દીવો ઓલવી નાખી સાધક સામે જોઈ પૂછયુંઃ 'મહારાજ, તમે કહી શકો છો કે આ જયોતિ કયાં જતી રહી ? '

સાધુ તો બાળક સામે અવાક્ જોઈ રહ્યો ત્યાં બાળકે કહ્યુંઃ 'બસ એ જયોતિ જયાંથી આવે છે ત્યાં જતી રહી છે.'

**જવાબદારી**

ઓશોને એક ભકતે પૂછયું હતુંઃ 'ભારતમાં મહાવીર, બુદ્ધ, કબીર, ઠાકુર રામકૃષ્ણદેવ જેવી આટઆટલી જયોત પ્રગટ થઈ છતાં પણ અંધારું કેમ છે?'

ઓશોનો જવાબ હતો કેઃ ' મહાવીર, બુદ્ધ,ગોરખ, કબીર, ઠાકુર એ બધા જયોત જગાવીને ગયા, પરંતુ એ જયોત બુઝાવનારાઓની સંખ્યા વધારે હતી! એ લોકો જયોત પ્રજ્જ્વલિત કરીને ચાલ્યા ગયા. જયોતને જલવા દેવી એની જવાબદારી સમાજની હતી.'

## ૦૬ સમય : આપણને પકડી પોતે છટકી જતું તત્ત્વ

**સોનલ પરીખ**

---

સૃષ્ટિ બની એ પહેલા શું હશે? ઋગ્વેદ કહે છે, 'ત્યારે સત્ય ન હતું, અસત્ય ન હતું. અંતરીક્ષ પણ નહીં, આકાશ પણ ન હતું. કંઈક, ક્યાંક આવૃત્ત હતું, પણ શું, ક્યાં, શાનાથી ઢંકાયેલું હતું? ત્યારે તો અગમ-અતળ જળ પણ ન હતું.' આ સુંદર ભવ્ય શ્લોકમાં અત્યારે મહત્ત્વનો છે 'ત્યારે' એ શબ્દ. આનો અર્થ એ કે સૃષ્ટિના ઉત્પત્તિકાળે જ્યારે બીજું કંઈ જ ન હતું ત્યારે પણ સમય તો હતો જ.

ન્યાયવૈશેષિક સિદ્ધાંત મુજબ સમય એ વસ્તુનિષ્ઠ એટલે કે વાસ્તવિક અસ્તિત્વ ધરાવતું દ્રવ્ય ગણાય છે. ગુણ અને ક્રિયા જેના આધારે રહેલાં હોય તેને દ્રવ્ય કહે છે. વૈશેષિક દર્શન અનુસાર કુલ નવ દ્રવ્યો છે પૃથિવી, જળ, તેજ, વાયુ, આકાશ, કાળ, દિશા, આત્મા અને મન. કાળ એટલે કે સમય છઠ્ઠું દ્રવ્ય છે. ઊંડા ઊતરીએ તો કાળ વ્યાપક છે, સમય નથી. કાળમાં સમયનો સમાવેશ થાય છે; પણ સમયમાં કાળનો નહીં. આમ, સૂક્ષ્મ રીતે જોતાં કાળ અને સમય પર્યાયવાચક નથી, પણ વ્યવહારમાં ઘણી વખતે તેમને એકબીજાના પર્યાય ગણવામાં આવે છે.

સમયને આપણે ત્રણ કાળમાં વહેંચીએ છીએ, પણ ખરું જોતાં વર્તમાન અને તેમાં પણ સામે ઊભી હોય તે ક્ષણ જ આપણી હોય છે, માત્ર તેના પર આપણો જરાતરા અધિકાર હોય છે. બાકીનો સમય આપણા હાથમાં હોતો નથી. આ પળને પકડવા શાયરો જે પરિશ્રમ કરે છે તેનું પરિણામ સુંદર પંક્તિઓ રૂપે આપણને મળે છે. રાજેન્દ્ર શુક્લ કહે છે, 'જત જણાવવાનું તને કે છે અજબ વાતાવરણ, એક ક્ષણ તું હોય છે, એક ક્ષણ તારું સ્મરણ.' નિરંજન ભગત લખે છે, 'દિન થાય અસ્ત, વિદાયની આ ક્ષણ મૌનગ્રસ્ત' સાંજની વાત નીકળે ત્યારે સૂર્યભાનુ ગુપ્તની પંક્તિઓ પણ યાદ આવે, 'શામ ટૂટે હુએ દિલવાલોં કે ઘર ઢૂંઢતી હૈ, શામ સૂલી ચડે લોગોં કી ખબર ઢૂંઢતી હૈ, શામ ઝુલસે હુએ પરવાનોં કે પર ઢૂંઢતી હૈ, શામ કે વક્ત કભી ઘર મેં અકેલે ન રહો'

'વક્ત કી હર શૈ ગુલામ' આ શબ્દો લખનાર સાહિર લુધિયાનવી કહે છે, 'ઈસ પલ કે સાયે મેં અપના ઠિકાના હૈ, ઈસ પલ કે આગે કી હર શૈ ફસાના હૈ, કલ કિસને દેખા હૈ, કલ કિસને જાના હૈ, ઈસ પલ સે પાયેગા જો તુઝકો પાના હૈ' ગુલઝાર કહે છે, 'દિલ ઢૂંઢતા હૈ ફિર વહી ફૂરસત કે રાત-દિન' અને મનોજ ખંડેરિયાને પણ કેમ ભુલાય, 'ક્ષિતિજે ઘાસ જેવી લીલી ક્ષણ દઈ અમને દોડાવ્યા, અમારામાં જ ઈચ્છાનું હરણ દઈ અમને દોડાવ્યા'

ટાઈમ મેનેજમેન્ટ આજનો સળગતો પ્રશ્ન અને ચર્ચાઓનો પ્રિય વિષય છે. વીતેલો સમય પાછો આવતો નથી એ વાત આપણે બધા જ જાણીએ છીએ પણ સૌથી વધારે વેડફીએ છીએ તે સમય છે. સમયને પસાર કરવાની ચાર રીત છે : ટુ કિલ ધ ટાઈમ, ટુ વેસ્ટ ધ ટાઈમ, ટુ પાસ ધ ટાઈમ અને ટુ યુઝ ધ ટાઈમ. અર્થવિહીન ચર્ચાઓ, વિડિયો ગેમ્સ, ટીકા-નિંદા-ઈર્ષા વગેરેમાં આપણે સમયને 'કિલ' કરીએ છીએ, ટ્રાફિકમાં ફસાઈએ, રાહ જોતા રહેવું પડે જેવા સંજોગોમાં ટાઈમ 'વેસ્ટ' થાય છે. જીવનમાંથી નીરસતા દૂર કરવા માટેની પ્રવૃત્તિઓ એટલે સમય 'પાસ' કરવો અને પ્રગતિને લગતાં કામોમાં, પ્રેમ અને આનંદમાં, જ્ઞાન મેળવવામાં કે મદદરૂપ થવામાં સમય ગાળવો એને કહે છે ટાઈમ 'યુઝ' કરવો - સમયનો સદ-ઉપયોગ.

જો આપણને આપણા સમયની કદર-કિંમત હોય અને આપણે એને અર્થપૂર્ણ રીતે વીતાવવા માગતા હોઈએ તો આપણે બેત્રણ બાબતો જાણવી જોઈએ. એક તો આપણી

બોડી-સાયકલ. શરીરમાં એક કુદરતી ઘડિયાળ હોય છે, એ મુજબ દિવસના અમુક સમયે શરીર ઉત્સાહ અને સ્ફૂર્તિ અનુભવતું હોય છે. આપણું શરીર જ્યારે એ સ્થિતિમાં હોય ત્યારે સૌથી અગત્યનાં કામો કરી લેવાં.

બીજું, સમય પસાર કરવા જે પણ કરીએ એમાં ક્વૉલિટી એલિમેન્ટ ઉમેરવું. સારું વાંચન, સારી ફિલ્મો, કલા, સર્જનાત્મક શોખ કેળવો અને મુસાફરીમાં કે રાહ જોવી પડવાની હોય એવી સ્થિતિમાં પણ એનો ઉપયોગ કરો. વિદ્યાર્થીઓ મહિનાના ૨૫ દિવસ રોજના બે કલાક એમ ૭ મહિના વાંચે તો ૩૫૦ કલાકનું વાંચન થાય જેનાથી તમામ વિષયો સરસ રીતે તૈયાર થાય અને તેને શોખ કેળવવાનો, રજાઓ માણવાનો આનંદ પણ મળે. ઉપરાંત પરીક્ષાના સમયે આવતી તાણથી મુક્ત થઈ શકાય.

ત્રીજું, બીજાના સમયનો પણ આદર કરો. આપણે સમય હોય ત્યારે અન્યને અગત્યનું કામ હોય, એમ બને છે. એક ધીમી કે બેદરકાર વ્યક્તિ આખી ટીમનો સમય બગાડે છે. જેમ કોઈને બીજાના પૈસા પડાવી લેવાનો હક નથી તેમ કોઈને બીજાનો સમય બગાડવાનો પણ હક નથી.

અત્યારની ઝડપી જીવનશૈલીમાં બધા સતત વ્યસ્ત હોય છે. થોરો કહે છે કે 'વ્યસ્ત હોવું પૂરતું નથી. સવાલ એ છે કે આપણે શામાં વ્યસ્ત છીએ.' વ્યસ્તતાને કારણે આપણે એકસાથે અનેક કામો પર ધ્યાન આપવું પડે છે જેનું શણગારેલું નામ 'મલ્ટીટાસ્કિંગ' છે. પણ આય-પૅડ, લૅપટૉપ, ટ્વેન્ટીફૉર બાય સેવન અને બ્લૅક બેરિઝના આ યુગમાં પણ 'એક સમયે એક કામ'નો સિદ્ધાંત ઉપકારક છે જ, કેમ કે એનાથી કામની ઝડપ અને ગુણવત્તા બન્ને વધે છે. અલબત્ત અમુક પ્રતિભાઓ એક સમયે અનેક કામ કરવાનું સામર્થ્ય ધરાવતી હોય છે. મોઝાર્ટ એક સાથે અનેક સ્વરરચનાઓ પર કામ કરતા, છતાં ઉત્તમ રચનાઓ આપી શકતા. ભારતમાં પણ અષ્ટાવધાન એટલે કે એક સાથે આઠ કામ કરી શકવાની ક્ષમતાનો મહિમા છે. છતાં પાસપૉર્ટ ઑફિસરને મોઝાર્ટ થવાની કે રસોઈ બનાવતી ગૃહિણીને અષ્ટાવધાની થવાની સલાહ ન અપાય.

બાળકોને સમયનું મહત્ત્વ ચોક્કસ શીખવીએ. આજે લગભગ ત્રીજા કે ચોથા ધોરણમાં આવતાં જ બાળકને સમયની અછત વર્તાય છે. શાળા, ટ્યુશન ઉપરાંત ઘણી બધી ઈતર પ્રવૃત્તિના ભાર તળે જાણે ૨૪ કલાક પણ તેને ઓછા પડે છે. એ ઉંમરથી જ તેને સમયના આયોજનની-ટાઈમ મેનેજમેન્ટની જરૂર પડે છે. ટાઈમ મેનેજમેન્ટ એટલે અગત્યના કામોને પ્રાથમિકતા આપી નિયત સમયમાં તેને પૂરા કરવા.

જો માતા-પિતા ઈચ્છે કે બાળક જે પણ ક્ષેત્રમાં જાય તેમાં તે ખૂબ સફળ થાય અને આગળ વધે તો સમયની કિંમત કરવાની અને અગત્યનાં કામો સમયસર પૂરા કરવાની ટેવ નાનપણથી જ પાડે. ટાઈમ મેનેજમેન્ટના પાઠ બાળક માતા-પિતાને જોઈને જ શીખતું હોય છે. માતા-પિતા જ બિનજરૂરી વિષયોમાં સમય વેડફે અને બાળકો પાસે ટાઈમ મેનેજમેન્ટની આશા રાખે તે શક્ય નથી. બાળકને સમયનું મેનેજમેન્ટ શીખવવા માટે માતા-પિતાએ પહેલા પોતાનું ટાઈમ મેનેજમેન્ટ સુધારવું પડે.

૫થી ૧૦ વર્ષનાં બાળકોને 'આજના દિવસમાં આપણે શું શું કરીશું?' તેમ કહી આખા દિવસમાં ૪થી ૫ કામો કરવાના છે તે યાદ અપાવીએ. દા.ત આજે આપણે સાથે ગાર્ડનમાં જઈશું, પછી ઘરમાં બેસી કોઈ ગેઈમ રમીશું, પછી બધા સાથે બેસી જમીશું, કોઈ ટી.વી પ્રોગ્રામ જોઈશું અને રાત્રે વાર્તા કહી સૂઈ જઈશું. બાળકનું મગજ નક્કી કરેલાં પાંચ કામો પત્યાં કે નહીં તેની નોંધ લેતું થઈ જશે. ખુલ્લા મેદાનોની રમત, નિયમો, હાર-જીત પણ બાળકોને ટાઈમ મેનેજમેન્ટના પાઠ સુંદર રીતે શીખવે છે.

૧૦થી ૧૫ વર્ષનાં બાળકોનાં બે કાર્યો વચ્ચે થોડી જગ્યા રાખવી. ઘણાં બાળકોનું સમયપત્રક ખૂબ ભરચક હોય છે. એનો એને બોજ લાગે છે અને તે પ્રવૃત્તિનો આનંદ લેવાને

બદલે તેને ભારરૂપ ગણતું થાય છે. તેની અસર તેના સ્વભાવ, ભૂખ અને ઊંઘ પર પણ પડે છે. ભણ-ભણ કરાવવાને બદલે ઘરના પ્રસંગોમાં, પ્રવાસે જતાં અને ખરીદી વખતે બાળકોને સાથે રાખવાથી તેઓ કામ અને સમયને સાંકળતાં શીખી જાય છે. બાળકની ભૂલ થાય તો તેને ઉતારી પાડવાને બદલે સમય ક્યાં બગડ્યો તેનું હળવાશથી ધ્યાન દોરવું. ટાઈમ મેનેજમેન્ટ આંતરિક શક્તિઓને મોકળી કરવા માટે છે, શક્તિઓ પર દબાણ ઊભું કરવા માટે નહીં.

સમય એક અવ્યક્ત વસ્તુ છે. લાગે કે હાથમાં જ છે, પણ એ હાથમાં હોય નહીં, હાથમાં આવે નહીં, હાથમાં રહે નહીં. સમય ગતિશીલ છે તથા એની ગતિ નિશ્ચિત છે. સમયની સૌથી મોટી વિશેષતા એ છે કે આગળ વધીને ક્યારેય પાછો આવી શકતો નથી. જેમણે સમયનું મહત્ત્વ જાણ્યું છે એ જ જિંદગીમાં કંઈક કરી શકે છે. સમયને નષ્ટ નહીં કરો, નહીં તો સમય તમને નષ્ટ કરી દેશે, ને જો સમયને સાચવશો તો સમય તમને સાચવી લેશે. સમયની આટલી તાકાત હોય તો સમયને આપણે મિત્ર બનાવી ન લેવો જોઈએ?

મને તો લાગે છે કે સમય મૈત્રી જ નહીં, પ્રેમ કરવા જેવી બાબત છે - અદભુત, આકર્ષક, ભવ્ય, નાજુક, પડકાર દેતી, આપણને પકડતી અને પોતે છટકી જતી બાબત. એનું વીતી જવું, એનું હાથમાં હોવું છતાં ન હોવું, એની નિશ્ચિતતા અને એની અનિશ્ચિતતા આ બધું જ મને આકર્ષે છે, પ્રેરે છે, નતમસ્તક કરે છે.

(મો.૯૮૩૩૭૦૮૪૯૪)

**સમજ**

વિનોબાજીને એક પત્રકારે પૂછ્યું હતુંઃ 'તમારો ઉત્તરાધિકારી કોણ ?'

વિનોબાએ કહેલું : 'ઈશ્વર'

મોરારિબાપુને પણ આ જ પ્રશ્ન પૂછવામાં આવેલઃ

'બાપુ, તમારા પછી શું? કોઈ વારસદાર આ પરંપરા આગળ વધારે તેમ ઈચ્છો છો ?'

બાપુઃ 'હું પણ એટલું જ કહીશ કે મારો ઉત્તરાધિકારી હનુમાન છે.'

**કલાની કિંમત**

કીર્તિવંત ચિત્રકાર પાબ્લો પિકાસોએ કેટલાંક અંગત મિત્રોને પોતાના ઘરે જમવાનું આમંત્રણ આપ્યું. મિત્રો આવે છે, જમવાનો આરંભ થાય ત્યાં એક દોસ્તે પાબ્લો પિકાસોને પૂછ્યું : ' પિકાસો, તારા ઘરની દીવાલો ઉપર તારું દોરલું એક પણ પેઇન્ટિંગ નથી ! શું તને તારાં ચિત્રો ગમતાં નથી ? '

પાબ્લો પિકાસો હસતાં જવાબ આપે છે :

'મિત્ર, મારાં ચિત્રો મને ગમે છે પણ શું કરું ? એ એટલા મોંઘાં હોય છે કે મને પરવડતાં નથી.'

## ૦૭ ભૂરી છત્રી

**રસ્કિન બોન્ડ અનુવાદ : ડંકેશ ઓઝા**

*(રસ્કિન બોન્ડ જન્મે ભલે ભારતીય હોય પરંતુ અંગ્રેજ માતાપિતાનું સંતાન, ઈંગ્લૅન્ડ પાછા જઈ શકે એમ હતા છતાં સ્વેચ્છાએ એમણે ભારતમાં રહેવાનું પસંદ કર્યું. આપણે માટે મજાની વાત એ છે કે એમનું બાળપણ આપણા જામનગરમાં પસાર થયું છે.*

*હિમાલયના મસૂરીમાં તેઓ આનંદથી રહે છે. લખવાનો વ્યવસાય સ્વીકારેલો છે અને તેમનાં અનેક પુસ્તકો પ્રગટ થયાં છે. જેની કુલ સંખ્યા ૧૨૫ જેટલી થવા જાય છે. તેમને આત્મકથા પણ લખી છે અને તેમને કેન્દ્રીય સાહિત્ય અકાદમીના બે પુરસ્કારો પ્રાપ્ત થયા છે: ૧. ટૂંકીવાર્તા માટે અને ૨. બાળસાહિત્ય માટે. તેઓ અપરિણીત છે પણ તેમણે એક વ્યક્તિ નહીં પણ એક આખું કુટુંબ દત્તક લીધું છે જેની સાથે તેઓ રહે છે.*

*વિશાલ ભારદ્વાજે આ બાળવાર્તા પરથી નાનકડી ફિલ્મ બનાવી હતી જે ઘણી પ્રશંસાને પામી હતી. બાળમાનસ કેવું હોય છે અને રામભરોસા જેવા વૃદ્ધ દુકાનદારનું માનસ પણ કેવું છે તે આ વાર્તામાં તેમણે આબાદ પ્રગટ કર્યું છે. માણસ ઉંમરમાં નાનો હોય કે મોટો, તેની લાગણીઓ અને તેના માનસિક વલણો લગભગ સમાન હોય છે. લોભ, મોહ, ઈર્ષા અને ઉદાર પરોપકારવૃત્તિ જેવી લાગણીઓનું અહીં એથી જ પાત્રો દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે. એકંદરે રસપ્રદ એવી આ ટૂંકી બાળવાર્તામાં હરકોઈને રસ પડવા સંભવ છે.)*

(૧)

બિનીયાએ બૂમ પાડી, 'નીલુ! નીલુ!' તે ઉઘાડા પગે પથરાળ ખડકો પર દોડતી હતી. ઉનાળાનું કૂણું કૂણું ઘાસ તેના પગ તળે હતું. ટેકરીઓની ટોચે તે બૂમો પાડતી દોડી રહી હતી, 'નીલુ! નીલુ!'

ભૂરી-ભૂખરી ગાયનું નામ નીલુ હતું. બીજી ગાય જે ધોળી હતી તેનું નામ ધોળી હતું. આ ગાયો એની મરજી મુજબ અહીં-તહીં ફર્યા કરતી. ક્યારેક છેક નીચે ઝરણાં સુધી પહોંચી જતી તો ક્યારેક પાઈનના જંગલોમાં. ક્યારેક પોતાની મેળે પાછી ફરતી તો ક્યારેક દૂર ફર્યા કરતી. બિનીયાને લાગતું કે આ ગાયો જાણી જોઈને એમ કરે છે.

જ્યારે ગાયો સમયસર પાછી ન ફરે ત્યારે બિનીયાને એ લઈ આવવા માટે મોકલવામાં આવતી. ક્યારેક એનો ભાઈ બિજ્જુ એની સાથે જતો. પરંતુ હમણાં તે પરીક્ષાની તૈયારી કરવામાં પડ્યો હતો. ગાયો માટે એને અત્યારે સમય ન હતો. બિનીયાને પોતાની મસ્તી ગમતી. તે ગાયોને છેક દૂર ખીણ સુધી દોરી જતી અને પાછા ફરવામાં તેમને મોડું થઈ જતું. ગાયોને પણ બિનીયા વધુ ગમતી કારણકે તે તેમને દૂર ફરવા દેતી. બિજ્જુ આવતો તો પૂંછડાં આમળીને તેમને પાછી વાળતો.

બિનીયા આ પહાડી પ્રદેશની હતી. હિમાલયનો આ પ્રદેશ ગઢવાલ તરીકે ઓળખાતો. ઘેરા જંગલો અને એકલવાઈ ટેકરીઓથી તેને કદી ડર નહોતો લાગતો. એને ડર લાગતો જ્યારે તે બજારમાં જતી. બજારમાં ટોળાંઓની ધક્કામુક્કીથી તે ગભરાઈ જતી, ખોવાઈ જતી. શહેર ગામથી પાંચ માઈલ દૂર હતું. ભારતભરના પ્રવાસીઓ માટે તે આનંદનું મજાનું સ્થળ હતું.

બિનીયા મોટે ભાગે દસની હતી. કદાચ નવ કે અગિયારની પણ હોય. એ પોતે ઉંમર બાબતે ચોક્કસ ન હતી. કારણ ગામમાં કોઈ જન્મતારીખો યાદ રાખતું નહીં. પણ એની માએ એને કહેલું કે તે એવા શિયાળામાં જન્મેલી જ્યારે બરફ બારીઓ સુધી જામી ગયેલો અને એ વાત કદાચ દસ વર્ષ પહેલાની હતી, ખરું કે નહીં? બે વર્ષ પછી એના પિતાનું અવસાન થયેલું. એમની જિંદગી પર એની ખાસ અસર નહીં થયેલી. પહાડ તરફ એમનાં ત્રણ ખેતર હતાં, જેમાં તેઓ બટાટા, ડુંગળી, આદુ, વટાણા, રાઈ, મકાઈ

જેવું ઉગાડી લેતાં. આ બધુ કંઈ વેચવા માટે ન હતું, પણ જીવવા માટે પૂરતું હતું.

પહાડી કન્યાઓની માફક બિનીયા મજબૂત બાંધાની હતી. ચામડીએ ગોરી હતી, ગાલ ગુલાબી હતા. આંખ કાળી હતી અને તેના કાળા વાળનો તે નાનો ચોટલો વાળતી. સુંદર કાચની બંગડીઓ કાંડે પહેરતી અને ગળામાં કાચનાં મોતીની માળા. એ માળામાં ચિત્તાનો નખ લટકતો રહેતો. આ ઘણું ભાગ્યશાળી ગણાતું. બિનીયા એ કાયમ પહેરી રાખતી. બિજ્જુ પાસે પણ આવું જ હતું. પણ તે દોરે લટકતું રહેતું. બિનીયાનું પૂરું નામ બિનીયાદેવી હતું અને બિજ્જુનું વિજય. પણ બધા એમને બિનીયા અને બિજ્જુ જ કહેતા. બિનીયા તેના ભાઈથી બે વર્ષ નાની હતી.

ગાયના ગળામાંની મૃદુલ-મંજુલ ઘંટડીઓ તેને સંભળાવા લાગી તેથી તેને સમજાયું કે ગાયો કંઈ બહુ દૂર ગઈ નહોતી. એટલે તેણે નીલુને બૂમો મારવાનું બંધ કર્યું. એ તો કૂદતી-નાચતી પાઈનના ખરેલા પાંદડાં પર દોડતાં ગાતી હતી. અચાનક તેને કોઈ અવાજો હસવાના અને વાસણોના ખખડાટના સંભળાવા લાગ્યા. વૃક્ષો પાછળથી તેણે ડોકાઈને જોયું તો શહેરી લોકો પિકનિકની મજા માણી રહ્યા હતા.

પથરાળ પ્રદેશમાંથી આવેલા આ લોકો રજાની મજા માણનારા હતા. સ્ત્રીઓ ચળકતી સાડીઓમાં સજ્જ હતી અને પુરુષોએ ગરમીમાં અનુકૂળ આવે એવાં કપડાં પહેર્યાં હતાં. બાળકો નવાં કપડાંમાં શોભતાં હતાં. બિનીયા વૃક્ષોની આડશમાંથી આ બધું નીરખતી હતી. એને કોઈ જોઈ શકે એમ નહોતું. એણે બધાંને જોયાં. એમનાં સરસ કપડાં નિહાળ્યાં. એમની ન સમજાતી બધી જ વાતો સાંભળી અને એની ભૂખી નજર પથરાયેલી વાનગીઓ ઉપર પડી. આ બધું જોતાં જોતાં અંતે એની નજર એક સરસ ભૂરી છત્રી પર પડી. આમ તો એ શહેરી સ્ત્રીઓના ઠઠારારૂપ હતી. એની માલિકણની બાજુમાં ઘાસ પર તે ખુલ્લી પડી હતી. બિનીયાએ અગાઉ પણ છત્રીઓ તો જોઈ હતી. એની મા પાસે ઘરમાં એક કાળી છત્રી હતી, જેનો ભાગ્યે જ કોઈ ઉપયોગ કરતું. ખેતરાળ જમીનના ઉંદરડાઓએ તેમાં કાણાં પાડી દીધાં હતાં. પણ હવે એણે નાનકડી, રંગીન, મઝાની એવી છત્રી જોઈ હતી જે જોઈને એ એના પ્રેમમાં જ પડી ગઈ! ટેકરીઓની વચ્ચે એક મોટું ભૂરું ફૂલ એકાએક ખીલી ન નીકળ્યું હોય એવું છત્રી જોતાં એને લાગ્યું.

છત્રીને થોડી બરાબર જોઈ શકે તેથી એ બે ડગલાં આગળ નીકળી. જેવી તે વૃક્ષોની છાયામાંથી સૂર્યપ્રકાશમાં આવી કે પેલા લોકોએ તેને જોઈ.

એ ટોળામાંની મોટી ઉંમરની બે સ્ત્રીઓમાંથી એક બોલી, 'અલી, જો તો પેલું કોણ છે? નાની ગામડાની છોકરી લાગે છે.' બીજીએ કહ્યું, 'દેખાવડી છે, નહીં? પણ એના કપડાં કેવાં ફાટેલાં અને ગંદાં છે!' આ બેને એની કોઈ પરવા ન હતી કે પેલી છોકરી આ બધું સાંભળે છે અને સમજે પણ છે. ટોળામાંનો એક પુરુષ બોલ્યો, 'ટેકરીના લોકો બહુ ગરીબ હોય છે.' પેલી પ્રૌઢ મહિલાએ બિનીયાને નજીક બોલાવી અને બોલી, 'લાવને, એને કંઈક ખાવાનું આપીએ.' અચકાતી ગભરાતી બિનીયા એ ટોળાની નજીક ગઈ. આમ તો તે પાછી ફરીને ભાગી ગઈ હોત પણ એની નજર સુંદર ભૂરી છત્રી પર ચોંટેલી હતી. આગળ વધતાં તે પોતાને રોકી શકે એમ ન હતી.

ઉંમરમાં નાની સ્ત્રીએ લાગલું પૂછ્યું, 'આ તારી ડોકમાં શું છે?'

'એ તો એક માળા છે.'

'અને પેલા પેન્ડલમાં આ નખ શેનો લટકે છે?'

સ્ત્રીની બાજુમાં બેઠેલા પુરુષે કહ્યું, 'આ વાઘનખ લાગે છે.' (જોકે તેણે કદી વાઘનખ જોયેલો ન હતો.)

'આ તો નસીબવંતું કહેવાય. કોઈની ખરાબ નજર કે ખરાબ અસર ટાળવા માટે આ લોકો પહેરતા હોય છે.' આમ બોલીને તેણે બિનીયા સામે જોયું પણ બિનીયા તો મૂંગીમંતર હતી. પેલા પુરુષની પત્નીએ કહ્યું, 'મારે એવું એક લેવું છે.'

'અહીંની દુકાનોમાં એવું બધું મળી રહે.'

'એની પાસેથી જ ખરીદી લે ને. એને બેત્રણ રૂપિયા

આપ. એને એટલા પૈસા જોઈતા હશે.'

આ પુરુષ થોડો શરમાયો હોય તેમ લાગતું હતું. પણ પોતાની યુવાન પત્નીને ખુશ કરવા આતુર પણ હતો. એણે બે રૂપિયાની નોટ કાઢીને બિનીયાની સામે ધરી અને સંકેત કર્યો કે બદલામાં પેલું પેન્ડલ આપી દે. બિનીયાએ તો પોતાની માળા જોરથી મુઠ્ઠીમાં પકડી લીધી. રખેને પેલી સ્ત્રી તેને ખેંચી ન લે. પછી ગંભીરતાથી નકારમાં ડોકું ધુણાવ્યું.

પેલાએ બેને બદલે પાંચની નોટ ધરી. પરંતુ બિનીયાએ ફરીથી ડોકું ધુણાવ્યું. પેલી યુવાન સ્ત્રી બોલી ઊઠી, 'મૂર્ખી લાગે છે!' પુરુષે કહ્યું, 'એને એ વેચવું નહીં હોય.' 'પણ મને ફરી પૂછવા દે. તારે કેટલામાં આપવું છે?' આમ બોલી તેણે પોતાનો હાથ ઘાસ પર પથરાયેલી બધી ચીજવસ્તુઓ તરફ ફેરવ્યો. સહેજે ખચકાયા વગર બિનીયાએ પેલી છત્રી તરફ આંગળી ચીંધી. પેલી યુવાન સ્ત્રી ચોંકી ઊઠી, 'મારી છત્રી! એને તો મારી છત્રી જોઈએ છે! જબરી લાગે છે.'

'પણ તારે પેલું પેન્ડલ જોઈએ છે કે નહીં?'

'એ જુદી વાત છે.'

'તો?'

સ્ત્રી અને પુરુષ ઝઘડી પડવાની અણી પર હતાં.

પેલી પ્રૌઢ સ્ત્રીએ કહ્યું, 'હું એને અહીંથી જતી રહેવા કહું છું. આપણે મૂરખ બની રહ્યા છીએ.' પણ બીજીએ મિજાજી થઈને કહ્યું, 'મારે પેન્ડલ તો લેવું જ છે.' અને એકાએક એણે છત્રી ઉપાડીને બિનીયાની સામે ધરી, 'લે આ તારી છત્રી.'

બિનીયાએ માળા કાઢી અને પેલી યુવાન સ્ત્રી સામે ધરી જેણે તે લઈને ફટાક દઈને પોતાની ડોકમાં નાખી દીધી. એના હાથમાં છત્રી કંઈ બહુ મોટી નહોતી લાગતી. બરાબર માપસરની હતી.

એ તો આ લોકો વિશે ભૂલી જ ગઈ જે બધા પેલા પેન્ડલને તપાસી રહ્યા હતા. એણે તો પોતાની છત્રીને આમતેમ ફેરવીને જોવા માંડ્યું. ભૂરા રેશમના કાપડ વચ્ચેથી ચળકતા અને ધબકતા સૂર્યને એણે જોયો અને ખુલ્લી છત્રી લઈને દોડતી દોડતી વૃક્ષોની પાછળ અદશ્ય થઈ ગઈ.

ક્રમશ...

(મો. ૯૭૨૫૦૨૮૨૭૪)

**વાસ્તવ**

લોકપ્રિય ફ્રેન્ચ નવલકથાસર્જક બાલ્ઝાકના ઘરમાં રાત્રે ચોર આવે છે. બાલ્ઝાક ઘરમાં ખખડાટ થતાં જાગી ગયા, ઝાંખા પ્રકાશમાં જોયું તો એક ચોર સર્જક બાલ્ઝાકના કબાટનું ખાનું ફંફોસી રહ્યો હતો. એ જોઇ બાલ્ઝાક ખડખડાટ હસવા લાગ્યા, ચોરને તો આ જોઈ નવાઇ લાગી તેણે હિંમત કરી બાલ્ઝાકને પૂછયુંઃ

'સર, તમે શા માટે હસો છો ?'

બાલ્ઝાકે ચોરને જવાબમાં કહ્યું હતું : 'હું એટલાં માટે હસું છું કે એ કબાટનો કાયદેસરનો માલિક ખુદના રૂપિયા દિવસના અજવાળામાં પણ શોધી શકયો નથી ને ભાઈ તેં તો રાત માથે લીધી, જોખમ ખેડયું. '

સાંભળી ચોર તો ભોંઠો પડી ચાલતો થયો.

**પાત્રતા**

મહાભારતમાં દ્રોણે અમુક વિદ્યા પુત્ર અશ્વત્થામાને ન આપી, એવા સમયે દ્રોણની પત્નીએ પતિને કહ્યુંઃ

'તમે મારા પુત્રને વિદ્યા નથી આપતા અને અર્જુનને આપો છો, આવો પક્ષપાત કેમ ?'

ગુરુ દ્રોણે પત્નીને જવાબ આપેલોઃ 'મારો પુત્ર એ પુત્ર છે, પાત્ર નથી. મારી વિદ્યા હું પાત્રને જ આપી શકું, મારા પુત્રમાં પાત્રતા ન હોય તો તેને ન આપી શકું, અર્જુન પાત્ર છે જયારે અશ્વત્થામા પુત્ર છે. '

## ૦૮ ગુજરાતી લેખનશૈલી

**ડૉ. બળવંતભાઈ તેજાણી**

---

(ગતાંકથી ચાલુ)

આપણે ગુજરાતી ભાષામાં ઉપયોગમાં લેવાતાં વિરામચિહ્નો વિષે જાણકારી મેળવીએ. વિરામ એટલે અટકવું. અટકવા માટેનાં ચિહ્નો એટલે વિરામચિહ્નો. વાંચન કરતી વખતે કેટલીક જગાએ અટકવાથી વાક્યનો અર્થ સ્પષ્ટ થાય છે. તેમાં આરોહ-અવરોહ પણ વિરામચિહ્નો મૂકવાથી જ આવે. સાંભળનારને અને વાંચનારને તો જ સ્પષ્ટ,સારું અને સાચું સમજાય છે. કેટલાંક ચિહ્નો લખાણની વિગતોને વ્યવસ્થિત અને ચોકસાઈસભર બનાવવા માટે પણ છે.

યોગ્ય જગાએ મૂકેલાં વિરામચિહ્નોને કારણે જ ધારેલો અર્થ સમજી શકાય છે અને બીજાને સમજાવી શકાય છે. વિરામચિહ્નોથી જ વાક્યનો પ્રકાર સમજી તેનો અર્થ સારી રીતે પામી શકાય છે.

આવાં સોળ જેટલાં વિરામચિહ્નો આપણી ગુજરાતી ભાષામાં વપરાય છે. આપણે ઉદાહરણ સાથે એમને સમજીએઃ

**૧. પૂર્ણવિરામ (.) : (The Full stop)**

પૂર્ણવિરામ એટલે વાક્યમાં છેલ્લો શબ્દ પૂરો થયા પછી મુકાતું ટપકું.

● એક વિચાર કે સાદું વાક્ય પૂર્ણ થાય ત્યારે પૂર્ણવિરામ મુકાય છે. જેમ કે,

૧. અમારી શાળામાં કાલે રજા છે.

૨. અમદાવાદ એ ગુજરાતનું મહાનગર છે.

૩. ખાડો ખોદે તે પડે.

૪. આપણે હંમેશાં સારા અક્ષરે લખવું જોઈએ.

● ક્રમ સૂચવતી સંખ્યા કે અક્ષરને જો કૌંસ ન કરીએ તો તેના પછી પૂર્ણવિરામ મૂકાય છે. જેમ કે,

ઉપર ચાર વાક્યો આપેલાં છે. ત્યાં ક્રમસૂચક અંકને કૌંસ નથી, તેથી અંક પછી ટપકું આવે છે. જો એમ ન કરીએ તો (૧) (૨) (૩) (૪) એમ લખવું પડે.

● કોઈ શબ્દનું પ્રચલિત ટૂંકું રૂપ લખીએ ત્યારે તેના પછી ટપકું મુકાય છે. જેમ કે,

અખંડ સૌભાગ્યવતી એટલે અ. સૌ.

સ્વર્ગસ્થ એટલે સ્વ.

પૂજ્ય એટલે પૂ.

લિખિતંગ એટલે લિ.

કિલોમીટર એટલે કિ.મી. વગેરે.

● વાક્ય પૂરું ન થાય તો ભલે ગમે એટલા શબ્દો હોય, પણ પૂર્ણવિરામ મૂકવું જોઈએ નહીં. જેમ કે, તમે કોઈ આજે તમારા ઘેર (આ શબ્દોથી વાક્ય બન્યું નથી, માટે અહીં પૂર્ણવિરામ નથી. )

● પુસ્તકનાં નામ, પ્રકરણ-લેખનાં શીર્ષક, વ્યક્તિનાં નામ કે શ્રી પછી પૂર્ણવિરામ આવતું નથી.

**૨. અલ્પવિરામ (,) : (The Comma)**

● જ્યાં પૂરેપૂરું નહીં, પણ થોડું(અલ્પ) અટકવાનું જરૂરી હોય ત્યાં અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

૧. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ વચ્ચે ખૂબ જ પ્રેમ હતો.

૨.અમે દ્વારકા, સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ પ્રવાસમાં ગયા હતા.

૩. લલિતા, પરિતા, મેઘના તથા રેખા આવતીકાલે દાળ અને શાક બનાવશે.

૪. અમે બજારમાંથી નોટબુકો, કાંકરા, પેન્સિલો વગેરે લાવ્યા.

૫. તે સવારે આવ્યો, નાસ્તો કર્યો, થોડો સમય વાંચ્યું ને ગામમાં ગયો.

(જ્યાં અને, ને, તથા વગેરે હોય ત્યાં અલ્પવિરામ મૂકવામાં આવતું નથી.)

● વાક્યમાં કોઈને સંબોધન કરીએ કે પત્રમાં વિદાયવચન લખીએ ત્યારે અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

૧. વિશાલ, ચાલ આપણે બજારમાં ફરવા જઈએ.

૨. કાકા, તમે કાલે અહીં આવશો ને?

૩. સાહેબ, કેવો સરસ પવન વાઈ રહ્યો છે!

૪. તારો વહાલો મિત્ર,
અવિનાશ

૫. આપનો પ્રિય શિષ્ય,
અચ્યુત

● અલબત્ત, ટૂંકમાં, ખરેખર, પ્રતિ, સ્નેહી શ્રી, જેમ કે વગેરે શબ્દો પછી અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

૧. આ તો લાંબી વાત થઈ. ટૂંકમા, તમારે ચોક્કસ આવવાનું છે.

૨. અલબત્ત, આપણે ત્યાં જવું જોઈએ.

૩. ઘણા કૉલેજે નહીં આવી શકે. જેમ કે, હું જ બહાર જવાનો છું.

● 'કારણ કે' અને 'કેમ કે'ની પહેલા અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

૧. ઓઢવાનું સાથે લેજો, કારણ કે ત્યાં ઠંડી હશે.

૨. આબુ હું નથી આવવાનો, કેમ કે બે માસ પહેલાં હું ત્યાં જ ગયો હતો.

● હા, ના, જી, કાં, ભલે જેવાં કેવળપ્રયોગી અવ્યય વાકયના પ્રારંભે મૂકીએ ત્યારે અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

૧. હા, હું તો ચોક્કસ એમને મદદ કરીશ.

૨. કાં, એમની વાત તમને કેવી લાગી ?

● અવતરણચિહ્નનો ઉપયોગ કરીએ તે પહેલાં અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

૧. ભીમ કહે, 'લો હું હમણાં જ પાણી લઈને આવું છું.'

૨. ગાંધીજી બોલ્યા, 'આપણે સૌએ શાંતિ રાખવી જોઈએ.'

૩. સાહેબ કહે, 'કાલે સૌ થોડા વહેલાં આવજો.'

● લાંબાં વાક્યોમાં પેટા(ગૌણ) વાક્યો પછી અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

૧. કપિલ ડાહ્યો છે, કહ્યાગરો છે, હોશિયાર છે અને બહાદુર પણ છે.

૨. તમે કાલે સુરત આવશો, ત્યારે તેઓ નીકળી ગયા હશે.

૩. આ વખતે હું ત્યાં નહીં આવું, પણ તમે ત્યાં ખાસ રોકાજો.

● જે વાક્યો મોટાં હોય તેમાં સ્પષ્ટતા માટે તથા 'તેથી', 'પરંતુ', 'માટે', 'પણ' વગેરે સંયોજકોથી જોડાય ત્યારે તેના પહેલા અલ્પવિરામ મુકાય છે. હા, વાક્યો ટૂંકાં હોય તો એવી જરૂર નથી. જેમ કે,

૧. તમે આવ્યા પણ હું બહાર ગયો હતો. (અહીં અલ્પવિરામની જરૂર નથી.)

૨. પાસ થવા માટે એણે મહેનત ઘણી કરી, પણ ખરા ટાણે તે બિચારો બીમાર પડ્યો.

૩. તે ઘેર નહોતો તેથી જમ્યો નથી.(અહીં અલ્પવિરામની જરૂર નથી.)

૪. તે આજે ગામની શાળાએથી ઘણો મોડો છૂટ્યો, તેથી તેનું જમવાનું હજી પણ બાકી છે.

● સરનામું લખતી વખતે તે પૂરું ન થાય ત્યાં સુધી ખંડ પ્રમાણે વચ્ચે અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

૧. ૨૫, દર્શન સોસાયટી, બસ સ્ટેશન પાસે, વડોદરા.

૨. મુ. રતનપુર, તા.-વલ્લભીપુર, જિ. – ભાવનગર. ૩૬૪૩૧૩

(pin code પછી વિરામચિહ્ન નહિ.)

● તારીખ લખતી વખતે વાર, મહિનો જુદો દર્શાવવા વચ્ચે અલ્પવિરામ મુકાય છે. જેમ કે,

મંગળવાર, ૨૨ જૂન, ૨૦૨૧

અલ્પવિરામ ક્યાં વાપરવું તે વાકયના બોલવા પરથી

નક્કી થાય છે, માટે વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરવો. અલ્પવિરામનો (ખોટો) અતિરેક ન થાય તેનો ખ્યાલ રાખવો.

**૩. આશ્ચર્યચિહ્ન અથવા ઉદ્‌ગારચિહ્ન (!) : : (The Exclamation mark)**

● ક્રોધ, નવાઈ, વખાણ, ધિક્કાર,આશ્ચર્ય વગેરે લાગણી દર્શાવવી હોય ત્યારે આશ્ચર્યચિહ્ન મૂકવામાં આવે છે. જેમ કે,

૧. વાહ! કેવું સુંદર મજાનું દશ્ય છે! (નવાઈ લાગી)

૨. અરે! તમે બહુ મહેનત કરી! (વખાણ કર્યા)

૩. જા! કોઈ દિવસ મારી સાથે આવતો નહીં! (ક્રોધ કર્યો)

૪. અરે! તેં મારું આટલું કામેય ન કર્યું! (ધિક્કાર કર્યો)

● જ્યારે વાક્યમાં વિશેષ ભાવ દર્શાવતું કેવળપ્રયોગી મુકાયું હોય ત્યારે માત્ર એને જ ઉદ્‌ગારચિહ્ન લાગે છે. જેમ કે,

૧. તને ધિક્કાર! આટલી મદદ કરવી હતી.

૨. તને ધિક્કાર! આટલી મદદ ન કરાય! (અહીં બાકીનું વાક્ય પણ ભાવદર્શક છે, માટે છેડે પણ ઉદ્‌ગારચિહ્ન લાગે છે.)

૩. હાશ! લો બે ઘડી બેસીએ.

૪. હાશ! હવે તો ઘડીક બેસો! (અહીં બાકીનું વાક્ય પણ ક્રોધનો ભાવ દર્શાવે છે, માટે છેડે પણ ઉદ્‌ગારચિહ્ન લાગે છે.)

● હે, રે, જી વગેરે સાથે ભાવસભર સંબોધન કરવામાં આવ્યું હોય ત્યાં ઉદ્‌ગારચિહ્ન લાગે છે. જેમ કે,

૧. હે ભગવાન! તમારી દયા છે.

૨. અમિતજી! અમારું કહ્યું આટલું માનો.

૩. કઠિયારા રે! આવો અહીં બે ઘડી બેસીએ.

**૪. પ્રશ્નવિરામ (?) :** (The question mark)

● વાક્યમાં જ્યારે પ્રશ્નનો ભાવ હોય ત્યારે વાક્યના છેડે પ્રશ્નવિરામ મૂકવામાં આવે છે. જેમ કે,

૧. આવતી કાલે તમે મેળામાં ક્યાં જવાના છો?

૨. તમે આ વેકેશનમાં કઈ કઈ ચોપડીઓ વાંચી છે?

૩. ગાંધીજીની આત્મકથાનું નામ શું છે?

● મિશ્ર વાક્યમાંના મુખ્ય વાક્યમાં પ્રશ્નનો ભાવ હોય તો જ પ્રશ્નચિહ્ન (અને તે પણ) છેડે મુકાય છે. જેમ કે, મને ક્યાં ખબર હતી કે આજે વરસાદ આવશે? – અહીં 'મને ક્યાં ખબર હતી?' એ મુખ્ય (પ્રશ્ન)વાક્ય માટેનું પ્રશ્નાર્થચિહ્ન છેડે મુકાયું છે.

● ભલે પ્રશ્ન પુછાયો હોય પણ તેનો સ્વરભાર નીચો (અવરોહી) હોય ત્યારે પ્રશ્નચિહ્ન મુકાતું નથી. જેમ કે,

૧ તેઓ આવશે કે નહીં તેની મને ખબર નથી.(અહીં અંતે સ્વરભાર નીચો જાય છે એટલે પ્રશ્નચિહ્ન મુકાતું નથી.)

૨. સરદાર વલ્લભભાઈ વિષે દસ વાક્યો લખો. (અહીં પ્રશ્ન પુછાયો હોવા છતાં પ્રશ્નાર્થચિહ્ન મુકાયું નથી.)

૩. ભૌગોલિક કારણો આપો.

૪. આંખની આકૃતિ દોરી તેના વિષે સમજાવો.

વાક્ય નંબર ૨, ૩ અને ૪ માં તો 'લખો', 'આપો', 'સમજાવો' -એ શબ્દો આજ્ઞાના રૂપમાં છે. આ શબ્દો જ પ્રશ્નચિહનના પૂરક બને છે, એટલે પ્રશ્નાર્થચિહ્ન મુકાયું નથી

● લખાણમાં શંકા કે અનિશ્ચિતતા દર્શાવવા માટે પણ કૌસમાં પ્રશ્નચિહ્ન મુકાય છે. જેમ કે,

૧. હું ૧૯૯૮ (?)માં પ્રથમવાર મુંબઈ ગયો હતો. (અહીં સાલ વિષે શંકા છે માટે સાલ પછી પ્રશ્નચિહ્ન મુકાયું છે.)

૨. પૂર આવ્યું ત્યારે હું છઠ્ઠા(?) ધોરણમાં ભણતો હતો.(કયાં ધોરણમાં તે ખાસ ખબર નથી.)

૩.ત્યારે તો ત્યાં કિરણ, શિલ્પા, મલય, અચ્યુત(?) બધાં હતાં.(અચ્યુત પણ લગભગ હતો.)

**૫. ગુરુવિરામ અથવા મહાવિરામ (:) :** (The colon)

● જ્યારે વસ્તુ-પદાર્થોની યાદી આપવી હોય,

ગણતરી કરવી હોય કે વર્ણન કરવું હોય ત્યારે ગુરુવિરામનો ઉપયોગ થાય છે. જેમ કે,

૧. પાંડવો પાંચ ભાઈઓ હતા : યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ. અથવા

યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ અને નકુલ : પાંડવો પાંચ ભાઈઓ હતા?

૨. કચ્છમાં બે રણ છે : નાનું રણ અને મોટું રણ.

૩. હું તમને વિનંતી કરું છું : તમે મારી પાસે આવી જાવ.

● નાટકમાં બોલનારના નામ પછી એની ઉક્તિ ચાલુ થાય એ પહેલાં ગુરુવિરામ મુકાય છે.

૧. ભરત : મોટાભાઈ, તમને લીધા સિવાય હું અયોધ્યા નહીં જાઉં.

રામ : ભાઈ ભરત, હું કહું તે તું સાંભળ.

૨. ગુરુજી : ચાલો, આપણે બધાં હવે ભોજનકક્ષ તરફ જઈએ.

● એક વાક્યખંડને બીજાના પર્યાય સ્વરૂપે દર્શાવવા માટે પણ બંને શબ્દ-શબ્દસમૂહોની વચ્ચે ગુરુવિરામ મુકાય છે. જેમ કે,

૧. રવિશંકર મહારાજ : ગુજરાતનું મૂલ્યવાન મોતી

૨. સૌનો પ્રિય તહેવાર : દિવાળી

**૬. અવતરણચિહ્ન** (“ ” , ‘ ’ ) : (Inverted commas )

કોઈ નવો શબ્દ, કોઈના બોલાયેલા શબ્દો કે બોલાયેલી વાત તેના જ શબ્દોમાં રજૂ કરવા કે તેને આવરી લેવા આ ચિહ્ન વપરાય છે. જેમકે,

૧. લાલબહાદુર શાસ્ત્રીએ કહ્યું છે, ‘જય જવાન, જય કિસાન.’

૨. ગાંધીજીની આત્મકથાનું નામ ‘સત્યના પ્રયોગો’ છે.

૩. ગુરુજીએ કહ્યું, ‘પ્રવાસમાં દરેકે ‘હાથરૂમાલ’ ફરજિયાત સાથે લેવો.’

અવતરણચિહ્ન એકવડાં વાપરવાં કે બેવડાં એવો કોઈ ચોક્કસ નિયમ નથી. અવતરણચિહ્નની અંદર પણ અવતરણચિહ્ન વાપરવાનું આવે ત્યારે બહાર એક્વડાં, તો અંદર બેવડાં અથવા બહાર બેવડાં, તો અંદર એકવડાં વાપરવાં.

મિત્રો, લેખન કરતી સમયે વિરામચિહ્નો બાબતે કેવી કાળજી રાખવી જોઈએ એ બાબતે આપણે ‘કોડિયું’ના આગામી અંકમાં સમજ લઈશું.

ક્રમશ...

(ભાવનગર, મો. ૯૪૨૮૮૧૦૬૮૨)

**તારણ..**

ગણિતજ્ઞ બર્ટ્રાન્ડ રસેલ એક વખત ઊંડા ચિંતનમાં ગરકાવ હતા ત્યાં એમના એક દોસ્તે આવીને સવાલ કર્યો: ‘મિત્ર, ખૂબ વિચારમગ્ન છો, આજે વળી કયાં નૂતન વિચારમાં પડી ગયા ?’

બર્ટ્રાન્ડ રસેલ: ‘આજે મેં એક અનોખી શોધ કરી જે વિચિત્ર પણ છે. જયારે જયારે હું કોઇ જ્ઞાની સાથે વાર્તાલાપ કરું છું ત્યારે મને અનુભૂતિ થાય છે કે સુખની હવે કયાંય શકયતા રહી નથી, બસ જીવનમાં દુઃખ સિવાય કાંઈ નથી અને મારા બગીચાના માળી સાથે વાત કરતા મને હંમેશા આનંદની અનુભૂતિ થાય છે.’

**શિક્ષકનો પ્રભાવ**

સૌરાષ્ટ્રના મુખ્યપ્રધાન ઢેબરભાઈ એક ગામમાં ગયા ત્યાં એક ગ્રામજનને પૂછયું: ‘તું દારૂ પીએ છે?’

ગામડાના એ માણસે જવાબ આપ્યો : ‘ ના, કારણ કે અમને અમારા શિક્ષક નાનાભાઈએ શીખવ્યું છે કે દારૂને અડવું નહીં.’

## ૦૯ ગુજરાતના સ્થાપના દિવસ નિમિત્તે : હું ગુજરાત છું...

**ડૉ. સંજય તલસાણીયા**

---

હા હું ગુજરાત છું ! મારા અનેક લાડકવાયા સંતાનો, દધિચીસમા સંતો, પ્રજ્ઞાવાન અને પ્રતિભાસંપન્ન નર-નારીઓએ પોતાના કાર્ય પ્રત્યેની પ્રતિબધ્ધતા, શાલિનતાનો પરિચય આપી મારી યશગાથા વધારી છે. મારી ધરતી પર કુદરતે પણ પોતાની સુંદરતા છૂટા હાથે વેરી છે. મારી સુંદરતાને ચાર ચાંદ લગાવતા આભને આંબે એવા ગિરિશૃંગો અને ડુંગરમાળ છે. ખળખળ વહેતા ઝરણાં અને નદીઓ મારી ધરાને નંદનવન સરિખી બનાવે છે. મારા ચરણ પખાળતો પશ્ચિમે વિશાળ જલરાશી ધરાવતો, ઘૂઘવતો સાગર તેના કાંઠાને વૈભવ અને હરિયાળી બક્ષે છે. સૂમસામ ભાસતું કચ્છનું રણ, કચ્છની સભ્યતા અને સંસ્કૃતિ માણવા વિશ્વના ખૂણે-ખૂણેથી લાખો પર્યટકો આવે છે. મારા વિશાળ ભૂ-ભાગ પર અલખનો ઓટલો જગાવીને બેઠેલા સાધુ-સંતો અને મહાત્માઓ મારી ગૌરવશાળી અને ભોળી જનતાને જ્ઞાન અને ભક્તિ દ્વારા જીવનરસાયણનું અમૃતપાન કરાવી સંસ્કારિતાના પાઠ શીખવે છે. મારો ખોળો ખૂંદીને મોટા થયેલા પ્રજાવત્સલ રાજવીઓની ઉદારતા, શૂરવીરતાનો જોટો મળવો અન્યત્ર દુર્લભ છે. દેશની આઝાદી અપાવવામાં મારા લબરમુછાળા ફૂટડા જુવાનિયાઓનો ફાળો કોઈ નાનોસુનો નથી! તેઓએ પોતાના પ્રાણની આહુતિ આપી દેશ કાજે બલિદાન આપ્યા છે. તો વળી મારી દેશ અને વિશ્વની ઓળખ આપનાર અહિંસાના પૂજારી ગાંધી તેમજ લોહપુરુષ સરદાર પટેલની તદન અલગ અહિંસક કાનૂનભંગની લડાઈએ વિશ્વને લડતનો અનેરો માર્ગ ચીંધ્યો છે. મને ગૌરવ છે મારી પચરંગી પ્રજા પર, કેમકે તેના ખાન-પાન, ભાષા, વેશભૂષા, રીત-રિવાજો અને ઉત્સવો-તહેવારો ભલે અલગ-અલગ હોય પરંતુ તેની એકતા અને અખંડિતતા મારા ચિત્તને શાતા અર્પે છે.

હા હું એજ ગુજરાત છું ! કે જ્યાં, દરેક ગામ,શહેર અને ગલીઓમાં એવું તો હીર છુપાયેલું છે કે જે અવર્ણનીય છે. તેની મૂકગાથા કહેતા મારા અનેક ગામને પાદરે ગાયો કે સતીત્વની રક્ષા કાજે કસુંબલ રંગે રંગાયેલા પાળીયાઓની વીરગાથાઓ ઢબૂરાઈને પડી છે, એ મારી આંખ્યુંના રતન છે. મારો અભિન્ન હિસ્સો જૂનો ગઢ ગિરનાર કે જ્યાં આજે પણ સાવજની ડણકો સંભળાય છે. અનેક પંખીડાઓ સવાર અને સાંજવેળાએ મીઠાં ગીતડાં ગાઈને વાતાવરણને ગુંજતું કરે છે. અનેક વૃક્ષો અને જીવ-જંતુઓની પ્રજાતિ માટે મારું આ સ્થળ આશ્રયસ્થાન છે. આજે દામોદર કુંડને યાદ કરું છું તો નરસિંહ મહેતાના પ્રભાતિયા કરતાલ સાથે સંભળાય છે. મારા રંગીલા રાજકોટની તો વાત જ શી કરવી ? જેના લોખંડના ઓજાર વિશ્વમાં ડંકો વગાડે છે. મારા આ શહેરના રેસકોર્સ, જયુબેલીબાગ, વિજ્ઞાન કેન્દ્ર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સિદ્ધિ અનેરી છે.

મારા સુરતની સૂતરફેણી, સાડી ઉધોગ અને હીરા ઉદ્યોગનું નામ ખૂબ ઊંચું છે. એમાં પણ મારા કચ્છની વાત જ નિરાલી છે. કચ્છીબોલી, કચ્છનું બન્નીભરત, આયના મહેલની કારીગરી અને જેસલ-તોરલની સમાધિ મારી મોંઘી મિરાત છે. વડોદરાનો શાહીમહેલ અને મ્યુઝિયમ મારૂ જગતને નજરાણું છે. ધોળકાનું માલવ તળાવ લોકમાતા મીનળ દેવીની યાદ તાજી કરાવે છે. પાઘડીપને પથરાયેલું ભરૂચ અને તેના વિશાળ ખનીજો સાથે અંકલેશ્વરની વિશ્વમાં પ્રસિદ્ધિ છે. કલાતીર્થ સમો મારો ડભોઈનો કિલ્લો સોલંકી યુગની યાદ અપાવે છે. આ શહેર સ્થિત કલાનો જીવંત નમૂનો તોરણ કમાન મારું ઘરેણું છે. શિક્ષણ અને સંસ્કાર

નગરી ભાવનગર અને તેના પ્રજાવત્સલ રાજવી ભાવસિંહજી મહારાજની ઉદારતા અને દિલેરી ગોહિલવાડમાં કોઈ કલાકૃતિની માફક જનતામાં કંડારાઈ ચૂકી છે. અને હા, પાટણનું કોઈ નામ લે છે ત્યાં મને સિધ્ધરાજ જયસિંહ તેમજ પટોળાંની ભીની ભાત્યું તેમજ 'સિદ્ધહેમ' ગ્રંથનું સ્મરણ થઈ આવે છે.

મારા હૃદય સમું અને વિભિન્ન ઉદ્યોગોથી ધમધમતું મેગાસીટી અમદાવાદ અનોખુ અને નિરાળું છે. આ શહેર અનેક વૈશ્વિક પર્યટકો અને અભ્યાસીઓનું સરનામું છે. કેમકે મારા આ શહેરમાં ગાંધીજી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાં આજે પણ અનેક યુવાનો જીવનલક્ષી તાલીમ મેળવી રહ્યા છે. સીદીસૈયદની જાળી, રિવરફ્રન્ટ, સાબરમતી આશ્રમ, પ્રાણીસંગ્રહાલય અને મધ્યમાં આવેલું કાંકરિયા તળાવ સૌનાં આકર્ષણનાં કેન્દ્ર છે. મારી રાજધાની છે ગ્રીનસિટી ગાંધીનગર! તેના આલીશાન રાજમાર્ગો, વિધાનસભા અને અક્ષરપુરુષોતમને હું જ્યારે પણ યાદ કરું છું ત્યારે મારી છાતી ગજ ગજ ફૂલવા લાગે છે.

એમાં પણ જ્યારે ડાંગ, આહવા અને નર્મદા જિલ્લાનું સ્મરણ થઈ આવે છે ત્યારે તેની પ્રાકૃતિક શોભા,ભોળી જનતા અને તેની આગવી અનોખી જીવનશૈલી તેમજ તેના ઉત્સવો-તહેવારો, રીત-રિવાજો એ મારી વિશ્વને શ્રેષ્ઠ ભેટ છે.

આગળ મેં જે વર્ણવ્યું એ મારી આ ધરા પર અનેક સપૂતો જન્મ્યા છે. મારી મોંઘેરી જણસ એટલે વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધી, લોહપુરુષ સરદાર પટેલ, અલગારી પીર કચ્છની ધિંગીધરાના શ્યામજી કૃષ્ણવર્મા, મારા વ્હાલસોયા દાદાભાઈ નવરોજી, ઉદ્યોગવીર જમશેદજી તાતા. ગુજરાતના અણુશક્તિપંચના અધ્યક્ષ વિક્રમ સારાભાઈ આપણું ગૌરવ છે.

મારી આ ધરાના પનોતા અનેક પુત્રો છે, મહાન ક્રિકેટર રણજીતસિહ, પ્રસિદ્ધ મહાન પત્રકાર શામળદાસ ગાંધી, જૈન મુનિ વિજયજી, વનસ્પતિ શાસ્ત્રી જયકૃષ્ણ ઈન્દરજી, રાજવૈદ ઝંડુ ભટ્ટજી આ ઉપરાંત વસ્તુપાલ તેજપાલ અહીંના દરિયાદિલ વણિકરત્નો છે. જનસેવાના ભેખધારી ક્રાંતિકારી સ્વામી સચિદાનંદજી, બાપુના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈનો ઉલ્લેખ હું ન કરું તો તો મારા આ સંતાનો રિસાઈ ન જાય !

હા હું એ જ ગુજરાત છું! કે જેનો ખોળો ખૂંદતા અનેક છોરુંઓ છે. હરતું-ફરતું પુસ્તલકાય છે પ્રજ્ઞાચક્ષુ સુખલાલજી! સવાઈ ગુજરાતી અને વિશ્વપ્રવાસી કાકાસાહેબ કાલેલકર, શિક્ષણના નક્ષત્ર નાનાભાઈ ભટ્ટ કે જેમણે સ્થાપિત આંબલા, લોકભારતી સણોસરા સંસ્થાઓ આજે પણ અનેક વિદ્યાર્થીની જ્ઞાનપિપાસા બુઝાવી રહ્યા છે. લોકઢાળના ગાયક દિવાળીબહેન, પ્રખર જનસેવક સંત પુનિત મહારાજ, તીર્થસ્વરૂપ ડોંગરેજી મહારાજ, શ્વેતક્રાંતિના જનક વર્ગીશ કુરિયન મારી સાચી ઓળખ છે. શ્રમ અને ભક્તિની સુગંધ પ્રસરાવતા સહજાનંદ સ્વામી, મૂક સેવક ઠક્કરબાપા અને મોતીભાઈ ચરોતરનું સાચે જ મોતી છે.અર્વાચીન ઋષિ વેડછીનો વડલો જુગતરામ દવે મારા ધ્રુવતારક છે. નિરુપા રોય, આશા પારેખ, સંજીવકુમાર અને પરેશ રાવલ મારા આ સંતાનો ફિલ્મ જગતના ઝળહળતા સિતારા છે. હાસ્યરસનું મોઝું પ્રસરાવતા મર્માળી હળવી શૈલીના રક્ષક જ્યોતીન્દ્ર દવે, વિનોદ ભટ્ટ, બકુલ ત્રિપાઠી મને હંમેશાં યાદ રહેશે.

હા દોસ્તો ! મારી ભોળી જનતાને ભીમ – ખીમ – રવિ અને સંત ત્રિકમે ભક્તિના રંગે રંગી દીધાં છે. કલ્યાણકારી પ્રવૃતિમાં જેનું બહુ મોટું નામ છે તે વંદનીય સંત શ્રીમોટાની મહાનતા બેનમૂન અને અનુકરણીય છે. બગદાણે અલખ ઓલિયો બજરંગદાસ અને તેની અલખ રામ-રોટી યાત્રાળુઓમાં પ્રસિદ્ધ છે.

મારી ધરતી પર જ્ઞાન-વૈરાગ્યની અનુભૂતિ પામી ચૂકેલા સંતો —મહંતો અને સાહીત્યકારોની બોલબાલા છે. સંતોએ પોતાના જીવનના અનુભવોનો અમીરસ આપી અને સાહિત્યકારો કલમ દ્વારા જનતામાં શીલ અને સંસ્કારના

બીજનું વાવેતર કરે છે. એટલું જ નહી, ચાંદામામા, બાલવાડી,ધિંગામસ્તી મારા નાના ભૂલકાઓના માનસને જ્ઞાન સાથે ગમ્મત આપી સંસ્કાર સિંચન કરે છે. એ જ રીતે અખંડઆનંદ, કોડિયું, નવનીત સમર્પણ , કુમાર, શબ્દસૃષ્ટિ, પરબ વગેરે સામયિકો વડીલો અને વિશાળ શિક્ષિત વાચકવર્ગની સાહિત્યિક પ્યાસ બુઝાવે છે.

સૌરાષ્ટ્રના મારા ખૂણે-ખૂણે ધરમની ધજાતળે રાત-દિવસ ચોવીસ કલાક જ્યાં હરિહરનો સાદ સાંભળાય છે તે સતાધાર શામજીબાપુની જગ્યા , સાળંગપુર હનુમાનજીની જગ્યા, પાળિયાદ વિસામણ બાપુની જગ્યા, વિરપુર જલારામધામ, ચોટીલા અલખનો ઓટલો, સાયલા ઠાકરની જગ્યા વર્ષોથી મારા ભક્ત, ભાવિક યાત્રાળુઓની સેવામાટે કાર્યરત છે.

આ સાથે-સાથે મારી પર્યાવરણપ્રેમી જનતાનું પ્રકૃતિ તરફ ધ્યાન દોરતાં અભયારણ્યો જેમાં હિંગોળગઢ, પક્ષીઓ માટે ઈન્દ્રોડા પાર્ક અને નળસરોવર, ગીરમાં સિંહ, વેળાવદરમાં કાળિયાર, ધોળાવીરા ઘૂડખરનું અભયારણ્ય સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. મૂંગી બેઠેલી લોથલ અને ધોળાવીરાની સંસ્કૃતિ મારી પ્રાચીન સભ્યતા અને સંસ્કૃતિની ઝાંખી કરાવે છે. આ ઉપરાંત જગપ્રસિદ્ધ તરણેતરનો ભાતીગળ મેળો ,જૂનાગઢનો મહાશિવરાત્રીનો મેળો અને વૌઢાનો મેળો એટલા જ પ્રસિદ્ધ છે. મારી ઓળખ એવી તાપી, મહી, સાબરમતી, ભાદર વગેરે નદીઓ ખેડૂતોની જીવાદોરી સમાન છે. એમાં પણ લોકમાતા કહેવાતી મારી પુત્રી નર્મદાની જેટલી પ્રસંશા કરુ એટલી ઓછી છે.

મારા ધર્મધજાના રક્ષક સમાન દ્વારકાના દ્વારકાધીશ, અંબાજીના અંબામાતા, ગઢડામાં સ્વામિનારાયણ ભગવાન, મોઢેરામાં સૂર્યમંદિર , પાલિતાણાના જૈન દેરાસર મારી ભક્તિપ્રિય જનતાને ભક્તિના રંગે રંગે છે.

હા હું, આ એજ પ્રસિદ્ધ ગુજરાત છું! જ્યાં વિશ્વનું સૌથી મોટું અલંગ શીપબ્રેકિંગ યાર્ડ છે. મારા કૃષકોએ મહામહેનતે તૈયાર કરેલ ચૂડા અને ગોંડલનું મરચું , ભાવનગરના ઝમરૂખ, ઊંઝાનું જીરું , જૂનાગઢની કેસર કેરીનો ચટકો જો ન માણ્યો હોય. આ ઉપરાંત જામનગરનું કંકુ, પાટણના પટોળા, સાવરકુંડલાના વજનકાંટા, કંડલા મુંદ્રાપોર્ટ, જેતપુરની બાંધણી , અંજારની સૂડી અને સંખેડાનું ખરાદીકામ ભારતભરમાં સુપ્રસિધ્ધ છે. સ્ટેચ્યું ઓફ યુનિટી અને મહાત્મામંદિર મારી આગવી ઓળખ બન્યાં છે.

હે વિશ્વના માનવીઓ! મારી ગુર્જરી પ્રજા ધીર, વીર, ગંભીર તેમજ ખમી ખાનારી જનતાએ ખૂબ પ્રાકૃતિક આપદાઓ સહન કરી છે. તેણે છપ્પનિયા દુષ્કાળની દારુણદશા વેઠી છે, મરકીની મહામારી સહન કરી છે, મચ્છુ ડેમની હોનારતનો માર સહન કર્યો છે, ભૂકંપની કારમી પીડા વેઠી છે. હાલ કોરોના જીવલેણ રોગ સામે પણ તેણે બાથ ભરી છે. છતાં એ થાકી, કે નિસ્તેજ બની, હતોત્સાહ થાય તેવી મારી જનતા નથી. આ બધાંમાથી પણ ઉત્સાહભેર આગળ વધી, બેઠા થાય એવું મારી જનતાનું કાળજું છે.

મારી આ જનતા પામી ગઈ છે કે, હવે ફરી કૃષ્ણ, ગાંધી કે સરદાર આ ધરા પર અવતરી, આ બધી સમસ્યાનું સમાધાન કરવા નહીં આવે. હવે જાતે જ તૈયાર થવું પડશે. વેપાર-વાણિજ્ય, પશુપાલન, બાગાયત, શિક્ષણ, ટૅકનૉલૉજી, આરોગ્ય અને સુરક્ષાની બાબતમાં સ્વનિર્ભર બની વિકાસની કેડી રચી છે. દેશ-દુનિયાને તેનો પરિચય કરાવ્યો છે. આ છે મારી જનતાનું કૌવત, કુશળતા અને કાબેલિયત! હા, તેથી જ તો મને તેનું ગૌરવ છે, પરિતોષ છે.

મને વિશ્વાસ છે મારી આ ખમીરવંતી જનતાના દિલો-દિમાગમાં મારી સાંસ્કૃતિક વિરાસત ચિરંજીવી બની રહેશે અને તો મારા વૈભવને છાજે તેવાં નિત્ય-નૂતન કાર્યો કરશે, સેવા, સંપ અને સહિષ્ણુતા દાખવી ગુજરાતનું નામ જગતના ચોકમાં દીપાવશે.

(મો. ૭૯૯૦૫૦૯૨૯૩)

## ૧૦ પીએચ.ડી. અભ્યાસક્રમનો પ્રારંભ..

**અંકુર મહિડા**

---

લોકભારતી ગ્રામવિદ્યાપીઠને ખાનગી વિશ્વવિદ્યાલય (લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશન -સણોસરા) તરીકે માન્યતા મળતાં જ ટૂંકા ગાળામાં યુનિવર્સિટી દ્વારા શોધકર્તાઓ માટે યુજીસી માન્ય પીએચ.ડી. અભ્યાસક્રમનો પ્રારંભ થયો છે.

યુનિવર્સિટી દ્વારા પ્રાથમિક તબક્કે અંગ્રેજી, શિક્ષણ, મનોવિજ્ઞાન, એગ્રોનોમી, સંસ્કૃત અને ગુજરાતી એમ કુલ ૬ વિષયમાં પીએચ.ડી. અભ્યાસક્રમનો પ્રારંભ થયો છે. પીએચ.ડી. અભ્યાસક્રમની જાહેરાત બાદ કુલ ૩૦ કરતા પણ વધારે અરજીઓ આવી હતી. અરજીઓને આધારે યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

લોકભારતી યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. અભ્યાસક્રમના પ્રવેશના ભાગરૂપે ઉમેદવારો, યુનિવર્સિટી અધ્યાપકગણ અને અન્ય રસ ધરાવતા સંશોધકો માટે સંશોધન પદ્ધતિઓ અને કાર્ય દરખાસ્ત રજૂઆત પર તા. ૪ અને ૫ માર્ચ ૨૦૨૩ના બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

લોકભારતી યુનિવર્સિટી ખાતે શોધકર્તાઓની આ પ્રથમ કાર્યશાળાનો દીપપ્રાગટ્ય સાથે પ્રારંભ થયો. ઉદ્‌ઘાટન સમારોહમાં યુનિવર્સિટીના કુલાધિપતિ ડૉ. અરુણભાઈ દવે, કુલપતિ પ્રો. ડૉ. ભદ્રાયુ વછરાજાની, પ્રો. ડૉ. દિલીપ બારડ (વિભાગીય વડા, અંગ્રેજી વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી) શ્રી રામચંદ્રભાઈ પંચોલી (ટ્રસ્ટી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ), શ્રી હસમુખભાઈ દેવમુરારિ (નિયામકશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ) સૌએ ઉપસ્થિત રહી યુનિવર્સિટી અને ભાવિ શોધકર્તાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રારંભે ડૉ.અંકુર મહિડાએ પ્રાસ્તાવિક ભૂમિકા રજૂ કરી સાથે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

લોકભારતી સંસ્થાના મોભી અને લોકભારતી યુનિવર્સિટીના કુલાધિપતિ ડૉ. અરુણભાઈ દવેએ લોકભારતીના મૂળ સંકલ્પમાં ગામડું છે, તે ઉદ્દેશ માટે શોધકર્તાઓ (પીએચ.ડી. કરનાર) પૂરક બને તેવો અનુરોધ કર્યો. તેઓએ અહીંના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણનો ઉલ્લેખ કર્યો.

લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ અને જાણીતા શિક્ષણવિદ્ પ્રો. ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ શોધકર્તાઓને શુભેચ્છા પાઠવી યુનિવર્સિટીની કાર્યપ્રણાલીથી વાકેફ કર્યા હતા. સાથે અન્ય ખાનગી સંસ્થાઓના અપવાદરૂપ કિસ્સામાં સંશોધન અભ્યાસ-પ્રવૃત્તિ સહેલી નહીં પરંતુ મક્કમતા સાથે અને માનવીય અભિગમ સાથે રહેશે જેનો ખ્યાલ રાખવા પર ભાર મૂક્યો. તેઓએ અહીંની વિશાળ માળખાકીય પૂરક સુવિધાનો લાભ લેવા આગ્રહ વ્યક્ત કર્યો.

આ કાર્યશાળા પ્રારંભે પ્રથમ સેશન કૃષ્ણકુમારસિંહજી ભાવનગર વિશ્વવિદ્યાલયના પ્રો. ડૉ. દિલીપ બારડ દ્વારા માર્ગદર્શન વક્તવ્ય 'સંશોધન વિષય પર નિર્ણય લેવા અને એક વિષયને દલીલમાં ફેરવવી વિષે' આપ્યું હતું જેમાં તેઓએ સંશોધન (પીએચ. ડી.) માટે રચનાત્મક કરતા વૈજ્ઞાનિક પદ્ધતિ અનિવાર્ય ગણાવી. તેઓએ અન્ય શોધસંદર્ભોમાંથી નકલ નહીં પરંતુ પૂરક અને નવીન ઉમેરણો કરવા જણાવ્યું. ડૉ. બારડ સરે સાથે જણાવ્યું હતું કે 'આપણે પ્લેટોની જેમ પ્રશ્નો પૂછતાં રહીએ છીએ પરંતુ પ્રતિબંધ/સમસ્યાત્મક પ્રશ્નોના ઉકેલો આપવામાં અને મૌન રાખવાનું એરિસ્ટોટલની જેમ કાર્ય કરવાનું ભૂલી જઈએ છીએ, જે સંશોધકની સારી ગુણવત્તા નથી.'

ડૉ. મહેન્દ્ર ચોટલિયાએ પ્રથમ દિવસના બીજા સેશનમાં 'ટેમિંગ ધ ડ્રેગન' પર વક્તવ્ય આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે

જો આપણે જુસ્સા અને જિજ્ઞાસા સાથે સંશોધન કરીએ તો તે વધુ સુલભ બનશે. ડૉ. ચોટલિયાએ સંશોધકનું મન કેવી રીતે વિકસાવવું તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું. એક સારો સંશોધક હંમેશા વાંચવાને બદલે અભ્યાસ કરે છે, લાગણીને બદલે તર્ક કરે છે અને વિશ્વાસ કરવાને બદલે શંકા કરે છે. ડૉ.ચોટલિયાએ હા/ના શોધવાને બદલે કંઈકમાં સંભાવનાઓ શોધવાની માનસિક સ્થિતિ વિકસાવવા પર ભાર મૂક્યો હતો. સંશોધનને ટેમિંગ કરવાનો અર્થ છે સંશોધન વિશ્લેષણ અને અર્થઘટન સાથે પોતાના મનને કાબૂમાં રાખવું.

ડૉ.ભદ્રાયુ વછરાજાનીએ પ્રથમ દિવસે ત્રીજા સત્રમાં સંશોધન પદ્ધતિના સ્ટેપ્સ પર વક્તવ્ય આપ્યું હતું. સંશોધકને સંશોધન માટે એક વિષય પસંદ કરવાની જરૂર છે જેમાં તેણે સમસ્યાનું અવલોકન કર્યું હોય. તેમણે એક સામાન્ય ફોર્મેટ આપ્યું જે સંશોધન માટે સંશોધકે અનુસરવું જોઈએ, જેમાં ઉદ્દેશો અને શીર્ષક નક્કી કરવાં, પૂર્વધારણાઓની રચના, ચલોની ઓળખ અને તેમની કાર્યકારી વ્યાખ્યાઓ, સાધનોની પસંદગી અથવા નિર્માણ, નમૂના, સંશોધન પદ્ધતિ, ડેટાનો સંગ્રહ, વિશ્લેષણ અને અર્થઘટન, ડેટા, શૈક્ષણિક અસરો વિકસાવવી અને સંશોધન અહેવાલ લખવાનો સમાવેશ હતો. તેમણે વિષય અને સંશોધક બંનેની સંશોધનક્ષમતા ચકાસવા પર ભાર મૂક્યો કારણ કે બંનેની ભૌતિક મૂર્તતા સંશોધનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભવિષ્યમાં સંશોધનની વ્યવહારુ અને સૈદ્ધાંતિક ઉપયોગિતા હોવી જોઈએ.

ડૉ. વિશાલ ભાદાણીએ બીજા દિવસનું પ્રથમ સત્ર 'શા માટે મલ્ટિડિસિપ્લિનરી રિસર્ચ?' વિષે વ્યાખ્યાન કર્યું હતું. ડૉ. ભાદાણીએ સંશોધકે તેના સંશોધનમાં છુપાયેલી સમપ્રમાણતા પેટર્નને ઓળખવાની જરૂર છે, જે સંશોધનને આગળ ધપાવવા માટે આંતરસંબંધિત વિદ્યાશાખાઓને પ્રગટ કરે છે તેમ જ સંશોધનના મહત્ત્વમાં આંતરશાખાકીય જોડાણો દર્શાવવા પડશે તે બાબત ભાર મૂકયો હતો.

છેલ્લા સત્રમાં, દરેક સહભાગીએ વિષય-નિષ્ણાતો સમક્ષ કાર્યકારી દરખાસ્તો રજૂ કરી. ડૉ. મહેન્દ્ર ચોટલિયા, ડૉ. વિશાલ ભાદાણી, ડૉ. ભૌતિક લિંબાણી, ડૉ. અંકુર મહિડા વગેરેએ સહભાગીઓને તેમના સંશોધનવિષયોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરવા વિવિધ રીતે માર્ગદર્શન આપી યોગ્ય સૂચનો કર્યાં હતાં. ડૉ. ભૌતિક લિંબાણી, એકેડેમિક ડિરેક્ટર, પીએચ.ડી. અભ્યાસક્રમના નિયમો અને નિયમન, તેમ જ કોર્સવર્ક વિષે શોધકર્તાઓને વાકેફ કર્યા હતા. અહીં કાર્યશાળામાં જોડાયેલા શોધકર્તા અભ્યાસુઓએ પોતાના લક્ષ્ય અને સફળતા માટે સુંદર પ્રશ્નોત્તરીનો લાભ લીધો હતો.

**સાથી મારા જોરદાર !!**

હું તો હતી બડભાગી, મને તમે મળ્યા
આત્મગૌરવથી એવું પણ કહું કે...
અમે ખમીરવંતા પિતાનાં
સંતાન ખુમારીભર્યાં

હું તો હતી બડભાગી, મને તમે મળ્યા
હું કહીશ, તમે પણ કેવા નસીબદાર
કે અમે તમને મળ્યાં
તમે કેવાં અઘરાં અઘરાં કામ કર્યાં!
હું કહું તો અમે તમને કેવાં ફળ્યાં!

તમે એવા નિર્ભય કે
અંધકારમાંથી માર્ગ શોધતા ગયા
અમે એવા તેજદારકે
તમને પ્રકાશિત કર્યા

અમે એવા અડીખમ ટેકેદાર
કે તમે આટલા પડકાર ઝીલી શક્યા
અમે સેવાના અમીદાર પ્રેમસભર રહ્યાં
ને તમે... કડવું મધુરું કરી પી શક્યા !

**- અર્ચના અરુણ દવે**

## ૧૧ એક ઐતિહાસિક કાર્યક્રમ

**વિશાલ ભાદાણી**

એક અનન્ય કાર્યક્રમઃ રાષ્ટ્રમાતા કસ્તૂરબા ગાંધી સન્માન પારિતોષિક-૨૦૨૩ ઉમરગામ-વાપીમાં તા. ૦૧/૦૪/૨૦૨૩ના રોજ સંપન્ન થયો. માતુશ્રી મીઠીબેન ટોકરશી શાહ પરિવાર વતી શ્રી મણિલાલ ગાલાના આયોજન-માર્ગદર્શન હેઠળ વિજ્ઞાન અને સર્વોદયના ક્ષેત્રે કામ કરી રહેલા કર્મશીલોના ધર્મપત્નીઓને 'રાષ્ટ્રમાતા કસ્તૂરબા ગાંધી સન્માન પારિતોષિક' એનાયત કરવામાં આવ્યાં.

૧૯૪૪માં આગાખાન પેલેસ ખાતેની નજરકેદ દરમિયાન કસ્તૂરબાએ વિદાય લીધી એ વખતે ગાંધીજીએ એમને શ્રદ્ધાંજલિ આપતા કહેલું કે 'She stood above me' આ. અરુણ ગાંધી લખે છે, 'મારાં દાદીની જીવનકથા બસ એટલી જ કે જ્યારે મોહનદાસ સત્યના પ્રયોગો કરતા હતા ત્યારે બા તે પ્રયોગોનો તાપ જીરવતાં હતાં.'

આ સન્માન સમારોહમાં જે તપસ્વિનીઓ સન્માન થયાં એમનું જીવન પણ આ 'તાપ જીરવવા' જેવું જ રહ્યું છે. કારણકે એવું કહેવાય છે ઉત્તમ વિજ્ઞાનીઓ, કલાકારો, વિદ્વાનો અને કર્મશીલો અલગારીઓ હોય છે, એમને વાંચવા ગમે, એમની સાથે અમુક કલાકો કે દિવસો રહેવું ગમે; પણ એમની સાથે આખી જિંદગી કાઢવી એટલે દીવો લઈને વાવાઝોડા સાથે રહેવા બરાબર છે, શરત એટલી જ દીવો ઓલવાઈ ન જાય એના માટે સતત જાત રેડ્યા કરવાની!

આ કાર્યક્રમમાં ડૉ.જે.જે. રાવલના ધર્મપત્ની શ્રીમતી દેવિકાબહેન રાવલ, ડૉ. અરુણકુમાર દવેના ધર્મપત્ની શ્રીમતી અર્ચનાબહેન દવે, શ્રી ચૈતન્યભાઈ ભટ્ટના ધર્મપત્ની શ્રીમતી સોનલબહેન ભટ્ટ અને શ્રી પાર્થેશભાઈ પંડ્યાના ધર્મપત્ની શ્રીમતી બિંદુબહેન પંડ્યાનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગના અધ્યક્ષ પદ્મશ્રી ગફુરભાઈ બિલખિયા હતા. સમગ્ર કાર્યક્રમની વિશેષતા એ હતી કે પ્રત્યેક તપસ્વિનીનું સન્માન એમના પતિઓના વરદહસ્તે કરવામાં આવ્યું!

કાર્યક્રમ દરમિયાન કચ્છમાં ઉમદા સેવાકાર્ય કરતા શ્રી લીલાધરભાઈએ પોતાના જીવનના અંગત પ્રસંગોની વાત કરતા દરેક સ્ત્રી કસ્તૂરબા છે એ વાત પર ભાર આપતું મનનીય વ્યાખ્યાન આપ્યું. જાણીતા લેખિકા સોનલ પરીખે આ પ્રસંગે કસ્તૂરબા અને ગાંધીજીના દામ્પત્ય વિષેના ઘણા બધા જાણ્યા-અજાણ્યા પ્રસંગો દ્વારા સૌને ભાવવિભોર કર્યા અને ડૉ.અરુણકુમાર દવેએ પોતાના વ્યાખ્યાનમાં માનવીની સેવા કરવાની ઈચ્છાને વૈજ્ઞાનિક રીતે સમજાવી અને કહ્યું આ તો બ્રહ્માંડનું સેવા-નર્તન છે!

આ 'રાષ્ટ્રમાતા કસ્તુરબા ગાંધી સન્માન પારિતોષિક' આવો ઉત્તમ વિચાર જે પરિવારને આવ્યો છે એવા માતુશ્રી મીઠીબેન ટોકરશી શાહ પરિવારને વંદન! મણિલાલ બાપાનો આખો પરિવાર આ કાર્યક્રમમાં પ્રેરકતા અને કૃતજ્ઞતાના ભાવ સાથે જોડાયો. લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને આ જ પરિવારના ભાઈ કુણાલ ગાલા અને એમના મોટાભાઈ હર્શલભાઈ તથા પરિવારે કાર્યક્રમ-આયોજનની તમામ જવાબદારી નિભાવી.

આ કાર્યક્રમની કેટલીક વિશેષતાઓઃ

૧. ભાવપ્રધાન ૨. સૌ આપેલ સમય કરતાં ઓછું બોલ્યા ૩. આયોજક શ્રી મણિલાલ બાપાએ સન્માનિત બહેનોના પરિવારોને પણ તેડાવ્યા ૪. સૌની વાતમાં નક્કર અનુભવ અને એમાંથી નીપજતી નમ્રતા.

આવી તપસ્વિની બહેનોનું સન્માન થવું જોઈએ એવો ઉત્તમ વિચાર પ્રકૃતિ એક સાથે ઘણાં બધાને આપતી હોય છે પણ જે એને સાચા અર્થમાં ધારણ કરી શકે અને જેમના દ્વારા આ વિચાર સજીવન થાય એ જે તે વ્યક્તિ કે પરિવારની પાત્રતા પર નિર્ભર રહે છે. એ અર્થમાં પણ આ શાહ/ગાલા પરિવાર પ્રકૃતિની આવી કૃપા માટે પાત્ર બન્યો તેના માટે આ પરિવારના સૌને ખૂબ ખૂબ અભિનંદન!

ગાંધીનો ધબકાર

## ગાંધીજીનું સાહિત્ય : શીલ તેવી શૈલી

'દાક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' પુસ્તકમાં ગાંધીજીએ લખ્યું છે, 'આ પુસ્તક લખવાનો હેતુ લખવા ખાતર તો છે જ નહીં, દક્ષિણ આફ્રિકાના ઈતિહાસનું એક પ્રકરણ લોકો સામે મૂકવું એ હેતુ પણ નથી. પણ જે વસ્તુને સારું હું જીવું છું, જીવવા ઈચ્છું છું અને જેને સારુ તેટલે જ દરજ્જે મરવાને પણ તૈયાર છું એમ માનું છું; તે વસ્તુ કેમ ઉત્પન્ન થઈ, તેની સામુદાયિક અજમાયશ કેમ કરવામાં આવી, એ વસ્તુ પ્રજા જાણે, સમજે, પસંદ કરે અને પોતાની શક્તિ પ્રમાણે અમલમાં મૂકે એ છે.'

મોહનદાસ કરમચંદ ગાંધી આપણી સાહિત્ય પરિષદના બારમાં અધિવેશનના પ્રમુખ હતા. તેઓ સાહિત્યકાર ગણાય છે અને તેમના નામનો એક 'યુગ' સાહિત્યના ઈતિહાસમાં બોલે છે. તેમનાં બધાં જ લખાણો કર્તવ્યોન્મુખતા જગાડતાં અને એ જગાડવા માટે જ લખાયેલાં છે. એમનાં લગભગ બધાં જ લખાણો છાપાં માટે લખાયાં હતાં અને જે લખાણ પુસ્તકરૂપે લખાયેલાં છે તે પણ છાપાંઓમાં ક્રમે ક્રમે પ્રગટ થયાં હતાં અને એ જ રીતે હપ્તે હપ્તે લખાયાં પણ હતાં.

તેઓ છેક ૧૯૦૩થી છાપાં ચલાવતા, એટલે એમણે લગભગ ૪૦ વર્ષ સુધી છાપાં ચલાવ્યાં અને તે અત્યંત જાગૃતપણે ચલાવ્યાં. તે વગર તેઓ આત્મકથામાં આવો દાવો ન કરી શકે કે પોતે 'ઈન્ડિયન ઓપિનિયન' દસ વર્ષ ચલાવ્યું, અને પોતાના લેખ સિવાયનો અંક ભાગ્યે જ બહાર પડ્યો હશે; તેમ છતાં 'એમાં એક પણ શબ્દ મેં વગર વિચાર્યે, વગર તોળ્યે લખ્યો હોય, કે કોઈને કેવળ ખુશ જ કરવાને ખાતર લખ્યો હોય, કે જાણી જોઈને અતિશયોક્તિ કરી હોય એવું મને યાદ નથી... હું જાણું છું કે એનાં લખાણો ટીકાકારને પોતાની કલમ પર અંકુશ મેલવા ફરજ પાડતાં. (આત્મકથા ખંડ-૨, પૃ. ૨૨)

સામા ટીકાકારમાં પણ સંયમ પ્રેરનારો એ સંયમ કેવો હશે એ સમજવા જેવું છે. આથી જ એમણે ૧૯૧૯માં જ્યારે 'નવજીવન' શરૂ કર્યું ત્યારે તેના પહેલા જ લેખમાં લખ્યું હતું :

'સિક્યુરિટી કે શરીર બચાવવા ખાતર કહેવાનું કહેતાં 'નવજીવન' આંચકો નહીં જ ખાય. પણ સત્ય કહેતાં વિનયનો ત્યાગ નહીં થાય. 'નવજીવન'માં ક્યાંય વગર વિચાર્યું વાક્ય નહીં હોય, નકામું વિશેષણ નહીં હોય. ખરું જોતાં સત્યને વિશેષણના શણગારની જરૂર નથી. શુદ્ધ હકીકતમાં જે કળા છે તે નકામાં વિશેષણોથી ભરેલી હકીકતમાં નથી જ હોતી.'

તો આ હતો ગાંધીજીના સાહિત્યનો પ્રકાર. એ એવો કેમ થયો? તો ગાંધીજી પહેલા સેવક ને પછી લેખક છે. પોતાના જીવનનો હેતુ આત્મસાક્ષાત્કાર અને તેનું સાધન જનસેવા છે, એવું એમણે વારંવાર કહેલું છે. સત્યાગ્રહના શસ્ત્રની શોધ પણ એ માટે જ થઈ હતી. એના પ્રયોગમાં તેઓ આખા દેશનો સાથ ઈચ્છતા અને તે મેળવવાના સાધન તરીકે છાપાં શરૂ કર્યાં હતાં.

૧૯૧૯ના સપ્ટેમ્બરની ૭મી તારીખે 'નવજીવન'નો પહેલો અંક બહાર પડ્યો તેમાં 'અમારો ઉદ્દેશ' નામના લેખમાં ગાંધીજીએ લખ્યું હતું, 'સત્યાગ્રહ એ મારે માટે પોથી માંહેલું વેંગણ નથી. મારું તો એ જીવન છે. સત્ય વિના સર્વ મને તો શુષ્ક લાગે છે... એ સત્યની શોધ કરતાં હું સમજણો થયો ત્યારથી શીખ્યો છું. તેને સેવતાં ચાળીસ વર્ષ

વીત્યાં છે... પણ એવી શોધ કરતાં મને અનેક રત્નો મળ્યાં છે. તે મારે હિંદ સામે મૂકવાં છે. એની જાહેરખબરરૂપ આ 'નવજીવન' છે.'

આ જ લેખમાં એમણે આગળ લખ્યું છે, 'નવજીવન' મારે તો ખેડૂતોનાં ઝૂંપડાં અને વણકરોનાં ઘરોમાં પહોંચાડવું છે. મારે તેઓની ભાષામાં લખવું છે... ઘેર ઘેર સ્ત્રીઓ 'નવજીવન' વાંચે એમ હું હંમેશાં પ્રભુ પ્રત્યે માગીશ.'

ગાંધીજીનાં લખાણોનો એકંદર વિચાર કરતાં આપણે એમ કહી શકીએ કે એમની સત્યપ્રીતિ, અન્યાય સામેનો રોષ, તેને મિટાવવા પ્રાણને પણ હોડમાં મૂકવાની તત્પરતા, વિરોધી પ્રત્યેનો પણ અગાધ પ્રેમ, દીનદલિતો માટેની ઊંડી લાગણી અને એમની સ્થિતિ સુધારવાની તાલાવેલી અને ચિંતા – આ બધું એમનાં લખાણોમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થયેલું જોઈ શકાય છે. ગાંધીજીનું આખું વ્યક્તિત્વ એમની શૈલીમાં ઊતરી આવેલું છે, અને એ રીતે વૉલ્ટર પૅટરનું જાણીતું વાક્ય 'ધ સ્ટાઇલ ઇઝ ધ મૅન' એમની બાબતમાં પૂરેપૂરું ચરિતાર્થ થયું છે. એમણે કદી લખવાને ખાતર લખ્યું નથી. બલકે 'હિંદ સ્વરાજ'ની પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ ન રહેવાયું ત્યારે જ લખ્યું છે. અને તેમ છતાં એમણે અભિવ્યક્તિની સચોટતાનાં સર્વોચ્ચ શિખરો કેટલીક વાર સર કર્યાં છે.

'હિંદ સ્વરાજ' કરતાં 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ'માં તેમની ભાષા ક્યાંય આગળ વધી છે. ગાંધીજીનાં બધાં લખાણોમાં જેમાં સાહિત્યગુણ વધારેમાં વધારે હોય એવું પુસ્તક 'આત્મકથા' છે. સત્ય હંમેશાં એમના જીવનનું ચાલકબળ રહ્યું છે અને સત્યનિષ્ઠા જેવી જ તીવ્ર એમની સ્વમાનિતા છે. પ્રિટોરિયામાં ટિકિટ કલેક્ટરને હોટેલ વગેરેની માહિતી પૂછવાની હિંમત ચાલી નહોતી, 'કેમ કે અપમાનનો ડર હતો.' પ્રિટોરિયામાં સિપાઈએ લાત મારી પગથી(ફૂટપાથ) પરથી ઉતાર્યા એ પ્રસંગે એમને સમજાય છે કે 'સ્વામાન જાળવવા ઈચ્છનાર હિંદીને સારુ દક્ષિણ આફ્રિકા યોગ્ય મુલક નથી. મતાધિકાર છીનવી લેતા કાયદા વિશે કહે છે, 'આમાં સ્વમાનની હાનિ છે અને એથી જ એમણે જે લડત ઉપાડી તેને 'સ્વમાનની લડત' કહી છે.

આ સ્વમાનની વૃત્તિમાંથી જ અન્યાયનો સામનો કરવાની વૃત્તિ પ્રગટ થતી જોવા મળે છે. અનુભવોમાંથી તેમ વાંચનમાંથી પણ તેમણે ઘણી વસ્તુઓ અપનાવેલી છે, 'હું તો પગલે પગલે જે જે વસ્તુઓ જોઉં એના ત્યાજ્ય ને ગ્રાહ્ય એવા બે ભાગ પાડી દઉં અને જેને ગ્રાહ્ય વસ્તુ સમજું તે પ્રમાણે મારા આચારોને ઘડું.' અંતરના અવાજને અનુસરી તેઓ નિશ્ચય કરે છે અને નિશ્ચયનું બળ ઓછું પડે ત્યારે વ્રત લઈ લે છે. એમની પ્રયોગશીલતા અને અડગ આત્મવિશ્વાસનું મૂળ પણ આ જ છે.

છેવટે એમની સેવાની રીતનો ખ્યાલ આપવાનો રહે છે. ટૉલ્સટૉયની એક વાર્તા છે 'ત્રણ પ્રશ્નો.' એમાં સૌથી મહત્ત્વનો માણસ કયો? સૌથી મહત્ત્વનું કામ કયું? અને સૌથી મહત્ત્વનો સમય કયો? એવા ત્રણ પ્રશ્નો છે અને તેના જવાબ એ રીતે આપેલા છે કે તારી સામે હોય તે માણસ, હાથમાં આવી પડ્યું હોય તે કામ અને ચાલુ ક્ષણ એ જ મહત્ત્વનાં છે. ગાંધી આ પ્રમાણે વર્તતા લાગે છે.

(નગીનદાસ પારેખના બૃહદ લેખમાંથી સારવીને)

ગાંધીભારતી – આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંપર્ક: ૯૯૭૯૧ ૮૭૫૮૭, ૯૮૩૩૭૦૮૪૯૪, ૮૩૬૯૭૭૭૦૮૬
email: appliedgandhi150@gmail.com

## ૧૨. સંસ્થા સમાચાર (એપ્રિલ, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- વાપી-ઉમરગામમાં ગાલા ફાર્મમાં શ્રી મણિભાઈ ગાલા અને તેમના પરિવાર તરફથી એક વિશિષ્ઠ પ્રકારનો કાર્યક્રમ યોજાયો, 'રાષ્ટ્રમાતા કસ્તૂરબા ગાંધી સન્માન પારિતોષિક'. વિજ્ઞાન અને સર્વોદયના જાહેરજીવનમાં કાર્યરત એવા ચારેક મહાનુભાવોનાં ધર્મપત્નીઓનાં સન્માન ! આ કાર્યક્રમ અંતર્ગત તા.૩૧મીના રોજ લોકભારતી પરિવારના શ્રી અર્ચનાબહેન દવે આ સન્માન સ્વીકરાવા જઈ આવ્યાં. તેઓની સાથે શ્રી અરુણભાઈ દવે અને શ્રી સોનલબહેન પરીખ વક્તવ્ય આપવા અને શ્રી વિશાલભાઈ ભાદાણી કાર્યક્રમ સંચાલન અર્થે જઈ આવ્યા.
- તા.૩૧/૩ થી ૨/૪/૨૦૨૩ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો બાલવાડી શિબિર યોજાઈ ગયો. શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' પુસ્તક વિશે અભિમુખ કર્યા. શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી કાંતિભાઈ ગોઠીએ વિદ્યાર્થીઓની ભાગીદારી અને મહત્ત્વ વિશે અભિમુખ કર્યા. સમાપન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમૂરારિ ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં બાળશિક્ષણ ક્ષેત્રે કામ કરતા ભાવનગર યુનિવર્સિટીના શ્રી દિક્પાલસિંહ, શ્રી મહાવીરસિંહ તેમજ ભાવનગર દક્ષિણામૂર્તિના કાર્યકરો દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા. શિબિર સંચાલનમાં શ્રી પૂંજાભાઈ મકવાણા, શ્રી વિશાલભાઈ જોશી અને શ્રી યોગેશભાઈ ત્રિવેદી ભાગીદાર થયા.
- શ્રી અર્ચનાબહેન દવેને ઉમરગામ મુકામે જે રાષ્ટ્રમાતા કસ્તુરબા સન્માન મળેલ છે, તે અન્વયે તા.૦૪ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને તેમને અભિનંદન આપવાનો અને હરખ વ્યક્ત કરવાનો નાનકડો ઉપક્રમ ગોઠવાયો.
- તા.૦૫ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક મંડળની બેઠકો યોજાઈ ગઈ.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૫ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૩ નો વર્ગ પ્રારંભ શ્રી ભદ્રાયુ વચ્છરાજાની ઉપસ્થિતમાં યોજાઈ ગયો.
- તા.૫ અને ૬ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષના વિદ્યાર્થીઓ બે દિવસ માટે વિષય શિક્ષણના ભાગરૂપે શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી ધીરુભાઈ રાઠોડ સાથે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના અભ્યાસ માટે જઈ આવ્યા.
- લોકભારતીની સાયં પ્રાર્થનાના પ્રથમ ત્રણ સંસ્કૃત શ્લોકની શાસ્ત્રીય સમજ લોકભારતી યુનિવર્સિટીના કુલસચિવશ્રી રાજેન્દ્રભાઈ ચોટલિયાએ ત્રણેક દિવસ સાયં પ્રાર્થના પછી બહુ સરસ અને આગવી રીત રજૂ કરી.
- તા.૦૯ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વિદ્યામંડળની બેઠકો યોજાઈ ગઈ.
- તા.૧૧ના રોજ પૂ. મોરારિબાપુની લોકભારતીમાં થનારી આગામી કથાના આયોજનના ભાગરૂપે તેઓના પ્રતિનિધિઓ શ્રી ચીમનભાઈ વાઘેલા અને શ્રી ભરતભાઈ ચાંદ્રાણી સ્થળનો સર્વે તથા સ્થાનિક પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા આવી ગયા.

- તા. ૧૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના તમામ વિદ્યાર્થીઓ અને કાર્યકરોનો સમૂહભોજનનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં સંસ્થાના સૌ વડીલો પણ ભાગીદાર થયા. આ કાર્યક્રમની વ્યવસ્થામાં શ્રી નીતિનભાઈ, શ્રી રેખાબહેન, શ્રી કાળુભાઈ, શ્રી કિશોરભાઈ, શ્રી મિલનભાઈ તથા સૌ કાર્યકરો ભાગીદાર થયા.
- પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ-મુંબઈના દસેક ચિફ એક્ઝીક્યૂટીઝની એક ટીમ શ્રી સતીષભાઈ સોંતાકીના નેતૃત્વ તળે તા.૧૨ અને ૧૩મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. તેઓ સૌ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્ન થયાં. તેઓ તા.૧૨મીએ સાયં પ્રાર્થનામાં પણ ઉપસ્થિત રહ્યા.
- તા.૧૨ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવી.
- તા.૧૫ અને ૧૬મીના રોજ લોકભારતીના શુભેચ્છક શ્રી મનોજ્ઞાબહેન દેસાઈના પરિવારજનો લોકભારતીની મુલાકાતે આવી ગયા તેમણે- પુસ્તકો સંસ્થાને ભેટ આપ્યા.
- કૃષિવિજ્ઞાન કેન્દ્ર દ્વારા ભાવનગર જિલ્લાના રાસાયણિક ખાતર વિક્રેતાઓની તા.૧૭થી ૧૫ દિવસ માટેની તાલીમ યોજાઈ.
- જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા આયોજિત ત્રિ-દિવસીય તાલીમી કાર્યક્રમમાં ભાગ લેવા માટે કૃષિવિજ્ઞાન કેન્દ્રમાંથી શ્રી શીલાબહેન બોરીચા, શ્રી સરોજબહેન ચૌધરી અને શ્રી પરેશભાઈ રાઠોડ જૂનાગઢ જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૮ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ– ૨૪૩ ના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતમાં યોજાઈ ગયો.
- લોકભારતીના શુભેચ્છક અને અસ્પી ફાઉન્ડેશનના માલિક શ્રી જતિનભાઈ શરદભાઈ પટેલ તા.૧૯ના રોજ સંસ્થાની પ્રથમ ટૂંકી મુલાકાતે પરિવાર સાથે આવી ગયા.
- તા.૧૯ના લોકભારતી અધ્યાપન મંદિરમાં દ્વિતીય વર્ષ ડી.એલ.એડ.નો દીક્ષાંત-શુભેચ્છા કાર્યક્રમ યોજાયો. જેમાં શ્રી અરુણભાઈ, શ્રી રામચંદ્રભાઈ, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી જગદીશગિરિ ગોસાઈએ તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી તેમજ તાલીમાર્થી ભાઈ બહેને પોતાના અનુભવો વાગોળ્યા. વર્ષ દરમ્યાન છાત્રાલય જીવનમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હોય તેવા દસ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા.
- તા.૨૨ના રોજ શ્રી મહેન્દ્રસિંહજી પરમારની સાથે જાણીતાં લેખિકા શ્રી રસીલાબહેન કડિયા લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં. તેઓએ સાયં પ્રાર્થનામાં હાજરી પણ આપી અને ટૂંકું સંબોધન પણ કર્યું.
- લોકભારતીને હિસાબી અને વહીવટી માર્ગદર્શન અર્થે નિયમિત રીતે આવતા પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝના સી.એ. શ્રી ભાવિકભાઈ દવે તા.૨૬ અને ૨૭ના રોજ બે દિવસ આવી ગયા. આ દરમિયાન તા.૨૬ના રોજ લોકભારતીના સમગ્ર હિસાબનીશોની નવા હિસાબી સોફ્ટવેર ટેલી અંગેની એક તાલીમ રાખવામાં આવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૬ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૪ નો વર્ગ પ્રારંભ શ્રી હસમુખભાઈ દેવમુરારિની ઉપસ્થિતમાં યોજાઈ ગયો.
- તા.૨૭ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષ બી.આર.એસ.ના અને બી. વૉક. વિદ્યાર્થીઓ માટે વિદાય શુભેચ્છા કાર્યક્રમ યોજાઈ ગયો. શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી

કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી જયવંતસિંહભાઈ તેમજ અન્ય કાર્યકરો અને વિદ્યાર્થીઓ જોડાયા.

- લોકભારતી કાર્યકર વીમા યોજનાની વાર્ષિક સામાન્ય સભા તા.૨૯ના રોજ સાંજે શ્રી યોગેશભાઈ ત્રિવેદીના પ્રમુખસ્થાને મળી ગઈ. મંત્રી શ્રી વાસુદેવભાઈ મહેતાએ વાર્ષિક હિસાબો અને અન્ય બાબતો રજૂ કરી. શ્રી અરુણભાઈ દવેએ પ્રોત્સાહન પૂરું પાડ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં વર્ષોથી વ્યાખ્યાન આપવા આવતા શ્રી એન. કે. વૈષ્ણવસાહેબનું અવસાન થતાં પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં પ્રાર્થનાના અનુસંધાને શ્રદ્ધાંજલી અર્પણ કરેલ તેમજ તેમના પરિવારને સાંત્વના આપવા શ્રી ગિરીશભાઈ દવે ભાવનગર જઈ આવ્યા.
- શ્રી અરુણભાઈ દવે પરિવાર સાથે ઉમરગામ ખાતે યોજાયેલ સન્માન સ્વીકારવા તા. ૩૧,૧,૨ અને ૩જી એમ જઈ આવ્યા. નજીકમાં નારગોલની મુલાકાત લીધી અને આ.શ્રી ગફુરભાઈ બિલખિયા અને સુપા ફાર્મ ખાતે આ. શ્રી મોહનભાઈ પટેલને પણ મળવા જઈ આવ્યા. રો-રો ફેરીનો અનુભવ પણ લીધો. તા. ૧૨થી ૧૪ માઈધાર ખાતે ચાલી રહેલાં બાંધકામ અને વર્ષાંતે પૂરા કરવાના હિસાબો સંદર્ભે રહી આવ્યા. તા. ૨૧થી ૨૩ સુરત ખાતેની નાલંદા ગુરુકુળ વિદ્યાલયના ૨૫માં વર્ષની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ભાગીદારી કરી ધન્યતા અનુભવી. તા. ૨૮મીએ ભાવનગર ખાતે 'મૂલ્યનિષ્ઠ અધ્યાપકોનો વિદ્યાર્થી પર પ્રભાવ' વિષે વ્યાખ્યાન આપી આવ્યા અને તા. ૩૦મીએ માઈધાર ખાતે વાલી સંમેલનને સંબોધન કરી આવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ ધો. ૦૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા યોજાઇ ગઈ.
- તા. ૧૫ના રોજના સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના આર્થિક સહયોગથી મફત છાશ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું.
- તા.૧૨ના રોજ રાયપુર છત્રીસગઢથી ભૂતપૂર્વ વિદ્યાર્થી નંદલાલ બેચરભાઈ ટાંક સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૧૩ના રોજ આસામથી ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી હરેશભાઈ ભટ્ટ સંસ્થા મુલાકાતે આવી ગયા. શ્રી લાલજીભાઈને મળી આનંદ વ્યક્ત કર્યો.
- ખૂબ જ આનંદના સમાચાર છે કે ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાને ધો.૧થી ૫ અને ધો.૬થી ૦૮ની બિનઅનુદાનિત પ્રાથમિક શાળાની મંજૂરી મળી ગયેલ છે.

**મણાર સમાચાર**

- આ માસના પ્રથમ દિવસે ધો.૯ અને ધો.૧૧ના છાત્ર-છાત્રાઓના છાત્રાલય પ્રવેશ માટે લેખિત પરીક્ષા લેવામાં આવી. જેમાં ૧૧૦ છાત્રો તથા ૯૪ છાત્રાઓ જોડાઈ. મેરીટ પ્રમાણે ૩૦ છાત્રા અને ૩૦ છાત્રોને પ્રવેશ આપવામાં આવ્યો.
- ધો.૧૧ના છાત્રાઓની ગૃહવિજ્ઞાન વિષયની પ્રેક્ટીકલ પરીક્ષા લેવામાં આવી. તેમાં નાળીયેરીના પાનમાંથી સળીઓ કાઢી ઊભા સાવરણા દરેક છાત્રાએ બનાવ્યાં.
- તા.૦૪ના રોજ ભાવનગર જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વ્યાસ સાહેબ સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- તા.૨૯ના રોજ ધો.૯ તથા ધો.૧૧નું વાર્ષિક પરિણામ જાહેર કરવામાં આવ્યું.
- તા ૨૩ના રોજ ભાવનગરના ખ્યાતનામ ડોક્ટર અને અહીંના પૂર્વવિદ્યાર્થી ડો.લાઠીયાસાહેબ તેમના પરિવાર સાથે તેમજ પૂર્વવિદ્યાર્થી શ્રી લીલીબહેન સંસ્થા મુલાકાતે આવી ગયા.
- આસામમાં આદિવાસી વિસ્તારમાં વરસોથી કામ કરતા અને અહીના પૂર્વવિદ્યાર્થી શ્રી હરેશભાઈ

ભટ્ટ તેમના પરિવાર સાથે શ્રી લાલજીભાઈ અને શ્રી નર્મદાબહેન સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.

- મોજીલા શિક્ષણ અંતર્ગત ઉનાળું વેકેશનમાં સોસીયા , જસપરા , માંડવા , ભારાપરા , મથાવાડા ,અલંગ વગેરે ગામોમાં ગ્રીષ્મશિબિરનું આયોજન કરવામાં આવ્યું .
- કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રનાં સીવીડ (દરિયાઇ શેવાળ ) પ્રોજેક્ટ અંતર્ગત ૬૦૦ કિલો શેવાળનું બીજ ઉત્પન્ન કરવામાં આવ્યું . જેનું વિતરણ મીઠીવીરડી એસ.એચ.જી. ગ્રુપની મહિલાઓમાં કરવામાં આવ્યું . જેમાં ગુજરાત સરકારે રાજ્યમાં પ્રથમવાર સીવીડ માટે સબસીડી મંજૂર કરી, જે ગુજરાત રાજ્યમાં પ્રથમ ઘટના છે .
- સંસ્થાની ખેતીમાં આ વર્ષે પ્રથમ વાર 'સેલમ ' નામની હળદર ૩ વિધામાં વાવવામાં આવી. જેનું પ્રોત્સાહક ઉત્પાદન મળેલ છે. વાવણીથી માંડી હળદરનો પાવડર બનાવવાની સઘળી પ્રોસેસ શ્રી કરણભાઈ બારડના માર્ગદર્શન નીચે કરવામાં આવી .
- 'વન વીક વન લેબ ' કાર્યક્રમ સેન્ટ્રલ સોલ્ટ ભાવનગરમાં યોજાયો જેમાં ડો. વીરેન્દ્રસિંગનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું તેમને મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા .

**માઈધાર સમાચાર**

- તા. ૧૩ના રોજ મુંબઈથી પિડિલાઇટની ટીમ માઈધાર મુલાકાતે આવી ગઈ.
- તા. ૧૭ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી ભૌતિકભાઈ લીંબાણી પરિવાર સાથે માઈધાર કેન્દ્ર મુલાકાતે આવી ગયાં.
- તા.૨૨ના રોજ હળવદ તાલુકાના શ્રી હરદેવસિંહ બી.આર.સી. (પ્રજ્ઞાવિભાગ), શ્રી બળદેવભાઈ, શ્રી હિતેશભાઈ (સી.આર.સી.) સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૨૨ના રોજ આંબલાના પૂર્વ કાર્યકર શ્રી લાલજીભાઈ અને શ્રી નર્મદાબહેન, આસામથી શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી મિલનીબહેન ભટ્ટ, શ્રી વરુણભાઈ ભટ્ટ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા. ૨૪ના રોજ લોકભારતીથી ભૌતિકભાઈ લીંબાણી દ્વારા ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓ સાથે સ્પોકન ઈંગ્લીશનો વર્કશોપ યોજાઈ ગયો.
- તા. ૨૫ના રોજ મોજીલું શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પાલીતાણા યશોવિજયજી ગુરુકુળ સ્કુલના વિદ્યાર્થીઓ સાથે ગ્રીષ્મશિબિર યોજાઈ.
- તા. ૨૫ અને ૨૬ના રોજ ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓની વાંચનશિબિર યોજાઈ. શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ બન્ને દિવસ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યા. વિદ્યાર્થીઓ દ્વારા વાંચન અભિવ્યકિત થઈ.
- તા.૩૦ના રોજ વાલીમિલન યોજાયું. જેમાં શ્રી કલ્યાણભાઈ ડાંગરે અને શ્રી અરુણભાઈ દવેએ વાલીગણને પ્રાસંગિક વાતો કરી.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતી સાથે વર્ષો જુનો સબંધ ધરાવતા તથા મહેમાન વ્યાખ્યાતા તરીકે પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં વર્ષોથી વ્યાખ્યાન આપવા આવતા નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારીશ્રી એન. કે. વૈષ્ણવસાહેબનું તા. ૧૫ના રોજ દુઃખદ અવસાન થયું.
- શ્રી પ્રવીણભાઈ મહેતાના નાનાબહેન શ્રીમતી દક્ષાબહેનનું તા. ૨૪ના રોજ અવસાન થયું.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

# સન્માનિત થતી 'લોકભારતી'






શ્રીમતી બિંદુબહેન પાર્થેશભાઈ પંડ્યાનું અભિવાદન





શ્રીમતી અર્ચનાબહેન અરુણભાઈ દવેનું અભિવાદન





શ્રીમતી દેવિકાબહેન જિતેન્દ્રભાઈ(લોકભારતીની અનેક પ્રવૃત્તિઓના માર્ગદર્શક, શુભેચ્છક અને પ્રવાસી વ્યાખ્યાતા) રાવળનું અભિવાદન




To.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-